અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવો સુદ ૧૪ | અંક : ૬૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**નિર્મલા સીતારમણની સ્પષ્ટતા** I GST કાઉન્સિલની બેઠક મુખ્યત્વે બે દિવસ માટે નક્કી કરવામાં આવી હતી, પરંતુ તે એક જ દિવસમાં પૂર્ણ થઈ ગઈ

# વડાપ્રધાન મોદીએ ૮ મહિના પહેલાં GSTમાં સુધારા અંગે ચર્ચા કરી હતી

I (એજન્સી) મુંબઈ, તા.૫ I

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા ખાતેથી સ્વતંત્રતા દિવસના અવસરે GSTમાં સુધારાની જાહેરાત કરી હતી. આનાથી ઘણા લોકોને એવું લાગ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય સામાન પર લાદવામાં આવેલા ટેરિફની અસરથી દેશની અર્થવ્યવસ્થા (India's Economy)ને બચાવવા માટે જ વડાપ્રધાન મોદીએ આ જાહેરાત કરી. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ખુલાસો કર્યો કે વડાપ્રધાન મોદીએ ૮ મહિના પહેલાં તેમની સાથે થયેલી એક બેઠકમાં GSTમાં સુધારા અંગે ચર્ચા કરી હતી.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, GST કાઉન્સિલની બેઠક મુખ્યત્વે બે દિવસ માટે નક્કી કરવામાં આવી હતી, પરંતુ તે એક જ દિવસમાં પૂર્ણ થઈ ગઈ. આવું ત્યારે થયું જ્યારે ઘણા રાજ્યોએ કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ સંભવિત આવકના નુકસાનને લઈને ચિંતા વ્યક્ત કરી હતી.

નોંધનીય છે કે, તમાકુ અને તમાકુ સાથે સંકળાયેલી પ્રોડક્ટ્સ સિવાય, જીએસટીના તમામ નવા દરોમાં ફેરફાર ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થશે. આ નવરાત્રીના પ્રથમ દિવસથી લાગુ થવા જઈ રહ્યા છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, આ ૫હેલીવાર છે જ્યારે કેન્દ્ર સરકારે વળતર ઉપકર અને જીએસટી પર એક વ્યાપક પ્રસ્તાવ પર વિચાર કર્યો છે. નાના વ્યવસાયો માટે વેપાર કરવાની સરળ રીત, મધ્યમ વર્ગ, કરદાતાઓ અને દરેક ભારતીય નાગરિકનું કોઈને કોઈ રીતે સન્માન કરવું એ જ આ સુધારાઓનો હેતુ છે. નિર્મલા સીતારમણે કહ્યું કે,




આ સુધારાઓનો ઉદ્દેશ GST દરોમાં ઘટાડો અને સ્લેબ ઘટાડીને સામાન્ય લોકો પર ટેક્સનો બોજ ઘટાડવાનો છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'જીએસટીના દરો ઘટાડવા માટે દોઢ વર્ષ પહેલાં ગ્રૂપ ઑફ મિનિસ્ટર્સ(GoM)ની રચના કરવામાં આવી હતી. આ ગ્રૂપમાં કર્ણાટક અને બિહાર જેવા રાજ્યોના મંત્રીઓ સામેલ હતા, જેઓ સતત કામ કરી રહ્યા હતા. અમે ૩૦૦થી વધુ વસ્તુઓ પર દરો ઘટાડ્યા છે અને આ નિર્ણય એક દિવસમાં ન લઈ શકાય. જનતા પરનો બોજ ઓછો કરવા માટે દરેક ચીજ-વસ્તુ પર વારંવાર ચર્ચા કરાઈ હતી, જેમાં સમય લાગ્યો હતો, તેથી તેને ટ્રમ્પના ટેરિફ કે મોંઘવારી દર સાથે જોડી શકાય નહીં.

નોંધનીય છે કે, GST કાઉન્સિલની ૫૬મી બેઠકમાં ૮ વર્ષ જૂની જીએસટી સિસ્ટમમાં મહત્ત્વના ફેરફારોને મંજૂરી આપવામાં આવી છે.

આ બેઠક બુધવારે યોજાઈ હતી અને ૧૦ કલાક કરતા વધારે સમય સુધી ચાલી હતી. આ બેઠકમાં GSTના હાલના ચાર સ્લેબ (5%, 12%, 18% અને 28%)ની જગ્યાએ હવે માત્ર બે મુખ્ય સ્લેબ - 5% અને 18% રાખવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત ખૂબ મોંઘી વસ્તુઓ, તમાકુ અને હાનિકારક વસ્તુઓ પર 40%નો ખાસ ટેક્સ લાગશે. આ નવા નિયમો ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (નવરાત્રિના પ્રથમ દિવસ) થી લાગુ થશે. જોકે, તમાકુ અને તેની સાથે સંકળાયેલી પ્રોડક્ટ્સ પર આ ફેરફારો બાદમાં અમલમાં આવશે. આ બેઠક બુધવારે યોજાઈ હતી અને ૧૦ કલાક કરતા વધારે સમય સુધી ચાલી હતી. આ બેઠકમાં GSTના હાલના ચાર સ્લેબ (5%, 12%, 18% અને 28%)ની જગ્યાએ હવે માત્ર બે મુખ્ય સ્લેબ - 5% અને 18% રાખવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત ખૂબ મોંઘી વસ્તુઓ, તમાકુ અને હાનિકારક વસ્તુઓ પર 40%નો ખાસ ટેક્સ લાગશે. આ નવા નિયમો ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ (નવરાત્રિના પ્રથમ દિવસ)થી લાગુ થશે. જોકે, તમાકુ અને તેની સાથે સંકળાયેલી પ્રોડક્ટ્સ પર આ ફેરફારો બાદમાં અમલમાં આવશે.

# સોનાનો ભાવ ફરીવાર વધીને ૧,૧૦,૦૦૦ની ઐતિહાસિક ટોચે


I નવી દિલ્હી, તા.૫ I

અમેરિકામાં મંદીની ભીતિ અને ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાની તીવ્ર શક્યતાઓ વચ્ચે કિંમતી ધાતુના ભાવ રોજ નવી ઊંચાઈ આંબી રહ્યા છે. અમદાવાદમાં આજે સોનું ફરી નવી રૂ. ૧,૧૦,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચે ૫હોંચ્યું હતું. જે છેલ્લા પાંચ દિવસમાં રૂ. ૫૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ મોંઘું થયું છે. બીજી તરફ ચાંદીમાં પ્રોફિટ બુકિંગ વધ્યું છે. ચાંદી આજે તેની રેકોર્ડ ટોચથી રૂ. ૩૦૦૦ તૂટી રૂ. ૧,૨૨,૦૦૦ પ્રતિ કિગ્રા પર ક્વોટ થઈ છે. ફેડ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાના સંકેતો અને જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના કારણે કિંમતી ધાતુમાં રોકાણ વધી રહ્યું છે. હેજિંગ માટે સોનાની માગ વધી છે. ગોલ્ડ ઈટીએફ પ્રવાહ પણ ઝડપથી વધ્યો છે. જેથી વૈશ્વિક સ્તરે સોનું ૪૦૦૦ ડૉલર થવાની શક્યતા નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહી છે. સ્થાનિક બજારમાં સોનું ૨૮ ઑગસ્ટે સોનું રૂ. ૧૦૪૬૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચ નોંધાવ્યા બાદ સતત ઉછાળા સાથે રોજ નવી સર્વોચ્ચ ટોચ બનાવી રહ્યું છે.

# 'યુદ્ધ રોકવામાં ભારતની ભૂમિકા પર ભરોસો':યુક્રેન

I (એજન્સી) નવી દિલ્હી, તા.૫ I

અમેરિકાના પ્રયાસો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની એક બાદ એક બેઠકો છતાં યુક્રેન અને રશિયા યુદ્ધ રોકાઈ રહ્યું નથી. બંને દેશો પોતપોતાની શરતો મુદ્દે જીદ કરી રહ્યા છે. એવામાં હવે યુક્રેને એવું નિવેદન આપ્યું છે, જેનાથી ડોનાલ્ડ ટ્રમ્પ ભારતથી ઈર્ષ્યા કરશે. પહેલેથી જ રશિયાથી ઓઈલ ખરીદવા મામલે ટ્રમ્પ ભારત પર દબાણ કરી રહ્યા છે અને ૫૦ ટકા ટેરિફની જાહેરાત પણ કરી છે. એવામાં યુક્રેનના વિદેશમંત્રી સિબિહાને ભરોસો છે કે યુદ્ધ રોકાવવામાં ભારત જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુરુવારે ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર અને યુક્રેનના વિદેશમંત્રી આન્દ્રેઈ સિબિહાએ ટેલિફોનિક



વાતચીત કરી હતી. વાતચીત બાદ જયશંકરે કહ્યું કે ભારત યુક્રેન સંઘર્ષ વહેલામાં વહેલી તકે સમાપ્ત કરી શાંતિ સ્થાપનાનું સમર્થન કરે છે. સિબિહાએ કહ્યું કે તેમણે યુદ્ધની વર્તમાન સ્થિતિ અને શાંતિ સ્થાપના માટે યુક્રેનના પ્રયાસો અંગે જયશંકરને માહિતી આપી. તેમણે પોસ્ટ કરી કહ્યું, કે 'અમે યુદ્ધની પૂર્ણ સમાપ્તિ અને આંતરરાષ્ટ્રીય શાંતિ પ્રયાસોમાં ભારતની સક્રિય ભૂમિકા પર ભરોસો કરીએ છીએ.' યુક્રેનના વિદેશમંત્રીએ એમ પણ કહ્યું કે બંને નેતાઓ આ જ મહિને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન મુલાકાત કરશે. નોંધનીય છે કે હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનના પ્રવાસે ગયા હતા. જ્યાં તેમણે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક તથા લાંબી ચર્ચા કરી હતી. આ મુલાકાતમાં પુતિન-ટ્રમ્પની મુલાકાત તથા યુક્રેન સંઘર્ષ કેમ રોકી શકાય તે અંગે વિસ્તારથી ચર્ચા થઈ હતી. અગાઉ PM મોદીએ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી હતી.

# મણિપુરમાં બે વર્ષે શાંતિ પ્રયાસો સફળ નેશનલ હાઇવે ખૂલતા લોકોને રાહત

I (એજન્સી) નવી દિલ્હી,તા.૫ I

કોમી રમખાણનો ભોગ બનેલા મણિપુરમાં લાંબા સમય પછી શાંતિનો સૂરજ ઉગ્યો છે. મણિપુરના બે જાણીતા સંગઠન કુકી-ઝો ગ્રુપે ગુરુવારે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય સાથે મણિપુરની અખંડતા જાળવી રાખવા સાથ રાજ્યમાં શાંતિ અને સ્થિરતા લાવવા માટેના કરાર કર્યા છે. તેના પગલે મણિપુરની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે તેની ધોરી નસ સમાન કહેવાતો નેશનલ હાઈવે-ટુ ખૂલ્યો છે. કુકી નેશનલ ઓર્ગેનાઈઝેશન (કેએનઓ) અને યુનાઈટેડ પીપલ્સ ફ્રન્ટ (યુપીએફ) બંનેએ કેન્દ્રના શાંતિ પ્રયત્નોનો હકારાત્મક પ્રતિભાવ આપ્યો છે. તેઓ તેમના શસ્ત્રો કેન્દ્રીય દળો અને બીએસએફને સોંપી દેવા તૈયાર થયા છે. તેની સાથે કેન્દ્રીય દળોની સાથે મળીને આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા જાળવવાની ખાતરી આપી છે. તેની સાથે કેન્દ્રએ પણ તેમના વિસ્તારોમાં આવીને રહેતા વિદેશી તત્વોને ઓળખીને ત્યાંથી બહાર કાઢવાની ખાતરી આપી છે અને તેમા તેઓનો સહયોગ પણ માંગ્યો છે.આના પગલે આગામી સપ્તાહમાં તારીખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુરની મુલાકાતે પણ જાય તેમ માનવામાં આવે છે. જો કે આ શાંતિ કંઈ રાતોરાત સ્થપાઈ નથી. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને કુકીઓના આ બંને મોટા સંગઠન વચ્ચે શ્રેણીબદ્ધ બેઠકો પછી શાંતિ સ્થાપવાનો માર્ગ મોકળો થયો છે. મણિપુરમાં ત્રીજી મે ૨૦૨૩થી વંશીય હિંસા જારી છે. બહુમતી મેતૈઈ કમ્યુનિટીએ શેડયુલ્ડ ટ્રાઈબ (એસટી)નો દરજ્જો માંગતા તેના વિરોધમાં થયેલી કૂચ પછી આ હિંસા ફાટી નીકળી હતી. આ હિંસામાં અત્યાર સુધી કુકી અને મૈતેઈની સાથે સુરક્ષા દળો સહિત ૨૬૦ના મોત થયા છે.ગૃહ મંત્રાલયે જારી કરેલા નિવેદનમાં જણાવાયું છે કે કુકી-જો કાઉન્સિલે ભારત સરકાર તરફથી જારી સુરક્ષા દળો સાથે મળીને નેશનલ હાઈવે-ટુ પર શાંતિ જાળવી રાખવાનું વચન આપ્યું છે. આના કારણે મણિપુરના લોકોને હવે તેમની દૈનિક જરૂરિયાતો પૂરી કરવામાં મદદ મળશે. મે ૨૦૨૩થી મૈતેઈ-કુકી તનાવના કારણે આ રસ્તા પર આવાગમન ઠપ્પ હતું. આ તનાવના લીધે હજારો લોકો બેઘર થઈ ગયા હતા અને રાહત શિબિરોમાં રહેવાની ફરજ પડી હતી. હવે શાંતિ સ્થપાતા તેઓના પુર્નવસવાટ પર પણ ધ્યાન કેન્દ્રિત કરાશે.

# પાકિસ્તાનથી ૪૦૦ કિલો RDX સાથે ૧૪ આંતકવાદીઓ ઘૂસ્યા

I (એજન્સી) નવી દિલ્હી, તા.૫ I

મુંબઈને ફરી એકવાર બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી છે. આ વખતે સ્યુસાઈડ બોમ્બિંગ એટલે કે, હ્યુમન બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે. આ ધમકી ભરેલો મેસેજ મુંબઈની ટ્રાફિક પોલીસના વોટ્સએપ નંબર પર મોકલવામાં આવી છે. અનંત ચતુર્દશીના દિવસે આ ધમકી મળતા પોલીસ પણ સતર્ક થઈ ગઈ છે.

મેસેજમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૩૪ ગાડીઓમાં હ્યુમન બોમ્બ લગાવવામાં આવ્યા છે અને વિસ્ફોટ બાદ આખી મુંબઈ હલી જશે. ધમકીમાં લશ્કર-એ-જેહાદી નામના સંગઠનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં દાવો કરાયો છે કે, ૧૪ પાકિસ્તાની આતંકવાદી ભારતમાં ઘુસી ગયા છે.

મેસેજમાં કહેવામાં આવ્યું કે, ૪૦૦ કિલો RDXના



વિસ્ફોટથી ૧ કરોડ લોકો જીવ ગુમાવશે. મુંબઈ પોલીસ આ ધમકી મળતાની સાથે જે હાઈ એલર્ટ પર છે. નોંધનીય છે કે, આ પહેલીવાર નથી જ્યારે મુંબઈને માસ લેવલ પર બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી હોય. આ પહેલા પણ અનેકવાર પોલીસ કંટ્રોલ રૂમમાં કોલ દ્વારા અથવા પોલીસના નંબર પર મેસેજ કરીને આવી ધમકીઓ આપવામાં આવી હતી. જોકે, આ વખતે ધમકી ખૂબ જ ગંભીર છે અને લાખો લોકોને ટાર્ગેટ કરવાની વાત કહેવામાં આવી છે. આજથી આશરે બે અઠવાડિયા પહેલા, વારલીની ફોર સિઝન હોટેલમાં બ્લાસ્ટની વોર્નિંગ આપવામાં આવી હતી. આ પહેલાં ૧૪ ઓગસ્ટે પોલીસને ફોન કરીને કહેવામાં આવ્યું હતું કે, એક ટ્રેનમાં બ્લાસ્ટ થશે અને પછી તરત ફોન કટ થઈ ગયો. ન તો સમય જણાવવામાં આવ્યો ન લોકેશનની જાણકારી આપવામાં આવી. જોકે, પોલીસે ગંભીરતાથી આ મુદ્દે તપાસ કરી હતી પરંતુ કંઈ શંકાસ્પદ વસ્તુ મળી નહતી. મુંબઈને હચમચાવી દેનારી બીજી એક ધમકી ૨૬ જુલાઈએ મળી હતી. આ ધમકીમાં કહેવામાં આવ્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસને બોમ્બથી ઉડાડી દેવામાં આવશે. ધમકી આપનારનું સ્પષ્ટરૂપે કહેવું હતું કે, સ્ટેશન પર બોમ્બ મૂકવામાં આવશે, જેનાથી મુસાફરના જીવને જોખમ થઈ શકે છે. પોલીસને આ દરમિયાન પણ તપાસમાં કશું જ શંકાસ્પદ ન હતું મળ્યું. પોલીસે ગંભીરતાથી આ મુદ્દે તપાસ કરી હતી પરંતુ કંઈ શંકાસ્પદ વસ્તુ મળી નહતી. મુંબઈને હચમચાવી દેનારી બીજી એક ધમકી ૨૬ જુલાઈએ મળી હતી. આ ધમકીમાં કહેવામાં આવ્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસને બોમ્બથી ઉડાડી દેવામાં આવશે. ધમકી આપનારનું સ્પષ્ટરૂપે કહેવું હતું કે, સ્ટેશન પર બોમ્બ મૂકવામાં આવશે, જેનાથી મુસાફરના જીવને જોખમ થઈ શકે છે. પોલીસને આ દરમિયાન પણ તપાસમાં કશું જ શંકાસ્પદ ન હતું મળ્યું.

# ટ્રમ્પે ફરી પલટી મારી : જાપાન પર ૨૫થી ઘટાડી ૧૫ ટકા કર્યો ટેરિફ

I (એજન્સી) નવી દિલ્હી, તા.૫ I

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે નવા અમેરિકા-જાપાન વેપાર કરારને લાગુ કરવા માટે કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે આ 'અમેરિકા-જાપાન વેપાર સંબંધોને એક નવા યુગની શરૂઆત' જણાવ્યું હતું. આ આદેશમાં જાપાન પાસેથી કરવામાં આવતી તમામ આયાતો પર ૧૫ ટકા બેઝલાઈન ટેરિફ લગાવવામાં આવ્યો છે. જોકે, ઓટોમોબાઈલ અને ઓટો પાર્ટ્સ, એરોસ્પેસ ઉત્પાદનો, જેનેરિક દવાઓ અને ઘરેલુ સ્તર પર હાજર ન હોય તેના પ્રાકૃતિક સંસાધનોને સેક્ટર-સ્પેસિફિક છૂટ આપવામાં આવી છે. જોકે, શરૂઆતી સમયમાં ટ્રમ્પ વહીવટી તંત્રએ જાપાન અને સાઉથ કોરિયા પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. વચ્ચે વેપાર કરાર પર અમેરિકા અને જાપાનની વાટાઘાટો પણ અટકી ગઈ હતી. પરંતુ, હવે આખરે ટ્રમ્પ વહીવટી તંત્રએ ૧૫ ટકા બેઝલાઈન ટેરિફ જાપાન પર લગાવવા પર મહોર મારી દીધી છે. વ્હાઈટ હાઉસે પોતાના એક નિવેદનમાં કહ્યું કે, 'આ કરાર હેઠળ, અમેરિકા આવતી તમામ જાપાની આયાતો પર ૧૫ ટકા બેઝલાઈન ટેરિફ લાગશે. આ માળખું પારસ્પારિક સિદ્ધાંતો અને બંનેના રાષ્ટ્રીય હિતો પર આધારિત છે.'આ કરારની સૌથી ખાસ વિશેષતાઓમાંથી એક જાપાન દ્વારા અમેરિકામાં ૫૫૦ અબજ ડૉલરનું રોકાણ કરવાનું વચન છે, જેને અમેરિકન ઈતિહાસમાં કોઈપણ અન્ય કરારથી અલગ જણાવવામાં આવ્યું છે. વ્હાઈટ હાઉસે કહ્યું કે, આ રોકાણથી રોજગાર પેદા થશે, મેન્યુફેક્ચરિંગનો વિસ્તાર થશે અને નેશનલ સિક્યોરિટી મજબૂત થશે. આ કરાર હેઠળ જાપાન યુએસ-મેડ કોમર્શિયલ એરક્રાફ્ટ, ડિફેન્સ ઈક્વિપમેન્ટ અને ચોખા, મકાઈ, સોયાબીન, ઉર્વરક અને બાયોએથેનોલ સહિત અબજો ડોલરની કિંમતના કૃષિ ઉત્પાદનો ખરીદવા માટે પ્રતિબદ્ધ છે. જાપાને ન્યૂનતમ ઍક્સેસ યોજના હેઠળ ચોખાની આયાતમાં ૭૫ ટકાનો વધારો કરવા સંમતિ આપી છે,

**ઘર ખરીદનારા માટે મોટો નિર્ણય**

# રિયલ એસ્ટેટ ક્ષેત્રે છેતરપિંડી રોકવા માટે ડિજિટલ ડેટાબેઝ તૈયાર કરાશે

I (એજન્સી) નવી દિલ્હી, તા.૫ I

સરકાર ટૂંક સમયમાં એક ડિજિટલ ડેટાબેઝ શરુ કરવા જઈ રહી છે, જેમાં ભારતના તમામ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ વિશે માહિતી હશે. આ પગલું ઘર ખરીદનારા માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. કારણ કે, આની મદદથી છેતરપિંડીથી બચવા અને યોગ્ય પ્રોજેક્ટને પસંદ કરવામાં મદદ મળશે. આ ડેટાબેઝમાં પ્રોજેક્ટની તમામ જરૂરી જાણકારી જેમ કે, અપ્રૂવલ, કન્સ્ટ્રક્શનની પ્રગતિ અને બિલ્ડરોની વિશ્વસનીયતા જેવી વિગતો સામેલ હશે. આ પોર્ટલ દ્વારા, લોકો હવે દેશભરના કોઈપણ બિલ્ડરના પ્રોજેક્ટ અને તેની વર્તમાન સ્થિતિ વિશે સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી શકશે. આ પગલું ખાસ કરીને એવા ઘર ખરીદદારો માટે મોટી રાહત છે જેઓ RERA કાયદાના અસ્તિત્વ છતાં પ્રોજેક્ટમાં વિલંબ અને છેતરપિંડીનો ભોગ બન્યા છે. ઘર ખરીદનારાઓની ફરિયાદો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં RERA અને રાજ્ય અધિકારીઓને ઠપકો આપ્યો હતો. જોકે, તેના થોડા અઠવાડિયા પછી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. વડાપ્રધાને બિલ્ડરોની મનમાની અને ગ્રાહકોની ફરિયાદોના યોગ્ય નિરાકરણના અભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ, આવાસ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ ખટ્ટરે RERA સેન્ટ્રલ એડવાઈઝરી કાઉન્સિલ(CAC)ની બેઠકમાં આ નવું પોર્ટલ લોન્ચ કર્યું. આ ડેટાબેઝનો મુખ્ય હેતુ સંભવિત ખરીદદારોને સંપૂર્ણ માહિતી પૂરી પાડવાનો છે, જેથી તેઓ સમજી-વિચારીને નિર્ણય લઈ શકે.

**આરોપીએ લાશના ૧૭ ટુકડા કર્યા**

# મહારાષ્ટ્રના થાણે જીલ્લામાં મુસ્કાનની દર્દનાક હત્યા

I (એજન્સી) થાણે, તા.૫ I

મહારાષ્ટ્રના થાણે જીલ્લામાં પોલીસે મહિલાનું કપાયેલું માથું મળ્યા બાદ સમગ્ર હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે પાંચ દિવસ બાદ હત્યાના કેસમાં મહિલાના પતિની ધરપકડ કરી હતી.પોલીસ તપાસમાં પ્રકાશમાં આવ્યું છે આરોપીએ પત્ની મુસ્કાનને મારીને તેના ૧૭ ટુકડા કર્યા હતા અને તેને ભિવંડીના અલગ અલગ વિસ્તારના ફેંકી દીધા છે. પોલીસ લાશના આ ટુકડા શોધી રહી છે.આ દર્દનાક કેસની મળતી વિગત મુજબ પોલીસને ૩૦ ઓગસ્ટના રોજ ભિવંડી શહેરના ઈદગાહ રોડ પર નાળા પાસેથી મહિલાનું કપાયેલું માથું મળ્યું હતું. જેની બાદ આ હત્યાનો ભેદ ઉકેલવા પોલીસે તપાસ શરુ કરી છે. ઉકેલવો મોટો પડકાર હતો. કારણ કે ના તો મહિલાનું નામ અને તેના હત્યા સ્થળની ખબર ન હતી. તેની બાદ પોલીસે કેસ નોંધીને તેને માથાના ભાગને ઈન્દિરા ગાંધી જીલ્લા હોસ્પિટલમાં તપાસ માટે મોકલી આપ્યું હતું.તેમજ આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે કમિશ્નરે એક વિશેષ તપાસ દળની રચના કરી હતી.

**મુંબઈ પોલીસે જાહેર કરી લુક આઉટ નોટિસ**

# છેતરપિંડીના કેસમાં શિલ્પા અને રાજની મુશ્કેલીઓ વધી

I (એજન્સી) મુંબઈ, તા.૫ I

અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુન્દ્રા સાથે સંબંધિત એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મુંબઈ પોલીસે હવે અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ ૬૦ કરોડ રૂપિયાના છેતરપિંડીના કેસમાં લુકઆઉટ નોટિસ જાહેર કરી છે. આ કેસમાં વધુ માહિતી આપતાં એક અધિકારીએ જણાવ્યું હતુ કે મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ આ લુકઆઉટ સર્ક્યુલર જાહેર કર્યો છે, કારણ કે આ દંપતી ઘણીવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરે છે. તેમણે જણાવ્યું કે અભિનેત્રી અને તેના પતિ વિરુદ્ધ ૧૪ ઓગસ્ટના રોજ જુહૂ પોલીસ સ્ટેશનમાં એક ઉદ્યોગપતિ સાથે લોન અને રોકાણ સોદામાં લગભગ ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. લુકઆઉટ સર્ક્યુલર એ એક સિસ્ટમ છે જેનો ઉપયોગ વ્યક્તિને દેશ છોડતા અટકાવવા અથવા તેની પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે થાય છે, સામાન્ય રીતે ઈમિગ્રેશન અને સરહદ નિયંત્રણ પોસ્ટ્સને ચેતવણીઓ જાહેર કરવામાં આવ્યો છે. લુકઆઉટ સર્ક્યુલર જાહેર થયા પછી શિલ્પા શેટ્ટી અને રાજ કુન્દ્રા દેશ છોડી શકશે નહીં. હાલમાં આ મામલે બંને તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પોલીસ તપાસ ચાલી રહી છે અને આગામી દિવસોમાં બંનેને પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. વાસ્તવમાં જુહૂ સ્થિત ઉદ્યોગપતિ દીપક કોઠારીએ આરોપ લગાવ્યો છે કે શિલ્પા અને રાજે ૨૦૧૫ થી ૨૦૨૩ દરમિયાન તેમની સાથે ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

### ડીસા તાલુકાના મહાદેવીયા ગામેથી નકલી ભારતીય ચલણી નોટો બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ થયો છે

# પોલીસે નકલી ભારતીય ચલણી નોટો બનાવતી એક ફેક્ટરી ઝડપી પાડી

। (એજન્સી) ડીસા, તા.૫ ।

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના મહાદેવીયા ગામમાં LCB પોલીસે નકલી ભારતીય ચલણી નોટો બનાવતી એક ફેક્ટરી ઝડપી પાડી છે. આ ગુપ્ત ઓપરેશનમાં પોલીસે કરોડો રૂપિયાની નકલી નોટો, બનાવટ માટે વપરાતા સાધનો અને બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ કૌભાંડને કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

બનાસકાંઠા LCB (લોકલ ક્રાઈમ બ્રાંચ) ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. દેસાઈના માર્ગદર્શન હેઠળ, પો.સ.ઈ. એસ.જે. પરમાર અને એ.એસ.આઈ. રાજેશકુમાર હરિભાઈને બાતમી મળી હતી કે મહાદેવીયા ગામમાં નકલી નોટોનું મોટું રેકેટ ચાલી રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી અને મહાદેવીયા ગામના રાયમલસિંહ બનેસીંગ દરબારના ખેતરમાં આવેલા રહેણાંક મકાનમાં દરોડા પાડ્યા હતા.

પોલીસે મકાનના ભોંયરામાં ચાલતી આ નકલી નોટો બનાવવાની ફેક્ટરીને ઝડપી પાડી. અહીંથી પોલીસે બે મુખ્ય આરોપીઓ સંજયકુમાર ભેમજીભાઈ સોની અને કૌશિકભાઈ પ્રવીણભાઈ શ્રીમાળીને પકડી પાડ્યા, જે બંને ડીસાના ઝેરડા ગામના રહેવાસી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંને આરોપીઓ મકાન માલિક રાયમલસિંહના મેળાપીપણામાં રહીને આ ગુનાહિત પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા.

પોલીસને દરોડા દરમિયાન ૫૦૦ રૂપિયાના દરની મોટી સંખ્યામાં નકલી નોટો મળી આવી હતી. આરોપીઓ કલર પ્રિન્ટરનો ઉપયોગ કરીને આ નોટો બનાવતા હતા. પોલીસે જે મુદ્દામાલ જપ્ત કર્યો છે તેની વિગતો નીચે મુજબ છે:

૫૦૦ના દરની નકલી નોટોઃ અલગ-અલગ સીરીઝ નંબરની કુલ ૫૪૯૪ નકલી નોટો મળી, જેની કિંમત ૨૭,૪૭,૦૦૦ છે.

અનિયમિત આકારના પેપર પર નોટોઃ ઝેરોક્ષના કાગળો પર અનિયમિત આકારમાં કાપેલી ૫૦૦ના દરની ૨૧૯૦ નોટો મળી, જેની કિંમત ૧૦,૯૫,૦૦૦ છે.

"ચિલ્ડ્રન બેંક ઓફ ઈન્ડિયા"ની નોટોઃ બાળકો માટે રમવા માટે વપરાતી ૫૦૦ના આકારની ૧૬૦૦ નોટો પણ મળી આવી છે.

નકલી નોટો બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલા ૫ કલર પ્રિન્ટર (કિંમત ૬૦,૦૦૦), ૮ રીમ ઝેરોક્ષના કાગળ, ૫ પેપર કટર, કલર ઈંક, અને અન્ય સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. કુલ મળીને, પોલીસે ૩૯ લાખથી વધુની કિંમતની નકલી ચલણી નોટો અને તેને બનાવવા માટેના સાધનો જપ્ત કર્યા છે.

પોલીસે બંને પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તેની વધુ તપાસ કરી રહી છે. આ બનાવથી સ્પષ્ટ થાય છે કે ગુનાહિત પ્રવૃત્તિઓ માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે, અને પોલીસ આવી ગતિવિધિઓને રોકવા માટે સતર્ક છે. પોલીસે બંને પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને આ રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તેની વધુ તપાસ કરી રહી છે. આ બનાવથી સ્પષ્ટ થાય છે કે ગુનાહિત પ્રવૃત્તિઓ માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે, અને પોલીસ આવી ગતિવિધિઓને રોકવા માટે સતર્ક છે.

## ગાંધીનગરના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર AI કેમેરા લગાવાયા, હવે ડ્રાઈવિંગ ટેસ્ટમાં 'સેટિંગ'માં કોઈ કામ નહીં થાય

। ગાંધીનગર, તા.૫ ।

ગાંધીનગરના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર AI કેમેરા લગાવવામાં આવ્યા છે. અત્યાર સુધી ડ્રાઈવિંગ ટેસ્ટનું મૂલ્યાંકન સેન્સર અને કેમેરા-આધારિત સિસ્ટમ અને ઈન્સ્પેક્ટર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતું હતું. પરંતુ હવે આ સમગ્ર પ્રક્રિયા AI દ્વારા સંચાલિત થશે. આ નવી સિસ્ટમ ઘણી વધુ અદ્યતન અને ચોક્કસ છે. તે ડ્રાઈવર દ્વારા નિયમોનું પાલન થયું છે કે નહીં તે બારીકાઈથી તપાસશે. આનાથી પરિણામોમાં માનવીય હસ્તક્ષેપની શક્યતા નહિવત્ થઈ જશે.

નોંધનીય છે કે, હાલમાં ગાંધીનગર RTOમાં દરરોજ ૨૦૦થી વધુ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાય છે અને આગામી સમયમાં પણ AI સિસ્ટમ દ્વારા આટલા જ ટેસ્ટ લેવાનું આયોજન છે. આ ટેસ્ટનો ડેટા સીધો જ સારથી એપ્લિકેશનમાં ઓનલાઈન અપડેટ થઈ જશે, જેનાથી પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે. આ પગલું ગુજરાતને માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં એક અગ્રણી રાજ્ય તરીકે સ્થાપિત કરશે

AI દ્વારા ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટના મુખ્ય ઉદ્દેશ સાથે સુસંગત છે. સુપ્રીમ કોર્ટે ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં થતા માનવ મૃત્યુની સંખ્યામાં 50% ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. યોગ્ય અને કડક ડ્રાઈવિંગ ટેસ્ટ પ્રક્રિયા દ્વારા, અકસ્માતોની સંખ્યામાં ચોક્કસપણે ઘટાડો કરી શકાય છે.

AI ટેકનોલોજીના અમલથી ડ્રાઈવિંગ ટેસ્ટ પાસ થવાનું પ્રમાણ થોડું ઓછું થવાની શક્યતા છે. આનું કારણ એ છે કે AI સિસ્ટમ એક પણ નાની ભૂલને પણ અવગણશે નહીં. જ્યારે કોઈ માનવ નિરીક્ષક ઘણીવાર નાની ભૂલોને માફ કરી શકે છે, ત્યારે AI સિસ્ટમ નિયમોનું સખતપણે પાલન સુનિશ્ચિત કરશે. આનાથી ખરેખર કુશળ અને નિયમોનું પાલન કરતા ડ્રાઈવરો જ લાઈસન્સ મેળવી શકશે, જે રસ્તાઓ પર સુરક્ષામાં વધારો કરશે.

## શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી ૨૫ વિદ્યાર્થિની એકસાથે બીમાર

। (એજન્સી) ખેડા, તા.૫ ।

ગુજરાતના ખેડામાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી ૨૫ વિદ્યાર્થિનીઓ એકસાથે બીમાર પડી હતી. તમામ વિદ્યાર્થિનીઓને એકસાથે જ ઝાડા-ઉલટી અને ગભરામણ જેવી સમસ્યા થઈ હતી. ઘટનાની જાણ થતા શાળા દ્વારા તાત્કાલિક વિદ્યાર્થિનીઓને એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ખેડામાં માતર રોડ પર વારૂખાસ ખાતે જ્ઞાનશક્તિ સ્કૂલ આવી છે. આ શાળામાં ગુરૂવારે (૪ સપ્ટેમ્બર) ધોરણ ૬માં અભ્યાસ કરતી ૨૫ વિદ્યાર્થિનીઓ એકસાથે બીમારી પડી ગઈ હતી. આ તમામ વિદ્યાર્થિનીઓને એકસાથે જ ઝાડા-ઉલટી અને ગભરામણ જેવી સમસ્યા થવા લાગી હતી. જોકે, ઘટનાની જાણ થતા શાળાના સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી અને ૩ જેટલી એમ્બ્યુલન્સમાં તમામ વિદ્યાર્થિનીઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી.

### ન્યૂઝ બ્રિફ

#### વડોદરામાં જોરદાર વરસાદ ખાબકતા બાજવા રેલવે ગરનાળુ ફરી ભરાઈ જતા મુશ્કેલી

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

વડોદરામાં છાણી-બાજવા રોડ પર બાજવા રેલવે ગરનાળુ ગઈ રાત્રે પાડેલા વરસાદના કારણે છલોછલ ભરાઈ જતા વાહન વ્યવહાર થંભી ગયો છે. ગરનાળામાં પાણી ભરાતા એક ટેક્ર નીકળવા જતા ફસાયું હતું. જ્યારે બીજી બાજુ રોડ પર ગરનાળામાંથી પસાર થવા વાહનોની લાઈન લાગી ગઈ હતી. ગરનાળામાંથી પાણી ખાલી કરવા પંપ ચાલુ કરવાનું કામ હાથ પર લેવાયું હતું. દર ચોમાસામાં વરસાદી પાણીથી ભરાઈ જતા માથાના દુખાવા સમાન આ ગરનાળુ બની જાય છે, અને મુશ્કેલી સર્જી દે છે.

ગરનાળામાં પાણી ભરાતા છાણીથી બાજવા, ઉંડેરા, કરોડીયા, જીએસએફસી બાજુ વગેરે સ્થળે જવાનો વ્યવહાર બંધ થઈ જાય છે. જેથી લોકોને ફરીને રણોલી, નંદેસરી બાજુથી જવું પડે છે. છેલ્લા પાંચ વર્ષથી આ મુદ્દે રજૂઆત કરવામાં આવે છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. અહીં બ્રિજ બનાવવાનું આયોજન વિચાર્યું છે. પરંતુ બ્રિજનો ખર્ચ અડધો રેલવે આપે અને અડધો કોર્પોરેશન તે મુદ્દે હજુ નિર્ણય લેવાનો બાકી છે. વધતા વાહન વ્યવહારને જોતા ગરનાળુ અહીં ડબલ બનાવવું જરૂરી બની ગયું છે. પરંતુ બ્રિજનો ખર્ચ અડધો રેલવે આપે અને અડધો કોર્પોરેશન તે મુદ્દે હજુ નિર્ણય લેવાનો બાકી છે. વધતા વાહન વ્યવહારને જોતા ગરનાળુ અહીં ડબલ બનાવવું જરૂરી બની ગયું છે.

#### સામેત્રામાં પેપર મીલની દુર્ગંધથી આસપાસના ગામ લોકો ત્રસ્ત

। (એજન્સી) મહેસાણા, તા.૫ ।

મહેસાણા જિલ્લાના સામેત્રા ગામમાં આવેલી પેપર મિલથી આસપાસના ગામોના લોકો ભારે પરેશાનીમાં છે. આ પેપર મિલમાંથી નીકળતી દુર્ગંધ એટલી અસહ્ય છે કે સામેત્રા, ગોકળગઢ, મરેડા, લક્ષ્મી પુરા (ખારા), અને ખારા જેવા ગામોના રહેવાસીઓનું જીવન મુશ્કેલ બની ગયું છે. આ પ્રદૂષણને કારણે ગામલોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે, આ તમામ ગામોના રહેવાસીઓએ મહેસાણા જિલ્લા કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે ધરણા કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો અને કલેક્ટરને આ અંગે તાત્કાલિક પગલાં લેવા માટે વિનંતી કરી હતી.ગ્રામજનોએ જણાવ્યું કે પેપર મિલમાંથી નીકળતી વાસ એટલી ખરાબ છે કે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે, અને તેના કારણે લોકોના સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર પડી રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી આ સમસ્યા ખૂબ જ વધી ગઈ છે. આ ફેક્ટરીમાંથી નીકળતો કચરો અને રાસાયણિક પ્રવાહી યોગ્ય રીતે નિકાલ થતો નથી, જેના કારણે આજુબાજુના વાતાવરણમાં સતત દુર્ગંધ ફેલાયેલી રહે છે. આ પરિસ્થિતિએ ગ્રામજનોને એટલા પરેશાન કરી દીધા છે કે તેઓએ અંતે કલેક્ટર કચેરીમાં ધરણા કરીને ન્યાયની માંગ કરી છે.

### દીકરો પુત્રવધૂને ચેન્નાઇ સાથે ન લઇ જતા તે પિયર જઇ રહેવા લાગી હતી

## પુત્રવધૂ અને તેના પિયરિયાએ સાસુના નોકરીના સ્થળે જઇ મારામારી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

શહેરના વસ્ત્રાલ ખાતે રહેતા યુવકને ચેન્નાઇ નોકરી મળતા તે ત્યાં જતો રહ્યો હતો પરંતુ પત્નીને સાથે લઈ ગયો ન હતો. જેથી પત્ની રિસાઈ પિયર રહેવા જતી રહી હતી. બીજી તરફ ગઈકાલે પુત્રવધૂ અને તેના પરિવારના સભ્યો ઓઢવ ખાતે સાસુના નોકરીના સ્થળે પહોંચ્યા હતા અને હોબાળો મચાવી મારામારી કરી હતી. જેથી આ મામલે સાસુએ પુત્રવધૂ, વેવાણ સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવતા ઓઢવ પોલીસે તપાસ આદરી છે. વસ્ત્રાલ વિસ્તારમાં ૫૫ વર્ષિય કોકિલાબહેન પ્રવિણભાઈ શાહ પરિવાર સાથે રહે છે અને ઓઢવ જીઆઈડીસીમાં નોકરી કરે છે. તેમના બે દીકરા પૈકી મોટો દીકરો જયેશ ચેન્નાઈ ખાતે નોકરી કરવા ગયો છે. પરંતુ તે તેની પત્ની સોનલને સાથે લઈ ગયો ન હોવાથી સોનલ રિસાઈને છેલ્લા દસ દિવસથી પિયર તેની માતા લતાબહેનના સાથે રહેવા જતી રહી છે. ગઈકાલે કોકિલાબહેન બપોરે પોતાની નોકરી પર હાજર હતા. ત્યારે તેમની પુત્રવધૂ સોનલ તેની માતા લતાબહેન ગણપતભાઈ તળપદા, કિરણ દિપકભાઈ નાઈ તથા દીપકભાઈ નાઈ ત્યાં આવ્યા હતા. ત્યારબાદ તેમણે બૂમાબૂમ કરી મૂકી હતી. તેથી કોકિલાબહેને અહીંયા આવી કેમ બૂમાબૂમ કરો છો જે વાત કરવી હોય તે ઘરે આવીને કરજો. આટલું કહેતા લતાબહેન ઉશ્કેરાઈ ગયા હતા અને કહેવા લાગ્યા હતા કે, તું કેમ મારી દીકરી સોનલને પતિ સાથે મોકલતી નથી. ત્યારબાદ તેઓ ઝઘડો કરી મારામારી કરવા લાગ્યા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા.

### ૧,૦૦,૦૬૦નો મુદ્દામાલ કબ્જે કરાયો

## હોમગાર્ડના કમાન્ડિંગ ઓફિસર સરકારી વાહનમાં દારૂની ખેપ મારતા ઝડપાયા

। (એજન્સી) બોટાદ, તા.૫ ।

અંબાજી ભાદરવી પૂનમના મેળામાં બંદોબસ્ત માટે ગયેલા બોટાદ હોમગાર્ડના કમાન્ડિંગ ઓફિસર અને બે જવાન પરત ફરતાં સમયે સરકારી વાહનમાં દારુ સાથે ઝડપાતાં ચકચાર મચી છે. કમાન્ડિંગ ઓફિસર દશરથ ચૌહાણ અને હોમગાર્ડ જવાન દિલીપ સોલંકી અને પ્રશાંત ચૌહાણે સરકારી વાહનમાં આબુથી દારુ અને બિયરનો જથ્થો ભર્યો હતો. બોટાદ પહોંચતાં જ LCBએ પૂર્વ બાતમીના આધારે ત્રણેયને શહેરના ખસ રોડ મિલેટ્રી રોડ પરથી ઝડપી પાડ્યા હતા. બોટાદ જિલ્લામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)એ એક મોટા ઓપરેશનમાં સરકારી વાહનનો દુરુપયોગ કરી વિદેશી દારૂની હેરાફેરી કરવાના રેકેટનો પર્દાફાશ કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે LCB ટીમે વોચ ગોઠવીને હોમગાર્ડ યુનિટની સરકારી ગાડી ટાટા સુમોને અટકાવી હતી અને તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ ૨૫ બોટલ અને બિયરના ૭૬ ટીન જપ્ત કર્યો છે. આ ઘટનામાં બોટાદ જિલ્લા હોમગાર્ડ કમાન્ડિંગ ઓફિસર સહિત હોમગાર્ડ જવાનો મળી કુલ ૩ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જેમની પાસેથી કુલ રૂપિયા ૧,૦૦,૦૬૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. ડીવાયએસપી મહર્ષિ રાવલે જણાવ્યું હતું કે બોટાદ LCBના ઈન્ચાર્જ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર એસ.બી.સોલંકી અને તેમના સ્ટાફને ગુપ્ત બાતમી મળી હતી કે બોટાદ જિલ્લા હોમગાર્ડના સરકારી વાહન ટાટા સુમો (રજી. નંબર GJ-01-GA-0224)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને આબુથી બોટાદ લાવવામાં આવી રહ્યો છે.

## IIM અમદાવાદ સળંગ છઠ્ઠા વર્ષે ટોપ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, IIT-મદ્રાસ દેશની ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થા : NIRF

### આઈઆઈએમ બેંગ્લોર બીજા અને આઈઆઈએમ કોઝિકોડે ત્રીજા સ્થાને રહી છે : યાદી જાહેર કરાઈ

। અમદાવાદ, તા.૫ ।

અમદાવાદની આઈઆઈએમએ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ તરીકે ફરી એકવાર બાજી મારી પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેક્રિંગ ફ્રેમવર્ક (NIRF) ૨૦૨૫માં મેનેજમેન્ટ કેટેગરીમાં અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (IIM) સળંગ છઠ્ઠા વર્ષે ટોચની ઈન્સ્ટિટ્યુટ રહી છે. આઈઆઈએમ ૨૦૨૦થી સતત ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ રહી છે. આ કેટેગરીમાં આઈઆઈએમ બેંગ્લોર બીજા અને આઈઆઈએમ કોઝિકોડે ત્રીજા સ્થાને રહી છે. દરવર્ષે NIRF દ્વારા ટોચનું પ્રદર્શન કરનારી યુનિવર્સિટી, કોલેજ અને ઈન્સ્ટિટ્યુટની યાદી જાહેર કરી છે. આ યાદી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ વર્ષે વિવિધ ૧૭ કેટેગરીમાં ઉત્કૃષ્ટ શિક્ષણ સેવા પ્રદાન કરનારી ઈન્સ્ટિટ્યુટ આઈઆઈટી મદ્રાસ રહી છે. જે દેશની બેસ્ટ એન્જિનિયરિંગ કોલેજ હોવા ઉપરાંત એકંદરે તમામ કેટેગરીની નંબર વન ઈન્સ્ટિટ્યુટ બની છે. ત્યારબાદ આઈઆઈએસસી બેંગ્લોર બીજા ક્રમે અને આઈઆઈટી બોમ્બે ત્રીજા ક્રમે રહી છે. એન્જિનિયરિંગ કેટેગરીમાં આઈઆઈટી મદ્રાસ ઉપરાંત આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી બોમ્બે ટોપ-૩ રહી છે. NIRF દ્વારા આ વર્ષે ૧૭ કેટેગરીમાં રેન્કિંગ આપવામાં આવ્યું છે. અગાઉ ૧૬ કેટેગરીમાં રેન્કિંગ આપ્યું હતું. આ વર્ષે સસ્ટેનેબિલિટી કેટેગરીનો ઉમેરો કર્યો છે. ૨૦૨૪માં ઓપન યુનિવર્સિટી, સ્કિલ યુનિવર્સિટી, સ્ટેટ પબ્લિક યુનિવર્સિટીની ત્રણ નવી કેટેગરીનો ઉમેરો થયો હતો. આ રેક્રિંગની શરૂઆત ૨૦૧૬માં કરવામાં આવી હતી. ત્યારબાદ આઈઆઈએસસી બેંગ્લોર બીજા ક્રમે અને આઈઆઈટી બોમ્બે ત્રીજા ક્રમે રહી છે. એન્જિનિયરિંગ કેટેગરીમાં આઈઆઈટી મદ્રાસ ઉપરાંત આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી બોમ્બે ટોપ-૩ રહી છે. NIRF દ્વારા આ વર્ષે ૧૭ કેટેગરીમાં રેન્કિંગ આપવામાં આવ્યું છે. અગાઉ ૧૬ કેટેગરીમાં રેન્કિંગ આપ્યું હતું. આ વર્ષે સસ્ટેનેબિલિટી કેટેગરીનો ઉમેરો કર્યો છે. ૨૦૨૪માં ઓપન યુનિવર્સિટી, સ્કિલ યુનિવર્સિટી, સ્ટેટ પબ્લિક યુનિવર્સિટીની ત્રણ નવી કેટેગરીનો ઉમેરો થયો હતો. આ રેક્રિંગની શરૂઆત ૨૦૧૬માં કરવામાં આવી હતી.

રેન્કિંગના માપદંડોઃ શિક્ષણ, લર્નિંગ, રિસોર્સ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ્સ, આઉટરીચ, અને ઈંક્લુઝિવિટી ઉપરાંત હરીફ સાથેનો દ્રષ્ટિકોણ વગેરે સામેલ છે.

યુનિવર્સિટી કેટેગરીમાં ટોપ-૩ : IISC, JNU, MAHE, મણિપાલ યુનિવર્સિટી કોલેજ કેટેગરીમાં દેશની ટોચની કોલેજ હિન્દુ કોલેજ રહી છે. મિરાન્ડા હાઉસ બીજા ક્રમે, જ્યારે હંસરાજ કોલેજ ત્રીજા સ્થાને રહી છે. હંસરાજ કોલેજ ગતવર્ષે ૧૨માં ક્રમે હતી. મેડિકલ કેટેગરીમાં એઈમ્સ-દિલ્હી પ્રથમ, પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ચંદીગઢ બીજા, ક્રિસ્ટન મેડિકલ કોલેજ, વેલ્લોર ત્રીજા ક્રમે છે.

## રાપરના મેળામાં રાજબાઈ મંદિર પાસે જ ૧૯ વર્ષીય યુવકને રહેંસી નાખી હત્યા

। (એજન્સી) ભુજ, તા.૫ ।

કચ્છના રાપર વિસ્તારમાં રાજબાઈ મા મંદિર પાસે યોજાયેલા મેળામાં ૧૯ વર્ષીય યુવકને જાહેરમાં રહેસી નંખાયો હતો. ભત્રીજી યુવતી સાથે આડા સંબંધની શંકાએ કાકાએ યુવકની ધારદાર હથિયારના આડેધડ ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી. મળતી માહિતી મુજબ, આજે રાપર તાલુકાના કારુડા ગામે રાજબાઈના મંદિરે વાર્ષિક મેળો યોજાયો હતો. આ મેળામાંથી એક યુવક બહાર આવી રહ્યો હતો. આ સમયે તેને આંતરીને છરીના ઉપરાઉપરી ઘા મારી દેવાયા હતા. જેના પગલે યુવકનું મૃત્યુ થયું હતું. યુવકના શરીરમાંથી એટલું બધું લોહી વહ્યું કે, પાસે ખાબોચિયું ભરાઈ ગયું હતું. અંતે ગંભીર રીતે ઘવાયેલા યુવકે દમ તોડી દીધો હતો.આ મામલે પોલીસે સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એક પરિવારની દીકરી સાથે આડા સંબંધની આશંકાએ યુવતીના કાકાએ રાપરના મોમાંય વાંઢ વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય નરેશ સામા કોલી નામના યુવક પર તિક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મૃત્યુ થયું છે. આ મામલાની પ્રાથમિક તપાસ ચાલી રહી છે. પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે ઝીણવટભરી તપાસ કરી રહી છે. તેમજ હત્યા કરીને ફરાર થઈ ગયેલા આરોપીને પકડવા કવાયત શરૂ કરી છે.

## વડોદરામાં પેસેન્જરને છરી બતાવી લૂંટ કરનાર બે શખ્સ ઝબ્બે

। (એજન્સી) વડોદરા, તા.૫ ।

વડોદરા શહેરના છાયાપુરી રેલ્વે સ્ટેશન ખાતે પેસેન્જરને છરી બતાવી લુંટ કરી બે શખ્સો ભાગી ગયા હતા. ત્યારે રેલવે એલસીબી પોલીસે મિશન ક્લીન સ્ટેશન અંતર્ગત અલગ અલગ ટીમો બનાવીને લૂંટ કરનાર બે આરોપીને ઝડપી પાડ્યા હતા.પોલીસ અધિક્ષક અભય સોની પશ્ચિમ રેલવે વડોદરા દ્વારા મિશન ક્લીન સ્ટેશન અભિયાન ચલાવવામાં આવેલ હોય જે અંતર્ગત રેલ્વે ટ્રેનો તથા રેલ્વે સ્ટેશન ઉપર બનવા પામેલા ચોરીઓના વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા અને આવા ગુનાઓ ફરીથી ન બને તે અંગે જરૂરી તકેદારી રાખવા ખાસ સુચનાઓ આપવામાં આવી છે. જેના આધારે એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો વડોદરા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હાજર હતાં. તે દરમ્યાન બાતમી હકિકત તથા હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે માહિતી મળેલ કે, છાયાપુરી રેલ્વે સ્ટેશન ખાતે થયેલ લુંટ કરવાવાળા ઈસમો વડોદરા રેલ્વે સ્ટેશન પ્લે.નં.૬ રીઝર્વેશન ઓફીસની પાછળ બે ઈસમ સોનુ મનિષભાઈ શર્મા તથા નજરૂલ જમશેદઅલી શેખ અને નિર્મલ ઉર્ફે બર્જુન ઉર્ફે કાઠીયાવાડી હસમુખભાઈને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રૂપિયા ૧.૦૫ લાખ અને બે મોબાઈલ રૂપિયા ૧૬૦૦૦ મળી કુલ ૧.૨૧ લાખનો મુદ્દા માલ બંને પાસેથી રિકવર કર્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



તિરુવનંતપુરમના શ્રી પદ્મનાભસ્વામી મંદિરમાં તિરુવનમના દિવસે ઓણમની ઉજવણીના ભાગ રૂપે બનાવેલ એક વિશાળ ફૂલોનો કાર્પેટ, જેને પૂકલમ અથવા અથાપૂકલમ કહેવામાં આવે છે.

### બંધારણ હેઠળ રાજ્યપાલ પર સમયમર્યાદા લાગુ કરી શકાયઃ કપિલ સિબ્બલ

# બિલનું બંધારણીય ઔચિત્ય ચકાસવાની સત્તા રાજ્યપાલને નથી

## જનતાની ઈચ્છાને રાજ્યપાલના તુક્કા-તરંગો અવરોધી શકે નહીંઃ પશ્ચિમ બંગાળ સરકારની સુપ્રીમમાં રજૂઆત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ધારાસભાએ પસાર કરેલા બિલને મંજૂરીમાં વિલંબ બાબતે રાજ્યપાલ-રાષ્ટ્રપતિની સત્તાને પડકારતા કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે. એક્ઝિક્યુટિવ્સની સત્તા અમર્યાદ ન હોવાની રજૂઆત કરતાં પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે, ધારાસભાની પ્રક્રિયામાં દખલ કરવાની સત્તા રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પાસે ન હોવાથી નાગરિકોની ઈચ્છા સ્વરૂપે પસાર થયેલા બિલનું ભવિષ્ય રાજ્યપાલ-રાષ્ટ્રપતિના તુક્કા-તરંગો પર નિર્ભર હોઈ શકે નહીં. ચીફ જસ્ટિસ બી આર ગવઈની અધ્યક્ષતાવાળી પાંચ જજની બંધારણીય બેન્ચ સમક્ષ તૃણમૂલ



કોંગ્રેસ શાસિત રાજ્ય સરકારે જણાવ્યુ હતું કે, સાર્વભૌમત્વની સત્તા સામે રાજ્યપાલ સવાલ કરી શકે નહીં. ધારાસભાએ પસાર કરેલા બિલ કાયદાકીય પાસાની ચકાસણી કરવાનું કામ રાજ્યપાલનું નથી, આ કામગીરી ન્યાયતંત્રના કાર્યક્ષેત્રમાં આવે છે. ઉલ્લેખનીય છે કે, વિધાનસભાએ પસાર કરેલા બિલ પર નિર્ણય લેવા બાબતે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પર સમય મર્યાદા લાગુ કરવા બાબતે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. પશ્ચિમ બંગાળ સરકાર તરફથી કપિલ સિબલે કહ્યુ હતું કે, લોકોની ઈચ્છાને એક્ઝિક્યુટિવ (રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ)ની ઈચ્છા પર નિર્ભર રાખી શકાય નહીં.પશ્ચિમ બંગાળ સરકાર તરફથી દલીલ કરતાં સિનિયર એડવોકેટ કપિલ સિબ્બલે કહ્યું હતું કે, બંધારણની કલમ ૨૦૦ હેઠલ રાજ્યપાલ પર સમયમર્યાદા લાગુ કરવાની સત્તા કોર્ટ પાસે છે. આ કલમ હેઠળ ધારાસભાએ પસાર કરેલા કાયદાને મંજૂર કરવા બાબતે રાજ્યપાલને મળેલી સત્તાઓની છણાવટ થઈ છે. જે મુજબ રાજ્યપાલ આવા બિલને મંજૂરી આપી શકે છે અથવા નકારી શકે છે.

## નવા GST દરથી ટ્રકથી લઈને ઈ-રિક્ષા સુધીના વાહનો સસ્તા થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

નવા GST દરમાં ફેરફારની હવે સામાન્ય લોકોના ખિસ્સા પર સીધી અસર પડશે. ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારો, જેઓ રોજિંદા જરૂરિયાતો માટે વાહનો ખરીદવાનું સ્વપ્ન જુએ છે, તેમના માટે આ ફેરફાર ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. એટલું જ નહીં, સરકારે પરિવહન ક્ષેત્રમાં મોટો ફેરફાર કર્યો છે અને ઘણા વાહનો અને ઓટો પાર્ટ્સ પર GST દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યા છે. આ નિર્ણયનો સીધો ફાયદો સામાન્ય ગ્રાહકોથી લઈને લોજિસ્ટિક્સ કંપનીઓ સુધી દરેકને થશે. આ નિર્ણય આગામી ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. ચાલો તમને જણાવીએ કે નવા GST દરોને કારણે કયા પ્રકારના વાહનો કેટલા સસ્તા થશે. સૌ પ્રથમ, ટાયર વિશે વાત કરીએ – હવે નવા રબરથી બનેલા ન્યુમેટિક ટાયર (સાયકલ, રિક્ષા અને વિમાનના ટાયર સિવાય) પર GST રાહત આપવામાં આવી છે. GST દર ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યા છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે આ વાહનોનો જાળવણી ખર્ચ હવે ઘટાડવામાં આવશે. જ્યારે, માલ વહન કરતા ટ્રાન્સપોર્ટ મોટર વાહનો પર પણ ૧૮ ટકા કરવામાં આવ્યો છે. બસ, ટ્રક અને એમ્બ્યુલન્સ જેવા વાહનોને પણ કર છૂટ આપવામાં આવી છે. સેમી-ટ્રેઈલર્સ ખેંચવા માટે ઉપયોગમાં લેવાતા અને જેની એન્જિન ક્ષમતા ૧૮૦૦ સીસીથી વધુ હોય છે, આવા સેમી-ટ્રેઈલર્સ પર પણ હવે ઓછો ટેક્સ ચૂકવવો પડશે. હવે તેમના પર ૧૮ ટકા ટેક્સ લાગશે. આ ફેરફારથી લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન સેક્ટરને સીધી રાહત મળશે, જેના કારણે માલ પરિવહનનો ખર્ચ પણ ઘટાડી શકાય છે. જો આપણે પરિવારની જરૂરિયાતો અનુસાર જોઈએ તો હવે નાના એન્જિન વાહનો સસ્તા થશે. ઉદાહરણ તરીકે, પેટ્રોલ, સીએનજી અને એલપીજી પર ચાલતી કાર, જેની એન્જિન ક્ષમતા ૧૨૦૦ સીસી સુધીની અને લંબાઈ ૪ મીટર સુધીની હોય.

### USના સાંસદે ડોનાલ્ડ ટ્રમ્પને આપી મોટી ચેતવણી

# ભારત પર ટેરિફ એ સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે

### ગ્રેગરી મીક્સે કહ્યું કે, ડોનાલ્ડ ટ્રમ્પના મનસ્વી ટેરિફ બંને દેશો વચ્ચેના મહત્વપૂર્ણ સંબંધોને જોખમમાં મૂકી રહ્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૫ ।

અમેરિકાની એક સાંસદે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ટેરિફ અંગે ચેતવણી આપી છે. યુએસ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ ગ્રેગરી મીક્સે કહ્યુ કે, ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલ ભારે ટેરિફ એ સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે, જેને વોશિંગ્ટન ઘણા દાયકાઓથી મજબૂત રીતે પોષી રહ્યું છે. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા સાથે મુલાકાત બાદ વિદેશ બાબતોની સમિતિમાં ડેમોક્રેટિક પાર્ટીના ટોચના રાજકારણી ગ્રેગરી મીક્સે કહ્યુ કે, ડોનાલ્ડ ટ્રમ્પના મનસ્વી ટેરિફ બંને દેશો વચ્ચેના મહત્વપૂર્ણ સંબંધોને જોખમમાં મૂકી રહ્યા




છે. ગ્રેગરી મીક્સે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, મેં આપણા સંબંધોને વધુ મજબૂત બનાવવાની મારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે, યુક્રેનમાં શાંતિ માટેની આપણી સહિયારી આશાની ચર્ચા કરી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના મનસ્વી ટેરિફ અંગે મારી ચિંતા વ્યક્ત કરી હતી, જે ભારત-અમેરિકાની મહત્વપૂર્ણ ભાગીદારીને જોખમમાં મૂકી રહ્યા છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે, કોંગ્રેસ યુએસ-ભારતની ભાગીદારીને સંપૂર્ણ સમર્થન આપે છે, જે છેલ્લા ૨૫ વર્ષોમાં, ખાસ કરીને ક્વાડ સમિટ દ્વારા વધુ ગાઢ બની છે.

યુએસમાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ યુએસ સાંસદ મીક્સનો તેમના સતત માર્ગદર્શન અને મજબૂત સમર્થન બદલ આભાર માન્યો હતો. આ ઉપરાંત, તેમણે કહ્યું કે, બંનેએ વેપાર, ઊર્જા, ઈન્ડો-પેસિફિક અને પરસ્પર હિતો સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી. આ ઉપરાંત, ક્વાત્રાએ કોંગ્રેસનલ એનર્જી એક્સપોર્ટ કોકસના અધ્યક્ષ કેરોલ મિલર સાથે પણ અલગથી મુલાકાત કરી હતી. આ દરમિયાન, તેમણે કેરોલ સાથે ભારતની ઊર્જા સુરક્ષા અને યુએસ સાથે વધતા હાઈડ્રોકાર્બન વેપાર વિશે ચર્ચા કરી હતી. રશિયાથી ક્રૂડ ઓઈલ આયાત કરવા બદલ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મનસ્વી રીતે ભારત પર ૫૦ ટકાનો વધારાનો ટેરિફ લાદવાની જાહેરાત કરી હતી, જે થોડા સમય પહેલા જ ભારત પર લાગુ કરવામાં આવ્યો છે. જોકે, ભારત પર ભારે ટેરિફ લાદવા બદલ વોશિંગ્ટનમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની આકરી ટીકા થઈ રહી છે. ટ્રમ્પના આ પગલાથી વોશિંગ્ટનમાં એક નવો વિવાદ ઉભો થયો છે. યુએસ કોંગ્રેસના સાંસદોએ ટ્રમ્પ પર ચીન અને રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદતા અન્ય મોટા આયાતકારોને બાકાત રાખીને ઈરાદાપૂર્વક ભારતને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે.

### પુતિને ઝેલેન્સ્કીને મળવામાં દાખવ્યો રસ

## ઝેલેન્સકીને મળવાનો ક્યારેય ઇનકાર કર્યો નથી : પુતિન

। (એજન્સી) મોસ્કો, તા.૫ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ચીનમાં લશ્કરી પરેડ અને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટમાં હાજરી આપ્યા બાદ તેમના સંબોધનમાં રશિયા-યુક્રેન યુદ્ધ પર એક મોટું નિવેદન આપ્યું છે. પુતિને કહ્યુ કે, તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને મળવાનો ક્યારેય ઈનકાર કર્યો નથી. તેમણે કહ્યુ કે, જો તેઓ મને મળવા માંગતા હોય, તો તેમણે મોસ્કો આવવું જોઈએ. જો કે, પુતિને જાહેરાત કરી કે, જો શાંતિ કરાર નહીં થાય અને રશિયન દળો યુક્રેનમાં આગળ વધી રહ્યા હોય તો રશિયા લડાઈ ચાલુ રાખશે. તેમણે એ પણ ભાર મૂક્યો કે, રશિયાના ભોગે યુક્રેનની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાતી નથી. પુતિને યુદ્ધને યોગ્ય ઠેરવતા વધુમાં કહ્યુ કે, રશિયા લોકો માટે લડી રહ્યું છે, જમીન



માટે નહીં. જો કે, રશિયાના રાષ્ટ્રપતિએ ઉમ્મીદ સાથે એમ પણ કહ્યુ કે, જો સમજદારીથી કામ કરવામાં આવે તો આ યુદ્ધ એક કરાર સાથે ખતમ થઈ શકે છે. પરંતુ તેમણે ચેતવણી આપી કે, જો આવું નહીં થાય, તો તેનો ઉકેલ લશ્કરી રીતે લાવવો પડશે. માત્ર એટલું જ નહીં, રશિયાના રાષ્ટ્રપતિએ આ સમય દરમિયાન લોકમતનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યુ કે, રશિયામાં જોડાવા માંગતા લોકોના નિષ્પક્ષ અને લોકશાહી અધિકારને ઝેલેન્સ્કીએ છીનવી લેવો જોઈએ નહીં.

### ૨૦૧૭માં મળી હતી ઈન્ટરનેશનલ મેચ રમવાની તક

## ૮ વર્ષ લાંબી રાહ જોયા બાદ ક્રિકેટર અમિત મિશ્રાએ સન્યાસ લઈ લીધો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતીય ક્રિકેટર અમિત મિશ્રા પણ હવે નિવૃત્તિ લેનારા ખેલાડીઓના ક્લબમાં સામેલ થઈ ગયો છે. તેણે પોતાની અંતિમ ઈન્ટરનેશનલ મેચ ૧ ફેબ્રુઆરી ૨૦૧૭માં મેચ રમી હતી. આ પછી તેને ઈન્ટરનેશનલ ટીમમાં તક મળી નહોતી, આમ તેણે સાડા ૮ વર્ષ કરતા વધુ સમય રાહ જોયા બાદ આખરે નિવૃત્તિનો નિર્ણય લઈ લીધો છે. તેને ટીમમાં સતત સ્થાન બનાવવાનો મોકો મળ્યો નહોતો, પરંતુ તેણે કેટલીક યાદગાર મેચ પણ રમી છે. અમિત મિશ્રાએ કહ્યુ કે વારંવાર ઈજાઓ અને યુવાનોને તકો આપવાને કારણે, તેમણે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. અમિત મિશ્રાએ ૨૨ ટેસ્ટ, ૩૬ ODI અને ૧૦_૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે અને તમામ ફોર્મેટમાં ૧૫૬ વિકેટ લીધી છે. મિશ્રાએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું, આજે ૨૫ વર્ષ પછી હું



ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરું છું. એક એવી રમત જે મારો પહેલો પ્રેમ, મારા શિક્ષક અને મારી ખુશીનો સૌથી મોટો સ્રોત રહ્યો છે. અમિત મિશ્રાએ કહ્યું કે શરૂઆતના દિવસોના સંઘર્ષ અને બલિદાનથી લઈને મેદાન પરની અવિસ્મરણીય ક્ષણો સુધી, દરેક પ્રકરણ એક એવો અનુભવ રહ્યો છે જેણે મને એક ક્રિકેટર અને વ્યક્તિ તરીકે ઘડ્યો છે. નિવૃત્તિ અંગેનો નિર્ણય લીધા બાદ લખ્યું કે આ યાત્રા અસંખ્ય લાગણીઓથી ભરેલી છે. ગર્વ, મુશ્કેલી, શીખવા અને પ્રેમની ક્ષણો જોડાયેલી છે.

## પીએમ મોદી અને પુતિને કારની અંદર ગુપ્ત વાતચીત કરી હતી



। (એજન્સી) તિયાનજિન, તા.૫ ।

ચીનના તિયાનજિનમાં આયોજિત SCO સમિટ દરમિયાન કારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની યાત્રા ચર્ચાનો મોટો વિષય બની ગઈ છે. પુતિને પોતે હવે આ અંગે મોટો ખુલાસો કર્યો છે. ચીનની મુલાકાત દરમિયાન પત્રકારોએ તેમને પૂછ્યું કે, તેમણે પીએમ મોદી સાથે શું ચર્ચા કરી હતી. આ અંગે પુતિને ખુલાસો કર્યો કે, તેમણે પીએમ મોદીને અમેરિકાના અલાસ્કામાં તેમની અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી તાજેતરની વાતચીત વિશે વિગતવાર જણાવ્યું હતું. જણાવી દઈએ કે, બંને નેતાઓ તિયાનજિનથી દ્વિપક્ષીય વાટાઘાટ સ્થળ સુધી પુતિનની AURUS લિમોઝીનમાં સાથે મુસાફરી કરી રહ્યા હતા.લગભગ ૪૫ મિનિટ સુધી ચાલેલી આ કાર યાત્રામાં, બંને નેતાઓએ ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરી હતી. એટલું જ નહીં, હોટેલ પહોંચ્યા પછી પણ, વાત કરવા માટે બંને નેતાઓ લગભગ ૫૦ મિનિટ સુધી કારની અંદર બેઠા હતા. એટલે કે, બંને નેતાઓએ લગભગ દોઢ કલાક સુધી સિક્રેટ વાતચીત કરી હતી. જણાવી દઈએ કે, ગયા મહિને ઓગસ્ટમાં, અલાસ્કામાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર પુતિન વચ્ચે લાંબા સમયથી રાહ જોવાતી શાંતિ મંત્રણા યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય એજન્ડા યુક્રેન યુદ્ધનો અંત લાવવા અને કાયમી ઉકેલ શોધવાનો હતો. રશિયાના ટોચના આર્થિક રાજદૂત કિરિલ દિમિત્રીવે કહ્યું કે, અલાસ્કા પરિષદ 'ઉત્પાદક' હતી અને અમેરિકાએ રશિયાનું 'સારું સ્વાગત' કર્યું હતું. તેમણે કહ્યું કે, ઘણા મુદ્દાઓ પર સર્વસંમતિ થઈ છે અને બંને દેશોએ ભવિષ્યમાં આર્થિક સહયોગ વધારવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે, પીએમ મોદી અને પુતિન તિયાનજિનથી દ્વિપક્ષીય વાતચીત સ્થળ સુધી એક કારમાં સાથે ગયા હતા. આ કાર પુતિનની AURUS લિમોઝીન હતી. આ દરમિયાન, બંને નેતાઓ વચ્ચે ઘણા મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ હતી.

## ૨૯ વર્ષીય મહાઆર્યમન સિંધિયા એમપીસીએનો પ્રમુખ બન્યો

। (એજન્સી) ભોપાલ, તા.૫ ।

કેન્દ્રિય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાનો દીકરો મહાન આર્યમન મધ્ય પ્રદેશ ક્રિકેટ એસોસિએશનનો અધ્યક્ષ બન્યો છે. આજે MPCAની એનુઅલ જનરલ મીટિંગમાં તેમણે અધ્યક્ષ નિયુક્ત કર્યા છે.મહાઆર્યમન સામે કોઈએ નામાંકન ભર્યું ન હતું. MPCAની કમાન સંભાળનાર સિંધિયા પરિવારની આ ત્રીજી પેઢી છે.

મધ્યપ્રદેશ ક્રિકેટ એસોસિએશનના નવા ચૂંટાયેલા પ્રમુખ બનવા પર મહાઆર્યમન સિંધિયા કહે છે, ‘‘મારા માટે આ ખૂબ જ ભાવનાત્મક અને ગર્વની ક્ષણ છે. ફક્ત એટલા માટે નહીં કે મેં એક મહત્વપૂર્ણ જવાબદારી લીધી છે, પણ એટલા માટે પણ કે આ ભૂમિકા એક મજબૂત વારસો ધરાવે છે. મારા દાદા આ પદ પર હતા અને પ્રતિભાને ઓળખવામાં અને તેને ઉછેરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. મારા પિતાએ MPCA માં ક્રિકેટ વહીવટમાં વ્યાવસાયીકરણ અને માળખાગત પ્રક્રિયાઓ લાવીને તેને આગળ વધાર્યું. તેથી મારા માટે તે તેમના યોગદાનને આગળ વધારવા મૂલ્ય ઉમેરવા અને તે વારસાને આગળ વધારવા વિશે છે.દબાણ અને જવાબદારી સાથે આવે છે પરંતુ તે અતિ રોમાંચક પણ છે.

મહાઆર્યમન મધ્યપ્રદેશ લીગના અધ્યક્ષ અને ગ્વાલિયર સંભાગ ક્રિકેટ સંઘના ઉપાધ્યક્ષ પણ છે. મહાનઆર્યમન સિંધિયાનો જન્મ ૧૭ નવેમ્બર ૧૯૯૫ના રોજ થયો છે. આ સાથે તે MPCAનો સૌથી યુવા અધ્યક્ષ બન્યો છે.હવે મહાઆર્યમન સિંધિયા માત્ર ૨૯ વર્ષની ઉંમરે મધ્યપ્રદેશ ક્રિકેટ એસોસિએશન (MPCA)ના પ્રમુખ બન્યો છે.



મુંબઈના ગિરગાંવ ચોપાટી ખાતે ગણેશ ચતુર્થી ઉત્સવના સમાપન સમયે, ભગવાન ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે ભીડ નિયંત્રણના પગલાંના ભાગ રૂપે પોલીસ કર્મચારીઓ સતર્કતા રાખે છે.

## GSTના સુધારાઓનું સ્વાગત છે પણ હવે મોડું થઈ ગયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમે કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં જ GST દરોમાં ઘટાડાનું સ્વાગત કર્યું છે. જોકે, તેમણે કેન્દ્ર સરકારના આ પગલાંની ટીકા કરી હતી અને કહ્યું હતું કે GST દરોમાં આઠ વર્ષ એટલે ખૂબ મોડો ફેરફાર કરવામાં આવ્યો હતો. પી ચિદમ્બરમે એક્સ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે, હાલની જીએસટી વ્યવસ્થા અને દરોને શરૂમાં જ લાગુ કરવા જોઈતા હતા. વિપક્ષે વર્ષોથી આ મુદ્દા સામે વારંવાર ચેતવણી આપી હતી, પરંતુ તેની દલીલોને અવગણવામાં આવી હતી. જીએસટીને યુક્તિસંગત બનાવવા અને અનેક વસ્તુઓ અને સેવાના જીએસટી દરમાં ઘટાડનું સ્વાગત છે, પરંતુ આ વર્ષ બહુ મોડું થઈ ગયું કહેવાય. જીએસટીની હાલની વ્યવસ્થા આજ સુધી પ્રચલિત દરોને શરૂઆતથી જ લાગુ કરવાની જરૂર હતી. અમે છેલ્લા ૮ વર્ષથી જીએસટીની વ્યવસ્થા અને તેના સ્લેબ વિશે સતત અવાજ ઉઠાવી રહ્યા છીએ, પરંતુ અમારી દલીલ પર કોઈ ધ્યાન આપવામાં ન આવ્યું. આ સિવાય તેમણે સુધારા માટે સરકારના સમય પર પણ સવાલ કર્યો અને અચાનક બદલાવના સંભવિત કારણો પર અટકળો લગાવી. તેમણે અનેક આર્થિક અને રાજકીય કારણોને ટાંકીને કહ્યું કે, જેણે ૮ વર્ષ મોડું કર્યા બાદ આ નિર્ણય લીધો છે, જેનું કારણ અમેરિકાએ ભારતીય વસ્તુઓ પર લગાવેલા ટેરિફ અને આ વર્ષના અંતે યોજાતી બિહાર ચૂંટણીનો સમાવેશ થાય છે.


# તંત્રી લેખ...

## કાશ્મીર-ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના રાજ્યોને SCની નોટિસ

હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્ય છેલ્લા થોડા દિવસથી પૂરની આફતનો સામનો કરી રહ્યો છે. પૂરથી પ્રભાવિત રાજ્યોમાં જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં જનજીવન ખોરવાયુ છે. આ રાજ્યોની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને ફિટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બીઆર ગવઈ અને તેમની બેન્ચે જણાવ્યું કે, પહેલી નજરે એવુ લાગે છે કે, વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢવામાં આવ્યું છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં રાજ્ય સરકારને નોટિસ પાઠવી આ મામલે જવાબ માગવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, અને પંજાબને ત્રણ સપ્તાહની અંદર જવાબ રજૂ કરવા આદેશ કરાયો છે. સીજેઆઈએ આ મામલાની સુનાવણી કરતાં કહ્યું કે, આ પૂરની સ્થિતિ પહાડના ટોચના વિસ્તારોમાં મોટાપાયે વૃક્ષોનું આડેધડ નિકંદન થયુ હોવાનો સંકેત આપે છે. સંબંધિત અધિકારીઓનો સંપર્ક સાધી આ પરિસ્થિતિ પાછળના કારણો જાણવા આદેશ છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, તે પર્યાવરણ અને વન મંત્રાલયના સચિવનો સંપર્ક સાધી આ મામલે વિસ્તૃત માહિતી મેળવશે. અમે પ્રકૃતિની સાથે એટલો બધો હસ્તક્ષેપ કર્યો છે કે, હવે તે અમને નુકસાન પહોંચાડી રહી છે. આ મામલે ચીફ જસ્ટિસે પણ સહમતિ દર્શાવી હતી.

## ગુજરાતના નાગરિકોને વાંચન માટે પ્રેરિત કરવા રાજ્યભરમાં ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત, નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને મંજૂરી

**ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને વાંચન માટે પ્રેરિત કરવા 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવ્યું હતું**




। (માહિતી) અમદાવાદ, તા.૦૫ ।

ગાંધીનગર, ૫ સપ્ટેમ્બર, ૨૦૨૫: ગુજરાતના નાગરિકો નિયમિત વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના પ્રવર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૦માં 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવ્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. પુસ્તક વાંચનના મહત્વને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યભરમાં સરકારી પુસ્તકાલયોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગત વર્ષે રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં તેમજ ૭ આદિજાતિ જિલ્લા ૧૪ તાલુકાઓમાં મળીને તાલુકા સ્તરે કુલ ૬૪ સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ૬૪માંથી ૫૩ સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ ચૂક્યા છે, અને ૧૧નું કામ પ્રગતિમાં છે. આજે સમગ્ર ગુજરાતમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે, અને આ વર્ષે તાલુકા સ્તરે નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. એ પછી રાજ્યના તમામ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ જશે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૬ સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચો દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી દરેક વ્યક્તિને પુસ્તક વાંચનનો આનંદ માણવા માટે તેમના દિવસમાંથી સમય કાઢવા માટે પ્રેરિત કરે છે. આ દિવસને ઊજવવાનો ઉદ્દેશ દરેક લોકો વાંચનની પ્રવૃત્તિમાં રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે, જેથી તેઓ વાંચન પ્રવૃત્તિને કેળવી શકે અને વાંચનનો આનંદ લઈ શકે.

રાજ્યમાં ૩૩ જિલ્લા પુસ્તકાલયો અને ૧૫૦ તાલુકા પુસ્તકાલયો

રાજ્યમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે, જેમાં ૩૩ જિલ્લા પુસ્તકાલયો અને ૧૫૦ તાલુકા પુસ્તકાલયો સહિત મધ્યસ્ત પુસ્તકાલયો, ફરતા પુસ્તકાલયો, રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, સ્ટેટ આર્ટ લાયબ્રેરી અને મહિલા ગ્રંથાલયોનો પણ સમાવેશ થાય છે.

મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૫૦૦થી વધુ વાચકો જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૧૫૦થી વધુ વાચકો

રાજ્યભરમાં સ્થિત સરકારી પુસ્તકાલયો નાગરિકોને વાંચન માટે પ્રેરિત કરે છે. રાજ્યના મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૫૦૦થી વધુ નાગરિકો વાંચનનો લાભ લઈ રહ્યા છે, જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૧૫૦થી વધુ વાંચકો વાંચનનો લાભ લઈ રહ્યા છે. રાજ્યના જે જિલ્લા પુસ્તકાલયો ખાતે વાંચનની સુવિધા ઉપલબ્ધ છે, ત્યાં પ્રતિદિન ૨૫૦થી વધુ વાચકો વાંચનનો લાભ લઈ રહ્યા છે, અને તાલુકા પુસ્તકાલયો ખાતે પણ ૧૦૦થી વધુ વાચકો પ્રતિદિન વાંચનનો લાભ મેળવી રહ્યા છે.

આદિજાતિ સમુદાયો પણ મેળવી રહ્યા છે વાંચનનો લાભ

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિવાસી સમુદાયોના લોકોમાં વાંચન પ્રત્યે રસ જાગૃત થાય અને તેઓ વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી રાજ્યના તમામ આદિવાસી તાલુકાઓમાં પણ પુસ્તકાલયો કાર્યરત કરવામાં આવ્યા છે. રાજ્યના ૭ આદિજાતિ જિલ્લાઓના ૧૪ તાલુકાઓમાં પુસ્તકાલયો શરૂ કરવામાં આવ્યા છે, જેના થકી આદિજાતિ સમુદાયને પણ વાંચન સેવાનો લાભ મળી રહ્યો છે.

### કૃષ્ણએ વાંસળી પ્રેમથી, પ્રસન્નતાથી,હસી હસીને વગાડી હતી

# કર્મ ને પણ વિકર્મ, કુકર્મ, દુષ્કર્મ અને અકર્મ એમ ચાર શ્રેણીમાં વિભાજિત કરવામાં આવે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**એક પ્રશ્ન સારો આવ્યો છે કે પાપ સ્વાભાવિક થાય છે જ્યારે અપરાધ મજબૂરીથી થાય છે! અથવા જાણીજોઈને થાય છે. ગીતામાં કૃષ્ણ એ કહ્યું કે સહજ કર્મ કૌન્તેય! પાપ જો સહજ હોય તો એને છોડવાની વાત શા માટે? ગીતામાં કર્મની વાત આવી છે! વિકર્મ, અકર્મ, કે કુકર્મ અથવા દુષ્કર્મ સહજની વાત નથી કરી, અને પાપએ વિકર્મ છે!**

માનસ અપરાધની બીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે રામચરિત માનસમાં અપરાધ શબ્દ ૩૨ વાર આવે છે, અને આપણે આ કથા ડરવા માટે નથી કરી રહ્યા! જાગૃત થઈને હવે અપરાધ મુક્ત જીવન જીવી શકીએ માટે રામચરિત માનસમાં કોને અપરાધ કહેવાય છે, એ વિશે ચિંતન કરીએ છીએ.

સનાતની પરંપરા મુજબ કોઈપણ પૌરાણિક કે વૈદિક યજ્ઞ હોય એના યજમાનને યજ્ઞ શરૂ કરતાં પહેલા હેમાદ્રી સ્નાન કરાવવામાં આવતું, અને એમાં ગોબર, ગૌમૂત્રાને, દૂધ વગેરે અનેક ચીજોથી, સ્નાન કરાવવામાં આવે છે, અને યજ્ઞનાં યજમાન પદની પવિત્રતા લાવવા માટે અપરાધોનાં એક લિસ્ટની નોંધ આપવામાં આવે છે. યજમાન દ્વારા મારાથી આવા અપરાધ થયા હોય તો, એમાંથી મને મુક્ત કરવામાં આવે એવું એક આત્મનિવેદન કરાવવામાં આવે છે. યજ્ઞમાં યજમાનનું હેમાદ્રી સ્નાન દ્વારા શુદ્ધ થવું જેમ આવશ્યક છે, એ જ રીતે છત્તીસગઢમાં કથા થઈ રહી છે, તો આપ સૌ યજમાન છે! અને એટલે આપણે હેમાદ્રી સ્નાન કરી રહ્યા છીએ! શુદ્ધ થઈ રહ્યાં છીએ! બસ આ ભાવથી કથા સાંભળો! કોઈએ ડરવાની જરૂર નથી. કથા જ્ઞાનયજ્ઞ નહીં પ્રેમ યજ્ઞ છે. જ્ઞાન આપવાની આપણી ઓકાત નથી. બ્રહ્મથી દુ:ખોની નિવૃત્તિ થતી નથી, પરંતુ બ્રહ્મજ્ઞાનથી દુ:ખોની નિવૃત્તિ થાય છે, એટલું જ્ઞાનનું પદ ઊંચું છે. ભગવત્ ગીતામાં કહ્યું છે ઈશ્વર સર્વભૂતાનાં, પણ છતાં આપણે દુ:ખી છીએ ! પણ બ્રહ્મજ્ઞાનથી દુ:ખોની નિવૃત્તિ થાય છે. આપણે નવ દિવસ આ ચોપાઈનું પ્રેમથી ગાન કરીશું ! જ્ઞાન નહીં પણ ગાન કરવાથી દુ:ખોથી નિવૃત્તિ થઈ શકે છે.

કૃષ્ણએ વાંસળી પ્રેમથી, પ્રસન્નતાથી,હસી હસીને વગાડી હતી, પણ ગોપીઓએ કૃષ્ણ વિરહમાં ગોપીગીત રોઈ રોઈને ગાયું હતું. ગોપી કહે છે કે અમે તો માત્ર બે ડગલાંનો સાથ માંગ્યો હતો, પણ તે પરિત્રાણાય સાધુનાય .. સંભવામિ યુગે યુગે..ના બહાનાં બનાવ્યાં. આ વાતે બે ત્રણ કવિઓની પંક્તિનો સંદર્ભ લીધો. તો ક્યારેક ક્યારેક મોટી મોટી પીડા, નાની નાની પીડા ભૂલાવે છે. પાત્રતા માટે જેમ યજ્ઞમાં હેમાદ્રિ સ્નાન કરાવે છે,એમ આપણે પણ અપરાધ વિશે જાગૃત રહેવાનું છે.

એક પ્રશ્ન સારો આવ્યો છે કે પાપ સ્વાભાવિક થાય છે જ્યારે અપરાધ મજબૂરીથી થાય છે! અથવા જાણીજોઈને થાય છે. ગીતામાં કૃષ્ણ એ કહ્યું કે સહજ કર્મ કૌન્તેય! પાપ જો સહજ હોય તો એને છોડવાની વાત શા માટે? ગીતામાં કર્મની વાત આવી છે! વિકર્મ, અકર્મ, કે કુકર્મ અથવા દુષ્કર્મ સહજની વાત નથી કરી, અને પાપએ વિકર્મ છે! કુકર્મ અને દુષ્કર્મ કોને કહેવાય એ આપણે જાણીએ છીએ,પણ વિકર્મ અને અકર્મ કોને કહેવાય એ પણ સમજી લઈએ.

સમાજ માટે જે બિલકુલ પ્રતિકુળ હોય! શાસ્ત્રો સંસ્કૃતિ અને સંતોએ બતાવેલી અસ્મિતાથી જે વિરુદ્ધ હોય, એને વિકર્મ કહે છે. પરંતુ અકર્મ એ સારી કક્ષા છે! સમસ્ત કર્મથી નિવૃત્તિ અથવા મુક્તિ કે પછી વૈરાગ્ય! સર્વારંભ પરિત્યાગી. તુલસીદાસજી એ અરણ્ય કાંડમાં શબરીની ગતિ વખતે છંદ લખ્યો છે, કે હે જીવ તું વિવિધ કર્મ છોડીને અકર્મી થઈ જા.

**નર બિબિધ કર્મ અધર્મ**
**બહુમત સોકપ્રદ સબ ત્યાગહૂ,**
**બિશ્વાસ કરી કહ દાસ તુલસી**
**રામ પદ અનુરાગહૂ.**

જીવ ની દિનચર્યામાં અનેક ક્રિયા અને કર્મ સામેલ છે, એનાથી નિવૃત્તિ કઠિન છે, પણ યોગ્ય કર્મનું નામ ધર્મ છે, અને ન કરવા યોગ્ય કામ કરવા એ અધર્મ છે. પાપ કર્મની શ્રેણીમાં નથી, એ ન કરવાની શ્રેણીમાં આવે છે. મહાભારતનું એક દ્રષ્ટાંત જોઈએ, તો જ્યારે કૌરવ પાંડવ વચ્ચે દ્યુત રમાયુ, અને પાંડવો દ્રૌપદીને હારી ગયાં!ત્યારબાદ કૃષ્ણ આવે છે અને યુધિષ્ઠિરને કહે છે કે મારા સુધી આ વાત પહોંચી ન્હોતી, નહીં તો હું તને આ વિકર્મથી બચાવી લેત, અને ભગવાન કૃષ્ણએ આ સંદર્ભે ચાર વિકર્મ અથવા અપરાધ બતાવ્યા છે.

(૧) મદ્યપાન (૨) અયોગ્ય સ્ત્રી નો સંગ, (૩) દ્યુત, (૪) મૃગ્યા. કાલિદાસે રઘુવંશમાં પણ દશરથ વિશે આ ચાર વાત કહી છે. નળ દમયંતી ના દ્રષ્ટાંતમાં પણ રાજા નળ જુગાર રમ્યા તો કેવી દશા થઈ! લોકો સમજી શકે એ માટે ગમે તે વક્તા હોય એણે ક્યાંક ક્યાંકથી દ્રષ્ટાંત કે સંદર્ભ લેવા પડે, કારણકે પોતાનાં સત્યરથ નિવેદનને દ્રઢ કરવું આવશ્યક છે. વક્તા માટે કેટલીક વસ્તુઓ આવશ્યક છે.(૧) અવાજ, વક્તાનો અવાજ શ્રોતાને જાગૃત કરે તેવો હોવો જોઈએ,(૨) અંદાજ, એ બીજું લક્ષણ છે, રજૂઆતનો અંદાજ હોય અને ક્યાંય ઓવર એક્શન ન થઈ જાય, સત્વના રસને સ્થાને બિભત્સ રસ ન આવી જાય એવો અંદાજ.(૩) આગાઝ એટલે કે આરંભ, મુદ્દાસર અને શ્રોતાની પ્રતિક્રિયા કેવી હશે, એ સંભાવનાઓ વિચારીને શરૂઆત કરે. ૪) અંજામ એટલે કે અંત અથવા તો પરિણામ. ભક્તિના જળથી સ્નાન કરી રહ્યા છીએ, અને ચોપાઈ નામનો સાબુ છે, તો નવ દિવસ આપણે ન્હાઈને અપરાધ મુક્ત થઈશું, કે પછી અભ્યંતર સ્નાન થશે.

હેમાદ્રી સ્નાનનો સંદર્ભ લીધો છે, તો યજ્ઞમાં બેસનારા યજમાનો માટે સ્નાન કરવું આવશ્યક છે, અને સ્નાન વખતે બોલાવવામાં આવે છે કે મારાથી ક્યારેય પંક્તિ ભેદ થઈ ગયો હોય, તો હે ઈશ્વર એ અપરાધ મારો ક્ષમા કરી દેજે! પંક્તિ વેદ એટલે કે ભેદભાવ બીજાથી છૂપાવવું, એકને પાસે બેસાડવું, બીજાને ધક્કો મારવો, બીજાની અપેક્ષા કરવી, વર્ણ આશ્રમની રીતે ઊંચનીચ જોવું, આ બધું જ પંક્તિ ભેદ છે. સૌ સરખા સન્માનના અધિકારી છે, એ હેમાદ્રી સ્નાન વખતે યાદ દેવડાવવામાં આવે છે.

છ વસ્તુનો અપરાધ ન કરવો(૧) કોઈની સાધના નો અપરાધ ન કરવો, (૨) કોઈનાં સાધન નો અપરાધ ન કરવો,(૩) કોઈના મંત્રનો અપરાધ ન કરવો,(૪) કોઈના સૂત્રનો અપરાધ ન કરવો. (૫) કોઈનાં શસ્ત્રનો અપરાધ ન કરવો અને (૬) કોઈનાં શાસ્ત્રનો અપરાધ ન કરવો, આ છ અપરાધ ગીતામાં પણ કહ્યાં છે. આ ઉપરાંત માનસમાં ગુરુ અપરાધને બહુ મોટો અપરાધ કહ્યો છે, ગુરુ અપરાધ દોષ નહી દુજા! એના જેવો ભયંકર કોઈ દોષ નથી. ચંદ્ર બૃહસ્પતિની પત્ની એટલે કે ગુરુ પત્ની વિશે અયોગ્ય વિચારે છે અને એ કારણે એને શ્રાપ મળ્યો એ કલંકિત થઈ ગયો. ગુરુ અપરાધ, ભગવદ અપરાધ, સંત અપરાધ, દેવ અપરાધ, અનેક અપરાધની તુલસીદાસજી જુદા જુદા સંદર્ભમાં આપણે સાવધાન રહીએ એટલે કથા કહે છે.

પહેલા દિવસની કથાનાં વિરામ સમયે હનુમાન મહારાજની વંદના કરી, અને તુલસીએ સૌપ્રથમ માતૃ શરીરની વંદના કરી છે. વંદના પ્રકરણમાં પણ પહેલા જાનકીની વંદના છે. કળિયુગમાં બધા સાધન કરતાં હરિનામ ઉત્તમ સાધન મનાયું છે. માના ચરણ યજ્ઞ છે, દાન છે, તપ છે, કારણ કે ગીતા કહે છે, યજ્ઞ, જ્ઞાન, અને તપથી જ બુદ્ધિ શુદ્ધ થાય છે, એટલે માતૃ ચરણ યજ્ઞમાં આહુતિ આપવામાં આવે છે, અને યજ્ઞ કરવાથી બુદ્ધિ વિશુદ્ધ થશે! માતૃ ચરણને મસ્તકની આહુતિ આપો, એટલે કે મા ના ચરણે હંમેશા માથું નમાવેલુ રાખીએ, તો બુદ્ધિ સાત્વિક રહેશે. તુલસીનું શાસ્ત્ર નારીપ્રધાન શાસ્ત્ર છે, એટલે કે મૂળ શક્તિ સ્ત્રોતની તુલસીને ખબર છે, એની પર તૂટી પડવું યોગ્ય નથી. નામ વંદનાના સંદર્ભે કહ્યું કે વિશ્વના કલ્યાણાર્થે હરિનામનો ખૂબ જ મહિમા છે, એમ કહી બીજા દિવસની કથાને વિરામ આપ્યો.

### મુષ્ટિપ્રહાર કરી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજને આપ્યું ને આજ્ઞા કરી કે, ધર્મથી પૃથ્વીનું પાલન કરો

# સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. પૈસા વધે એટલે લોકોમાં વિવેક રહેતો નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**માનવશરીર એ ઘડો છે.આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં.એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે જ્ઞાન થવું એ અઘરું નથી,પણ આવેલું જ્ઞાન ટકતું નથી. જ્ઞાનને ટકાવવા ઇન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિશક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઇન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે.**

કર્મ એ ચિત્તશુદ્ધિ માટે, ભક્તિ એ મનની એકાગ્રતા માટે છે જીવનમાં કર્મ ઉપાસના અને જ્ઞાનએ ત્રણેય ની જરૂર છેકર્મથી ચિતશુદ્ધિ થયા પછી બ્રહ્મજિજ્ઞાશા થાય છે. દહાડે દહાડે હિરણ્યાક્ષનો લોભ વધે છે એક વખત હિરણ્યાક્ષ પતાળમાં ગયો.વરુણ સાથેલડવા તૈયારી કરી,વરુણે કહ્યું,તું વરાહ નારાયણ સાથે યુદ્ધ કર.

હિરણ્યાક્ષ વરાહ ભગવાન પાસે આવ્યો.તે વરાહ ભગવાનને કહે, તું ડુક્કર જેવો છે.વરાહનારાયણ હિરણ્યાક્ષને કહે,તું કૂતરા જેવોછે

બોલાચાલીમાં મારામારી થાય છે. સર્વ પાપનું મૂળ વાણી છે. મનનો દોષ વાણી દ્વારા પ્રગટ થાય છે.

મુષ્ટિપ્રહાર કરી વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજને આપ્યું ને આજ્ઞા કરી કે, ધર્મથી પૃથ્વીનું પાલન કરો. પછી વરાહ ભગવાન બદરિનારાયણ સ્વરૂપમાં લીન થયા. સમાજને સુખી કરવો તે મનુષ્ય માત્રનો ધર્મ છે.આ વાત વરાહ ભગવાને પોતાના આચરણથી મનુષ્યોને શીખવી છે.

મનુષ્યનો જીવનમાં લોભ છે ત્યાં સુધી પાપ છે અને પાપ છે ત્યાં સુધી ધર્મ નથી. લોભને મારવા વરાહનારાયણના ચરણોનો આશ્રય કરજો.

બુદ્ધિનો ઉપયોગ કેવળ અર્થોપા ર્જન કરવા માટે ન કરો. તેનો ઉપયોગ ઈશ્વરોપાસના માટે પણ કરો, નહીંતર પેલા ઝવેરીઓ જેવી દશા થશે.

એક વખત એક રાજાના દરબાર માં એક ઝવેરાત આવ્યો. તેનીપાસે એક હીરો હતો.આ હીરાનીકિંમત કરવા માટે તમામ ઝવેરીઓને ભેગા કરવામાં આવ્યા દરેકેએ હીરાની કિંમત જુદી જુદી આંકી. રાજા નિરાશ થયો. તેવામાં એક ઝવેરી આવ્યો. હીરાની કિંમત નવ્વાણું લાખ રૂપિયા બતાવી. રાજાએ પૂછ્યું, એક કરોડમાં એક લાખ ઓછા શા માટે? વૃદ્ધ ઝવેરીએ બીજા સો હીરા મંગાવી પેલા હીરાની આજુ બાજુ ગોઠવી દીધા.તે હીરાની ચમક સોમાંથી નવ્વાણું હીરા પર પડી પણ એક હીરા પર ન પડી વૃદ્ધ ઝવેરીએ કહ્યું,આટલા માટે મેં એની કિંમત એક લાખ રૂપિયા ઓછી આંકેલી.

રાજા ખુશ થઈ કહે છે, મંત્રીજી, ઝવેરીને ઈનામ આપો! તે વખતે ત્યાં એક મહાત્મા બેઠેલા હતા, તેણે ઊભા થઈ કહ્યું કે,એ ઝવેરી ના માથા ઉપર રાખ નાખો!એ કેવળ મૂર્ખ છે! મહાત્માને એનું કારણ પૂછવામાં આવ્યું.મહાત્મા જીએ કહ્યું,ઝવેરીએ ભગવાને આપેલી બુદ્ધિનો ઉપયોગ કેવળ પથરાની કિંમત કરવામાં કર્યો છે ઈશ્વરનું ભજન કરવા માટે કર્યો નથી. જે બુદ્ધિનો ઉપયોગ તેણે પથરાને ઓળખવા માટે કર્યો તે બુદ્ધિનો ઉપયોગ ઈશ્વર ઓળખવા માટે કર્યો હોત તો તેનો ઉદ્ધાર થઈ જાત. ભલે તેને તમે ડાહ્યો માનો. હું તેને મૂર્ખ માનું છું.

મનુષ્યના શરીરમાં નવ છિદ્રો છે. તે વાટે જ્ઞાન બહાર નીકળી જાય છે. ઈન્દ્રિયોમાંથી જ્ઞાન બહાર ન નીકળી જાય તે માટે ઈન્દ્રિયોને ઈશ્વરને માર્ગે વાળો. ઈન્દ્રિયોનો નિરોધ કરો અને ઈન્દ્રિયોને પ્રભુ માર્ગમાં વાળો.

તૃતીય સ્કંધમાં બે પ્રકરણો છે: પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસામાં વરાહનારાયણની અવતારની કથા કહી છે.ઉત્તર મિમાંસામાં કપિલ નારાયણના ચરિત્રનું વર્ણન કર્યું છે. યજ્ઞ કર્યા વગર કપિલ નારાયણની વિદ્યા બુદ્ધિમાં સ્થિર થતી નથી.કાયા, વાણી,મનથી કોઈને દુભાવવું નહીં તે યજ્ઞ છે.સત્ય બોલવું તે પણ યજ્ઞ છે.સદાસર્વદા પ્રસન્ન રહેવું એ પણ યજ્ઞ છે.યજ્ઞ વિના,સત્કર્મ વિના ચિત્તશુદ્ધિ થતી નથી અને ચિત્તશુદ્ધિ વગર જ્ઞાન ટકતું નથી.

માનવશરીર એ ઘડો છે.આ ઘડાને નવ છિદ્રો છે. ઘડામાં છિદ્રો હોય તો ઘડો ભરાય નહીં. એક-એક છિદ્રમાંથી અનેક વખત વિકાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે જ્ઞાન થવું એ અઘરું નથી,પણ આવેલું જ્ઞાન ટકતું નથી. જ્ઞાનને ટકાવવા ઈન્દ્રિયોમાંથી વહી જતી બુદ્ધિશક્તિને અટકાવવાની છે. જ્ઞાનીઓ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવે છે.ત્યારે વૈષ્ણવો તેને પ્રભુના માર્ગમાં વાળે છે. આજે જ્ઞાન બધું પુસ્તકમાં રહ્યું છે, મસ્તકમાં રહ્યું નથી.પુસ્તકોની પાછળ પડે એ વિદ્વાન અને પ્રભુ પ્રેમમાં પરમાત્માની પાછળ પડે તે સંત.વિદ્વાન શાસ્ત્ર પાછળ દોડે છે ત્યારે શાસ્ત્ર સંતની પાછળ દોડેછે શાસ્ત્રો વાંચીને જે બોલે તે વિદ્વાન પ્રભુને રિઝવીને પ્રભુપ્રેમમાં પાગલ થયેલો જે બોલે તે સંત.

ગીતાજીમાં ભગવાને કહ્યું છે કે, હૃદયમાં સાત્વિક ભાવ જાગે, મન શુદ્ધ થાય, એટલે હૃદયમાંથી જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે.મીરાં બાઈ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયાં નથી.તુકારામ મહારાજ પણ કોઈના ઘરે શાસ્ત્ર ભણવા ગયા નથી.જ્ઞાનનો શત્રુ છે હિરણ્યાક્ષ.ભાગવતમાં જે અવતારનો ક્રમ બતાવ્યો છે તેમાં પહેલાં હિરણ્યાક્ષનો વધ,પછી કપિલ ભગવાન આવે છે.

તમારા મનને પૂછશો કે ઈશ્વરે મને જે સંપત્તિ-સુખ આપ્યાં છે તેને હું લાયક છું કે નહીં?તો જવાબ મળશે કે લાયક નથી. એટલા માટે થાય છે કે,મનુષ્ય માને છે કે પ્રભુએ મને ઓછું આપ્યું છે.

સ્વયંભુવ મનુની રાણીનું નામ શત રૂપા.મનુ મહારાજને ત્યાં બે બાળકો થયાં.તેમનાં નામોપ્રિયવ્રત અને ઉત્તાનપાદ. ત્રણ કન્યાઓ થઈ.તેમનાં નામો આકૃતિ,દેવહુતિ તથા પ્રસૂતિ. તેમાં આકૃતિ રુચિને, દેવહૂતિ કર્દમને અને પ્રસૂતિ દક્ષને પરણાવી.દેવહુતિનું લગ્ન કર્દમ ઋષિ સાથે થયું હતું.તેમને ત્યાં કપિલ ભગવાન પધાર્યા.વિદુરજી પ્રશ્ન કરે છેકે,હેમૈત્રેયજી આકપિલ ભગવાનની કથા મને કહો.

મૈત્રેયજી કહે છે,કપિલ બ્રહ્મજ્ઞાન નું સ્વરૂપ છે. કર્દમ થશો તો તમારે ઘરે કપિલ આવશે. કર્દમ એટલે કરદમ.ઈન્દ્રિયોનું દમન કર. ઈન્દ્રિયોનું દમન કરે એ કર્દમ. કર્દમ એટલે જિતેન્દ્રિય. શરીરમાં સત્ત્વ ગુણની વૃદ્ધિ થાય એટલે આપો આપ જ્ઞાનનો ઝરો ફૂટે છે,જ્ઞાન પ્રગટે છે. જ્ઞાનની પ્રાપ્તિ શરીરમાં સત્ત્વગુણ વધવાથી થાય છે. સત્ત્વગુણ શુદ્ધ આહાર,શુદ્ધ આચાર,શુદ્ધ વિચારથી વધે છે.સંયમથી-સદાચારથી સત્ત્વગુણ વધવાથી અંદરથી જ્ઞાન સ્ફુરણ થાય છે.જીભ સુધરે તો જીવન સુધરે છે.લૂલી માગે તે તેને આપશો નહીં. બે-ચાર મિનિટમાં ઊંઘ આવશે એમ લાગે ત્યારે જ પથારીમાં પડો.

જિતેન્દ્રિય થવા માટે સરસ્વતીના કિનારે રહેવું પડશે. સરસ્વતીનો કિનારો એટલે સત્કર્મનો કિનારો. યમુનાજી ભક્તિનું સ્વરૂપ છે.ગંગા જ્ઞાનનું અને સરસ્વતી સત્કર્મનું સ્વરૂપ છે.લક્ષ્ય વગરનો આદમી સઢ વગર ના વહાણ જેવો છે. કર્દમ જિતેન્દ્રિય મહાત્મા છે. તેમણે ખૂબ તપશ્ચર્યા કરી.શરીર માં હાડકાં જ બાકી રહ્યાં છે. કર્દમની તપશ્ચર્યા જોઈ પ્રભુ પ્રસન્ન થયા.આંખમાંથી હર્ષના આંસુ નીકળ્યાં. તેનું થયું બિંદુ સરોવર.સિદ્ધપુરની જાત્રા વખતે આ બિંદુ સરોવરમાં સ્નાન કરવું પડે છે. તમે ખૂબ ધ્યાન કરશો તો ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે, તમને દર્શન આપશે.ભગવાનનું ધ્યાન ન થાય તો વાંધો નહીં,પણ સાવધાન રહેજો કે તમારું મન સંસારના વિષયોમાં સ્થિર ન થાય આંખ રતનનું જતન કરજો. આંખની શક્તિ વેડફી નાંખશો નહીં. સંસારનું સૌંદર્ય ક્ષણિક છે. પૈસા વધે એટલે લોકોમાં વિવેક રહેતો નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે અહીં અટકીએ અસ્તુ.





# અહાન અને અનીતની ફિલ્મ 'સૈયારા-૨'ની સિક્વલ બનશે?

**ફિલ્મ 'સૈયારા' ૧૮ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ દ્વારા અહાન પાંડેએ એક્ટિંગ ડેબ્યૂ કર્યો છે**

વર્ષ ૨૦૨૫ની જુલાઈમાં અહાન પાંડે અને અનીત પડ્ડા અભિનીત ફિલ્મ 'સૈયારા' રિલીઝ થઈ હતી. આ ફિલ્મનું દિગ્દર્શક મોહિત સૂરીએ કર્યું છે. બૉક્સ ઑફિસ પર ફિલ્મનું પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું છે. ઘણા સમયથી એવા અટકળો લગાવવામાં આવી રહી છે કે શું આ ફિલ્મનો સિક્વલ પણ આવશે? આ પ્રશ્નનો જવાબ ખુદ મોહિત સૂરીએ આપી દીધો છે.હાલમાં મોહિત સૂરીએ 'સૈયારા પાર્ટ ૨' અંગે ચૂપ્પી તોડી. એક પત્રકારે તેમને પૂછ્યુ કે શું 'સૈયારા'ના સેકન્ડ પાર્ટની તૈયારીઓ ચાલી રહી છે? તેની પર મોહિત સૂરીએ સ્પષ્ટ ઈનકાર કર્યો. તેણે કહ્યું, 'બીજા પાર્ટની યોજના નથી. આ ખૂબ જ ખાસ મોમેન્ટ છે, તેનો આનંદ લઈએ. આ ફિલ્મ હજુ પણ સિનેમાઘરોમાં છે અને સિક્વલ સાથે સફળતાનો લાભ ઉઠાવવાનો કોઈ ઈરાદો નથી.'ફિલ્મ 'સૈયારા' ૧૮ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ દ્વારા અહાન પાંડેએ એક્ટિંગ ડેબ્યૂ કર્યો છે. જ્યારે લીડ અભિનેત્રી તરીકે અનીત પડ્ડાની પણ આ પહેલી ફિલ્મ છે. આ ફિલ્મ ૩૦૦ કરોડ કલબમાં સામેલ થઈ છે. ફિલ્મે દેશી બૉક્સ ઑફિસ પર ૩૨૯.૨ કરોડ રૂપિયા કમાયા છે. આ એક રોમેન્ટિક લવ સ્ટોરી ફિલ્મ છે. યુવાનોમાં ફિલ્મનું ખાસ ક્રેઝ જોવા મળ્યું. એક પત્રકારે તેમને પૂછ્યુ કે શું 'સૈયારા'ના સેકન્ડ પાર્ટની તૈયારીઓ ચાલી રહી છે? તેની પર મોહિત સૂરીએ સ્પષ્ટ ઈનકાર કર્યો. તેણે કહ્યું, 'બીજા પાર્ટની યોજના નથી. આ ખૂબ જ ખાસ મોમેન્ટ છે, તેનો આનંદ લઈએ. આ ફિલ્મ હજુ પણ સિનેમાઘરોમાં છે અને સિક્વલ સાથે સફળતાનો લાભ ઉઠાવવાનો કોઈ ઈરાદો નથી.'ફિલ્મ 'સૈયારા' ૧૮ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ દ્વારા અહાન પાંડેએ એક્ટિંગ ડેબ્યૂ કર્યો છે. જ્યારે લીડ અભિનેત્રી તરીકે અનીત પડ્ડાની પણ આ પહેલી ફિલ્મ છે. આ ફિલ્મ ૩૦૦ કરોડ કલબમાં સામેલ થઈ છે. ફિલ્મે દેશી બૉક્સ ઑફિસ પર ૩૨૯.૨ કરોડ રૂપિયા કમાયા છે. આ એક રોમેન્ટિક લવ સ્ટોરી ફિલ્મ છે. યુવાનોમાં ફિલ્મનું ખાસ ક્રેઝ જોવા મળ્યું.

# દીપિકાએ છોડી દીધેલી ફિલ્મ રણબીર શાહિદનું બેન્ડ બજાવી દેશે

**ફિલ્મમાં યુવાન દેખાવા માટે પ્રભાસે વજન ઘટાડવું પડશે. આ સાથે, તે નવી હેરસ્ટાઇલ અપનાવશે**



પ્રભાસની કેટલીક ફિલ્મો ૨૦૨૬ માં દસ્તક આપશે. જોકે તેની શરૂઆત 'ધ રાજા સાબ'થી થવાની ધારણા છે. જે પહેલા આ વર્ષના અંતમાં રિલીઝ થવાની હતી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મ મુલતવી રાખવામાં આવી છે. 'કલ્કી ૨૮૯૮ એડી' પછી પ્રભાસની કોઈ ફિલ્મ આવી નથી. પરંતુ તે હાલમાં જે ફિલ્મ પર કામ કરી રહ્યો છે તે 'સ્પિરિટ' છે. સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મમાં તૃપ્તિ ડિમરી પ્રભાસ સાથે હશે. જોકે દીપિકાને પહેલા પસંદ કરવામાં આવી હતી, પરંતુ પછીથી તેણે ફિલ્મ છોડી દેવાનો નિર્ણય લીધો. હવે પ્રભાસ ફિલ્મ માટે એક મોટો ફેરફાર કરી રહ્યો છે.ખરેખર સંદીપ રેડ્ડી વાંગાનો પાછલો પ્રોજેક્ટ 'એનિમલ' હતો. જેમાં રણબીર કપૂરે તેની સાથે કામ કર્યું હતું અને દુનિયાભરમાંથી ૯૦૦ કરોડથી વધુ કમાણી કરી હતી. એક વેબસાઈટ પર પ્રકાશિત થયેલા અહેવાલમાં જણાવાયું છે કે તે એક સુપરનેચરલ થ્રિલર હશે. જે પૂર્ણ થયા પછી, તે એનિમલ પાર્ક પર કામ કરવાનું શરૂ કરશે.નવા અહેવાલમાં જણાવાયું છે કે સંદીપ રેડ્ડી વાંગા ટૂંક સમયમાં 'સ્પિરિટ' પૂર્ણ કરવાની યોજના બનાવી રહ્યા છે. ત્યારબાદ તે ટૂંક સમયમાં 'એનિમલ' ની સિક્વલ પર કામ કરવાનું શરૂ કરશે. આ જ કારણ છે કે પ્રભાસની ફિલ્મ એક જ શેડ્યૂલમાં શૂટ કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ ૬ મહિનામાં બનીને તૈયાર થઈ જશે. જોકે, ફિલ્મની સૌથી ખાસ વાત પ્રભાસનો લુક હશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે 'સ્પિરિટ'માં પ્રભાસ 'સંપૂર્ણપણે અલગ' દેખાશે.ફિલ્મમાં યુવાન દેખાવા માટે પ્રભાસે વજન ઘટાડવું પડશે. આ સાથે, તે નવી હેરસ્ટાઈલ અપનાવશે. ઉપરાંત, તે ફિલ્મમાં એવા કપડાં પહેરશે જે તેણે પહેલાં ક્યારેય પહેર્યા નથી. ખરેખર, આ ભૂમિકા પ્રભાસને તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢશે. આ તેની પહેલી ડાર્ક સુપરનેચરલ ફિલ્મ છે. જે તેને એક અલગ ઝોનમાં લઈ જશે.આ પહેલા વાંગાએ રણબીર કપૂરની એનિમલ અને શાહિદની કબીર સિંહ પણ બનાવી હતી. બંને ફિલ્મોને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફિલ્મ સાથે તે બંનેનો રેકોર્ડ તોડી શકે છે. ખરેખર, દીપિકાએ આ ફિલ્મ છોડી દીધી છે. જેના પછી ઘણો હોબાળો થયો હતો. પરંતુ બાદમાં તાપતિ ડિમરીને ફિલ્મમાં રજૂ કરવામાં આવી હતી. જોકે, વાંગાએ તેની સાથે એનિમલમાં પણ કામ કર્યું છે. ચાહકો પણ બંનેની ફિલ્મ માટે ખૂબ જ ઉત્સાહિત છે. જે તેને એક અલગ ઝોનમાં લઈ જશે.આ પહેલા વાંગાએ રણબીર કપૂરની એનિમલ અને શાહિદની કબીર સિંહ પણ બનાવી હતી. બંને ફિલ્મોને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફિલ્મ સાથે તે બંનેનો રેકોર્ડ તોડી શકે છે. ખરેખર, દીપિકાએ આ ફિલ્મ છોડી દીધી છે. જેના પછી ઘણો હોબાળો થયો હતો. પરંતુ બાદમાં તાપતિ ડિમરીને ફિલ્મમાં રજૂ કરવામાં આવી હતી. જોકે, વાંગાએ તેની સાથે એનિમલમાં પણ કામ કર્યું છે. ચાહકો પણ બંનેની ફિલ્મ માટે ખૂબ જ ઉત્સાહિત છે.


## સંદીપ રેડ્ડી વાંગાનો પાછલો પ્રોજેક્ટ 'એનિમલ' હતો




નવા અહેવાલમાં જણાવાયું છે કે સંદીપ રેડ્ડી વાંગા ટૂંક સમયમાં 'સ્પિરિટ' પૂર્ણ કરવાની યોજના બનાવી રહ્યા છે. ત્યારબાદ તે ટૂંક સમયમાં 'એનિમલ' ની સિક્વલ પર કામ કરવાનું શરૂ કરશે. આ જ કારણ છે કે પ્રભાસની ફિલ્મ એક જ શેડ્યૂલમાં શૂટ કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ ૬ મહિનામાં બનીને તૈયાર થઈ જશે. જોકે, ફિલ્મની સૌથી ખાસ વાત પ્રભાસનો લુક હશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે 'સ્પિરિટ'માં પ્રભાસ 'સંપૂર્ણપણે અલગ' દેખાશે.ફિલ્મમાં યુવાન દેખાવા માટે પ્રભાસે વજન ઘટાડવું પડશે. આ સાથે, તે નવી હેરસ્ટાઈલ અપનાવશે. ઉપરાંત, તે ફિલ્મમાં એવા કપડાં પહેરશે જે તેણે પહેલાં ક્યારેય પહેર્યા નથી. ખરેખર, આ ભૂમિકા પ્રભાસને તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર કાઢશે. આ તેની પહેલી ડાર્ક સુપરનેચરલ ફિલ્મ છે. જે તેને એક અલગ ઝોનમાં લઈ જશે.આ પહેલા વાંગાએ રણબીર કપૂરની એનિમલ અને શાહિદની કબીર સિંહ પણ બનાવી હતી. બંને ફિલ્મોને જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ફિલ્મ સાથે તે બંનેનો રેકોર્ડ તોડી શકે છે. ખરેખર, દીપિકાએ આ ફિલ્મ છોડી દીધી છે. જેના પછી ઘણો હોબાળો થયો હતો. પરંતુ બાદમાં તાપતિ ડિમરીને ફિલ્મમાં રજૂ કરવામાં આવી હતી. જોકે, વાંગાએ તેની સાથે એનિમલમાં પણ કામ કર્યું છે. ચાહકો પણ બંનેની ફિલ્મ માટે ખૂબ જ ઉત્સાહિત છે. જે તેને એક અલગ ઝોનમાં લઈ જશે.

# CM યોગી પર આધારિત ફિલ્મ 'અજેય'નું જબરદસ્ત ટ્રેલર રિલીઝ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જીવન પર આધારિત ફિલ્મ 'અજય- ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી'નું ટ્રેલર ગુરુવારે રિલીઝ થયું છે. આ ફિલ્મ ૧૯મી સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં અભિનેતા અનંત જોશી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવી રહ્યા છે, જ્યારે પરેશ રાવલ પણ આ ફિલ્મમાં જોવા મળશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સંઘર્ષપૂર્ણ અને પ્રેરણાદાયક જીવનકથા હવે મોટા પડદા પર જીવંત થવા જઈ રહી છે. સીએમ યોગીની બાયોપિક 'અજેયઃ ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી'માં એક વિદ્યાર્થીથી યોગી અને પછી એક મજબૂત નેતા બનવાની સફરને દર્શાવશે. આ ફિલ્મનું દિગ્દર્શન રવિન્દ્ર ગૌતમ દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે સંગીત મીત બ્રધર્સ દ્વારા



આપવામાં આવ્યું છે. તેની વાર્તા લેખક શાંતનુ ગુપ્તાના લોકપ્રિય પુસ્તક 'ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર' થી પ્રેરિત છે. ફિલ્મમાં અનંત જોશી ઉપરાંત, ભોજપુરી સુપરસ્ટાર દિનેશ લાલ યાદવ (નિરહુઆ), પરેશ રાવલ, પવન મલ્હોત્રા, રાજેશ ખટ્ટર, ગરિમા વિક્રાંત સિંહ અને સરવર આહુજા પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું દિગ્દર્શન રવિન્દ્ર ગૌતમ દ્વારા કરવામાં આવ્યું છે, જ્યારે સંગીત મીત બ્રધર્સ દ્વારા આપવામાં આવ્યું છે. તેની વાર્તા લેખક શાંતનુ ગુપ્તાના લોકપ્રિય પુસ્તક 'ધ મોન્ક હુ બિકેમ ચીફ મિનિસ્ટર' થી પ્રેરિત છે.ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના જન્મસ્થળથી તેમના રાજકીય કારકિર્દી સુધીની સફરને વાસ્તવિક રીતે દર્શાવવા માટે આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૪માં ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશના વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું હતું. શૂટિંગ મે ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થયું હતું.



સલમાન ખાનની અભિનેત્રીએ ટકોર કરી કે કોઈ કારણ વગર લોકોને કામ આપવાથી નિષ્ફળ ફિલ્મો જ વધશે

# કરણ જોહરે નિષ્ફળ સ્ટાર કિડ્સને વારંવાર તક શું કામ દેવી જોઈએ : ઝરીન ખાન

ઈબ્રાહિમ અલી ખાનની પહેલી ફિલ્મ નાદાનિયાં આ વર્ષની શરૂઆતમાં રિલીઝ થઈ હતી, પરંતુ ફિલ્મને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. લોકોએ ખાસ કરીને ઈબ્રાહિમ અને ખુશી કપૂરના અભિનય પર સવાલ ઉઠાવ્યા હતા. હવે અભિનેત્રી ઝરીન ખાને ફિલ્મ નિર્માતા કરણ જોહર અને અન્ય નિર્માતાઓને પ્રશ્ન કર્યો છે કે તેઓ આવા સ્ટાર કિડ્સને વારંવાર તકો કેમ આપે છે જે અત્યાર સુધી પોતાને સાબિત કરી શક્યા નથી.તેણીએ કહ્યું કે જ્યારે તેમને સતત ફિલ્મો મળતી રહેશે, ત્યારે તેમને સખત મહેનત કરવા અને પોતાને સુધારવાની કોઈ પ્રેરણા નહીં મળે.ફિલ્મને 'બિનજરૂરી અને હળવી' ગણાવતા, ઝરીને કહ્યું, ''જ્યારે આપણે ઈબ્રાહિમની નદાનિયાં વિશે વાત કરીએ છીએ. મને તે ખૂબ જ હળવી ફિલ્મ લાગી. તમે તેમાં કેવી રીતે અભિનય કરી શકો છો? કદાચ તેને એક સારા દિગ્દર્શકની જરૂર છે જે તેને યોગ્ય રીતે માર્ગદર્શન આપી શકે. આવું ઘણા કલાકારો સાથે થાય છે, જેમ કે દીપિકા પાદુકોણ, જ્યારે તે ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે તે ખૂબ જ અનપોલિશ્ડ હતી, પરંતુ સંજય લીલા ભણસાલીએ તેને પોલિશ કરી હતી. ઝરીને વધુમાં કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના નવા દિગ્દર્શકો, જેઓ હજુ સુધી જાણીતા નથી, તેઓ સ્ટાર કિડ્સ અથવા મોટા પ્રોડક્શન હાઉસના મનપસંદને માર્ગદર્શન આપવામાં અચકાય છે. તેમને ડર છે કે જો તેઓ કડકાઈ બતાવશે, તો તેમની ફિલ્મ છીનવાઈ જશે.

ઝરીને એમ પણ કહ્યું કે જો દર્શકો તેમના કામથી નિરાશ થાય છે, તો પણ સ્ટાર કિડ્સ ફિલ્મો મેળવતા રહે છે. આ જ કારણ છે કે તેઓ પોતાની કુશળતા પર કામ કરવાનું જરૂરી માનતા નથી. તેઓ સ્ટાર કિડ્સ અથવા મોટા પ્રોડક્શન હાઉસના મનપસંદને માર્ગદર્શન આપવામાં અચકાય છે. તેમને ડર છે કે જો તેઓ કડકાઈ બતાવશે, તો તેમની ફિલ્મ છીનવાઈ જશે.ઝરીને એમ પણ કહ્યું કે જો દર્શકો તેમના કામથી નિરાશ થાય છે, તો પણ સ્ટાર કિડ્સ ફિલ્મો મેળવતા રહે છે. આ જ કારણ છે કે તેઓ પોતાની કુશળતા પર કામ કરવાનું જરૂરી માનતા નથી.

## 'બાગી ૪'માંથી સેન્સર બોર્ડે ૨૩ દ્રશ્યો કાપી નાખ્યા

# ટાઈગર શ્રોફની ફિલ્મ બાગી ૪એ રિલીઝ પહેલા જ કરોડો કમાઈ લીધા

**રિપોર્ટ મુજબ, બાગી ૪ ની અત્યાર સુધીમાં એડવાન્સ બુકિંગથી ૧૧૧૦૩૧ ટિકિટ વેચાઈ ગઈ છે**



ટાઈગર શ્રોફ ફરી એકવાર શાનદાર કમબેક કરવા જઈ રહ્યો છે. તે ફિલ્મ બાગી ૪ થી કમબેક કરી રહ્યો છે. ચાહકો તેના જબરદસ્ત સ્ટાઈલ જોવા માટે રાહ જોઈ રહ્યા છે. આ પહેલા બાગી ફ્રેન્ચાઈઝની ૩ ફિલ્મો આવી છે અને હવે તે ચોથી ફિલ્મ લઈને આવ્યો છે. બાગી ૪ માં સંજય દત્ત ટાઈગર શ્રોફ સાથે વિલનની ભૂમિકામાં જોવા મળશે.બાગી ૪ ૫ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું ત્યારથી જ દરેક તેની રિલીઝની રાહ જોઈ રહ્યા હતા. હવે તેની રિલીઝ માટે એક દિવસ બાકી છે, તેથી એડવાન્સ બુકિંગમાં ઘણી કમાણી થઈ રહી છે.બાગી ૪ નું એડવાન્સ બુકિંગ તાજેતરમાં શરૂ થયું છે. ફિલ્મની અત્યાર સુધીમાં ૧ લાખથી વધુ ટિકિટ વેચાઈ ગઈ છે.રિપોર્ટ મુજબ, બાગી ૪ ની અત્યાર સુધીમાં એડવાન્સ બુકિંગથી ૧૧૧૦૩૧ ટિકિટ વેચાઈ ગઈ છે. જેના કારણે બ્લોક સીટ સહિત, બાગી ૪ એ અત્યાર સુધીમાં ૫.૦૭ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ કમાણી હવે ઘણી વધવાની છે કારણ કે હજુ એક આખો દિવસ બાકી છે. જેમાં એડવાન્સ બુકિંગથી સારી કમાણી થવાની છે.વેપાર વિશ્લેષકોએ બાગી ૪ વિશે આગાહી કરી છે. આ ફિલ્મ ભારતમાં પહેલા દિવસે ૮.૫૦ થી ૯.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી શકે છે. બાકીનું બધું ફિલ્મના રિવ્યુ અને ફૂટફોલ પર આધાર રાખે છે કે આ કમાણી કેટલી વધશે. આ ફિલ્મ ૫ સપ્ટેમ્બરે રજા પર રિલીઝ થઈ રહી છે. જેના કારણે પહેલા દિવસે સારી કમાણી થવાની શક્યતા છે.બાગી ૪ વિવેક અગ્નિહોત્રીની ધ બેંગાલ ફાઈલ્સ અને ધ કન્જ્યુરિંગ સાથે ટકરાશે. બાગી ૪ આ ફિલ્મોને હરાવી શકશે કે નહીં તે જોવું પડશે.ટાઈગર શ્રોફની ફિલ્મને ૨૬ ઓગસ્ટના રોજ જ સર્ટિફિકેટ મળી ગયું હતું. જોકે, સેન્સર બોર્ડે ૨૩ દ્રશ્યો અને ઓડિયોમાં કાપ મૂક્યો છે. ફિલ્મમાં એક દ્રશ્ય છે જ્યાં હીરો શબપેટીમાં ઉભો છે. આ દ્રશ્ય કાઢી નાખવામાં આવ્યું છે. જ્યારે, બીજા દ્રશ્યમાં, ફિલ્મનું એક પાત્ર 'નિરંજન દિયા' સાથે સિગારેટ સળગાવે છે. ત્યારબાદ સેન્સર બોર્ડે નિર્માતાઓને ૧ સેકન્ડનો શોટ કાઢી નાખવા કહ્યું.આ સાથે, તે દ્રશ્ય પણ દૂર કરવાનું કહેવામાં આવ્યું છે જ્યાં એક છોકરીને અયોગ્ય રીતે સ્પર્શ કરવામાં આવે છે. આમાં એક નગ્ન દ્રશ્ય પણ શામેલ છે. જેને છુપાવવામાં આવ્યું હતું. ફિલ્મમાંથી કપાયેલા હાથથી સિગારેટ સળગાવતો દ્રશ્ય, જે ૧૩ સેકન્ડ લાંબો હતો, ઈસુ ખ્રિસ્તની પ્રતિમા પર છરી ફેંકવાનું દ્રશ્ય, ઈસુ ખ્રિસ્તની પ્રતિમાને નમન કરવાનો દ્રશ્ય અને હિંસાના દ્રશ્યો તેમજ ત્રણ જગ્યાએ ગળું કાપવાના દ્રશ્યો દૂર કરવામાં આવ્યાઆ ઉપરાંત, હાથ કાપવા અને ગુંડાઓને મારવાના બે દ્રશ્યો પણ દૂર કરવામાં આવ્યા છે. એક ક્રમમાં ૧૧ સેકન્ડ સુધી ઘણો રક્તપાત થયો હતો, જેને દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. દ્રશ્યની સાથે, ઓડિયોમાં કટ પણ બનાવવામાં આવ્યા છે. જેમાં પોલીસે ઉપયોગમાં લેવાયેલો ખોટો શબ્દ દૂર કરવામાં આવ્યો છે. ફિલ્મના એક સંવાદમાં કોન્ડોમ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેને મ્યૂટ કરવામાં આવ્યો છે. 'તેરા વજુદ હી મીત જાયેગા ગોડ' સંવાદને 'સબ દેખતે રહે જાયેંગે' દ્વારા બદલવામાં આવ્યો છે. ઉપરાંત, 'તે મારાથી પણ ડરે છે' ડાયલોગ દૂર કરવામાં આવ્યો છે.

# બોની કપૂર અને મોનાના છૂટાછેડાથી પુત્રી અંશુલાનું બાળપણ ખુબ પ્રભાવિત થયું

**મારા માતા-પિતા અલગ થયા, ત્યારે મને કદાચ ૫ કે ૬ વર્ષની ઉંમરે આત્મવિશ્વાસનો અભાવ શરૂ થયો : અંશુલા**

માતાએ જ તેને વધુ મજબુત બનાવી મારી પાંખોને હવા આપી હોવાનો અંશુલાનો એકરારશ્રીદેવી સાથે લગ્ન કરતા પહેલા બોની કપૂરના લગ્ન મોના સાથે થયા હતા. બોની અને મોનાને ૨ બાળકો છે અર્જુન કપૂર અને અંશુલા કપૂર. જ્યારે બોનીએ બીજા લગ્ન કર્યા, ત્યારે બંને બાળકો પર ખૂબ અસર પડી. હવે એક ઈન્ટરવ્યુમાં વાત કરતાં અંશુલાએ કહ્યું કે તેને લાગ્યું કે બોની અને મોના તેના કારણે અલગ થયા.અંશુલાએ કહ્યું, જ્યારે મારા માતા-પિતા અલગ થયા, ત્યારે મને કદાચ ૫ કે ૬ વર્ષની ઉંમરે આત્મવિશ્વાસનો અભાવ શરૂ થયો. લાંબા સમય સુધી, હું વિચારતી હતી કે મારા કારણે મારા માતા-પિતાનો સંબંધ સફળ થયો નહીં અને હું તેનું મૂળ છું. ૬ વર્ષના બાળક માટે તે ઘણું દબાણ હતું. પરંતુ મારી માતાએ મદદ કરી અને સમજાવ્યું કે સંબંધો ૨ લોકો વચ્ચે હોય છે. તે બંને વચ્ચે કોઈ કારણસર શરૂ થાય છે અને સમાપ્ત થાય છે અને



એક બાળક તરીકે, તમારે તેમના પર કોઈ પ્રભાવ ન હોવો જોઈએ.અંશુલાએ તેની માતા વિશે કહ્યું, 'મારી માતાએ મારી પાંખોને હવા આપી છે. તે મારા આત્મવિશ્વાસને વધારનાર હતી કારણ કે તે મારા માટે બધું જ હતી. મારામાં આત્મવિશ્વાસ નહોતો. મને નથી લાગતું કે જો મને આટલો ભાવનાત્મક ટેકો ન મળ્યો હોત તો હું આટલું સામાન્ય જીવન જીવી શકી હોત.અંશુલાએ આગળ જણાવ્યું કે જ્યારે તેના માતા-પિતા અલગ થયા ત્યારે તેને સમાજના નિર્ણયનો સામનો કરવો પડ્યો. તેણીએ કહ્યું, 'જ્યારે અમે કોઈ ગ્રુપમાં જતા, ત્યારે લોકો અમને જોઈને ચૂપ થઈ જતા, કાકી પોતાની આંખોથી જજ કરવાનું શરૂ કરી દેતા અને કેટલાક તમારી સાથે વાત પણ ન કરતા. આનાથી તમને ખૂબ ખરાબ લાગે છે અને તમે એકલા પડી જાઓ છો. અંશુલાએ કહ્યું કે તેની માતાએ સિંગલ પેરેન્ટની જવાબદારી ખૂબ સારી રીતે સંભાળી. તેણીએ કહ્યું, 'મારી માતા કદાચ પોતાની લડાઈ લડી રહી હશે, તે ઘણી વખત તૂટી ગઈ હશે, પરંતુ મારા માટે તે એક સુપરવુમન હતી. તે બધું જાતે કરતી હતી. હું વિચારતી હતી કે જેમ મારી માતા બધું કરે છે, તેમ હું પણ બધું જાતે કરીશ. પરંતુ મને ખ્યાલ નહોતો કે મેં તે બધું કરવાનું શરૂ કર્યું છે જ્યાં સુધી એક દિવસ અર્જુને મને કહ્યું કે તેની પાસે કોઈ વિકલ્પ નથી, પણ તમારી પાસે છે.

### મહેમાનોએ જયદેવા ગ્રુપના વડબજાર કા રાજા ગણેશજીની પૂજા અર્ચના કરી આરતી કરેલ

# ઝાલોદ જયદેવા ગ્રુપ ખાતે નાયબ કલેક્ટર, મામલતદાર ડી.વાય. એસ.પી સહિત અધિકારીઓએ પૂજા આરતીનો લ્હાવો લીધો







તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરના જયદેવા ગ્રુપના આમંત્રણને માન આપી ૦૪-૦૯-૨૦૨૫ ગુરુવારના રોજ રાત્રિના ૯ કલાકે ઝાલોદ તાલુકાના નાયબ કલેક્ટર અરવિંદ ભાટ-ીયા, મામલતદાર શૈલેષ પરમાર, ડી.વાય. એસ.પી ડી.આર.પટેલ, પી.એસ.આઈ સી.કે.સીસોદીયા, પી.એસ.આઈ રવિન્દ્ર રાઠોડ સહિત અધિકારી પધારેલ હતા. આવેલ મહેમાનોનુ સ્વાગત જય દેવા ગ્રુપના બાળકો દ્વારા ઢોલ નગારા સાથે વાજતે ગાજતે કર્યું હતું. તમામ મહેમાનોનુ સ્વાગત કુમકુમ ચાંદલો કરી કરવામાં આવેલ હતું. આવેલ મહેમાનોએ જયદેવા ગ્રુપના વડબજાર કા રાજા ગણેશજીની પૂજા અર્ચના કરી આરતી કરેલ હતું. આરતી પૂજામાં બેસેલ દરેક મહેમાનોનુ કલ્યાણ થાય તેવા આશીર્વચન પુરાણી મહારાજ દ્વારા આપવામાં આવેલ હતા. આરતી પૂજામાં બેસેલ દરેક મહેમાનોનુ કલ્યાણ થાય તેવા આશીર્વચન પુરાણી મહારાજ દ્વારા આપવામાં આવેલ હતા દરેક આવેલ મહેમાનોએ પૂજા આરતી કરી ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# મહીસાગર જિલ્લાના કડાણા ગામે ગણેશ યજ્ઞ



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દીવડા કોલોની તા.૫ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના કડ-ાણા ગામે મહાકાલેશ્વર મહાદેવના મંદિરે આ-જરોજ ભાદરવા સુદ તેરસને શુક્રવાર તારીખઃ- ૫/૯/૨૦૨૫ ના રોજ ગણેશ યજ્ઞનું હોમાત્મક આયોજન કરવામાં આવેલ હતું.૧૦૦૮ મોદકની આહુતિઓ ભૂદેવશ્રીઓ દ્વારા આપ વામાં આવેલ હતી. પંચમ યજમાન ભૂદેવ શ્રી જયેશભાઈ, શ્રી શૈલેષભાઈ,શ્રી વિપુલભાઈ, શ્રી અંકિતભાઈ તેમજ શ્રી શિવમભાઈ રહ્યા હતા. વિઘ્નહર્તા શ્રી ગણેશજી ગામની સર્વ રીતે સુખાકારી રાખે તે અંગેની યાચના કરવામાં આવેલ હતી.આ ઉપરાંત ગ્રામજનો દ્વારા ૫૬ ભોગ મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સૌ ભક્તજનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે ૫૬ ભોગનો થાળ તેમજ આરતી કરવામાં આવેલ હતી. ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપ સ્થિત રહ્યા હતા સૌએ પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

# ઝાલોદ નગરના જય અંબે ગ્રુપ દ્વારા અંબાજી ખાતે બાવન ગજની ધ્વજા અગિયારસના દિવસે ચઢાવવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૫ ।

ઝાલોદ નગરનું જય અંબે ( વાયરસ ) ગ્રુપ પ્રતિવર્ષે ભાદરવા મહિનામાં પગપાળા જાય છે. ૨૪-૦૮-૨૦૨૫ ભાદરવા સુદ એકમના રવિવારની રાત્રે ખોડિયાર મંદિરે થી માતાના આશીર્વાદ લઈ આ પગપાળા સંઘ અંબાજી જવા રવાના થયેલ હતો. ૨001 મા પગપાળા સંઘ ચાલુ થયેલ હતો અને આ સંઘે ૦૩-૦૯-૨૦૨૫ અગિયારસના દિવસે બાવનગજની ધજા ચઢાવી હતી.

ભાદરવી પૂનમે હજારો લોકો માં અંબાના દર્શનાર્થે પગપાળા જવાની પરંપરા વર્ષોથી ચાલી આવેલી છે.હિન્દુ ધર્મમાં અનેક તહેવારો સ્થાન ધર-ાવે છે. જેમાં ભાદરવી પૂનમનું પણ અનેરૂ મહત્વ છે. જેમાં ગુજરાત સહિત પાડોશી રાજ્યોમાંથી પણ અનેક લોકો અંબાજીના દર્શને પગપાળા જવાની વર્ષ-ોંથી પરંપરા ચાલી આવેલી છે.અને અનેક સંઘો પગપ ાળા અંબાજી દર્શનાર્થે જાય છે.જેમાં વર્ષ ૨00૧ થી જય અંબે પદયાત્રા સંઘ સુખ ઝાલોદ ( વાયરલ ) પગપાળા સંઘ જઈ રહ્યો છે.જેના ચાલુ વર્ષે ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. અગ્યારસના દિવસે ૫૨ ગજની ધજા માં અંબાના સાનિધ્યમાં પૂજા કરી અર્પણ કરી માઈ ભક્તોએ આશીર્વાદ મેળવ્યા હતા.આમ જય અંબે પ દયાત્રા સંઘ ( વાયરલ ગ્રુપ ) ઝાલોદ દ્વારા દર વર્ષે ભાદરવી પૂનમે અંબાજી ખાતે શ્રદ્ધાળુ ભક્તો દ્વારા માં અંબાના દર્શનાર્થે પગપાળા જઈ દર્શન કરવામાં આવતા હોવાનું જાણવા મળે છે.

### ધારાસભ્યએ સરકારને પત્ર લખી લાભ આપવા કરી માંગ

# ૨૦૨૪માં અમરેલી જિલ્લામાં ૧૯ ગામ રાહત પેકેજથી બાકાત

। (પ્રતિનિધી) અમરેલી, તા.૫ ।

હાલમાં ઓક્ટોમ્બર ૨૦૨૪ માં થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોને ખેતીમાં થયેલા ભારે નુકશાનને લઈ સરકારે રાહત પેકેજની જાહેરાત કરી છે. જેમાં લાઠી તાલુકાના કેટલાક ગામોને આ રાહત પેકેજથી બાકાત રખાયા છે. જેને લઈ લાઠી તાલુકાના ગામડાઓના ખેડૂતોમાં નારાજગી જોવા મળી રહી છે.ઓક્ટોમ્બર ૨૦૨૪માં અમરેલી જિલ્લામાં પ ડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો. જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આર્થિક રાહત મળી રહે તેવા હેતુથી રાહત પેકેજ જાહેર કર્યું છે. જેમાં અમરેલીના લાઠી તાલુકાના ૪૯ ગામો માંથી ૩૦ ગામોને આ રાહત પેકેજ માં આવરી લેવાયા છે, જ્યારે બાકીના ૧૯ ગામોને હાલ આ રાહત પેકેજથી વંચિત રાખવામાં આવ્યા છે. ત્યારે લાઠીના રામપર ગામના ખેડૂતોએ પોતાની નારાજગી વ્યક્ત કરતા તમામ ગામોને આ રાહત પેકેજ મળે અને ખેડૂતોને લાભ મળે તેવી માંગ કરી છે. જ્યારે આ બાબતે ધારાસભ્ય જનક તળાવિયાએ પણ રાજ્ય સરકારને પત્ર લખી બાકી રહેલા ગામોને પણ આનો લાભ મળે તે માટે રજૂઆત કરી છે. વર્ષ ૨૦૨૪ના ઑક્ટોબર મહિનામાં રાજ્યના ૬ જિલ્લામાં કમોસમી વરસાદ થયો હતો, જેના કારણે કપાસના ઊભા પાકને ભારે નુકસાન થયું હતું.

# અમદાવાદ મંડળના ટિકિટ ચેકિંગ સ્ટાફનું સરાહનીય કાર્યઃ ટ્રેનમાં રહી ગયેલી લેપટોપવાળી બેગ મુસાફરને સુરક્ષિત પરત આપી

। (રેલ્વે) અમદાવાદ,તા.૫ ।

પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ મંડળના સમર્પિત કર્મચારીઓ તેમના માનનીય ગ્રાહ-કોને સુખદ અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે હંમેશા આગળ રહે છે આ જ ક્રમમાં અમદાવાદ મંડળમાં કાર્યરત શ્રી શકીલ અહમદ, ઉપ મુખ્ય ટિકિટ નિરીક્ષકે ઈમાનદારીનું ઉદાહરણ આપીને એક મુસાફર દ્વારા ટ્રેનમાં ભૂલથી મૂકાયેલ કિંમતી બેગ, જેમાં એક લેપ ટોપ તથા અન્ય કિંમતી વસ્તુઓ હતી, જેની અં-દાજિત કિંમત લગભગ ૨ લાખ હતી, તે શોધીને સલામત રીતે મુસાફરને પરત આપી. ગાડી સંખ્યા ૦૯૨૦૮ માં, કોચ નંબર છ/૧, બર્થ નંબર ૩૦ પર મુસાફરી કરતા મુસાફર શ્રી સંદીપ પંડ્યા, જે અમદાવાદથી બોરીવલી જઈ રહ્યા હતા, પોતાની કાળી બેગ ટ્રેનમાં ભૂલી ગયા હતા. આ બેગ ફરજ પર કાર્યરત ઉપ મુખ્ય ટિ-કિટ નિરીક્ષક (Dy CTI) શ્રી શકીલ અહમદને તપાસ દરમિયાન મળી હતી. તેમણે તાત્કાલિક કાર્યવાહી કરીને બેગ સુરક્ષિત રીતે મુસાફરને પ રત આપી . આ સરાહનીય કાર્ય બદલ મુસાફરે જણાવ્યું કે, "હું શ્રી શકીલ અહમદ, હ્વઅ ઁનો દિલથી આભાર માનવા ઈચ્છું છું. તેમણે મારી હાલની ટ્રેન મુસાફરી દરમિયાન મારું લેપટોપ બેગ પરત આપવામાં જે મદદ કરી, તે ખરેખર સરાહનીય છે. તેમના ઝડપી પ્રયત્નો માત્ર મારો કિંમતી સમય જ બચાવ્યો નથી, પરંતુ મને એક મોટી અસુવિધા અને ખર્ચથી પણ બચાવ્યો છે "હું તેમના મુસાફરો પ્રત્યેની જવાબદારીની ભાવના અને સમર્પણની સાચી પ્રશંસા કરું છું.

# બોગસ ફાયર NOC મામલે ફાયરકર્મી સસ્પેન્ડ કરાતા ખળભળાટ

। (પ્રતિનિધી) વડોદરા, તા.૫ ।

પોરબંદરમાં બોગસ ફાયર NOC મામલે ફાયરકર્મી સસ્પેન્ડ કરાતા ખળભળાટ મચી ગયો છે. બોગસ એનઓસી મુદ્દે ફાયર બ્રિગેડના કર્મચારી રાજીવ ગોહિલને સસ્પેન્ડ કરવાનો મ્યુનિ.કમિશનરે આદેશ કર્યો છે મળતી માહિતી મુજબ પેરેડાઈઝ સિનેમા કેસમાં મનપા કમિશનરે ફાયર બ્રિગેડના કર્મચારી સામે આ કાર્યવાહી કરી છે. પેરેડાઈઝ સિનેમા માટે બોગસ ફાયર NOCમાં ફાયર કર્મી રાજીવ ગોહિલે સહી કરી હતી અને ત્યારબાદ ખોટા દસ્તાવેજોના આધારે BU સર્ટિફિકેટ અપ ાયું હતું બોગસ NOC કૌભાંડમાં ખોટા દસ્તાવેજો રજૂ કરતા પેરેડાઈઝ સિનેમાનું BU રદ કરાયું હતું પણ પેરેડાઈઝ સિનેમા નું ફાયર NOC નું ભોપાળુ બહાર આવતા તા.૨૫/૮/૨૦૨૫ના રોજ મનપા કમિશનરે BU રદ કર્યું હતું. ઉલ્લેખનિય છે કે અગાઉ વડોદરામાં પણ આ જ પ્રકારે ૨ બિલ્ડીંગમાં બોગસ એનઓસી વાયરલ થઈ હતી અને તે મામલે પોલીસમાં ફરિયાદ પણ થયેલી છે. જો કે વડોદરા મહાનગરપાલિકાએ બોગસ એનઓસી મામલે કોઈ જ પ્રકારની કડક કાર્યવાહી કરી નથી જ્યારે પોરબંદર મહાનગરપાલિકાના કમિશનરે આ મામલે તપાસ કરીને જવાબદાર ફાયર કર્મીને સસ્પેન્ડ કરી નાખ્યો છે. વડોદરા કોર્પોરેશન ફાયર એનઓસીમાં ચાલતા ભોપાળા અંગે ઉંડી તપાસ કરે તો મોટુ કૌભાડ બહાર આવી શકે છે. ઉલ્લેખનિય છે કે અગાઉ વડોદરામાં પણ આ જ પ્રકારે ૨ બિલ્ડીંગમાં બોગસ એનઓસી વાયરલ થઈ હતી અને તે મામલે પોલીસમાં ફરિયાદ પણ થયેલી છે. જો કે વડોદરા મહાનગરપાલિકાએ બોગસ એનઓસી મામલે કોઈ જ પ્રકારની કડક કાર્યવાહી કરી નથી જ્યારે પોરબંદર મહાનગરપાલિકાના કમિશનરે આ મામલે તપાસ કરીને જવાબદાર ફાયર કર્મીને સસ્પેન્ડ કરી નાખ્યો છે.

# ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લા કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો

। (માહિતી) અમદાવાદ,તા.૫ ।

સાબરમતીના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં રાણીપની આત્મીય વિદ્યાનિકેતન (આત્મીય સંસ-કારધામ) શાળા ખાતે અમદાવાદ જિલ્લાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે અમદાવાદ જિલ્લા કક્ષાના ત્રણ પારિતોષિક અને તાલુકા કક્ષાના ત્રણ પારિતોષિક દ્વારા કુલ છ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત, અમદાવાદ ગ્રામ્યની ત્રણ અને અમદાવાદ શહેરની એક મળીને કુલ ૦૪ શાળાનું શ્રેષ્ઠ શાળા પુરસ્કાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરી હસ્તકની શાળાઓના ૦૭ બાળકોને મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના તેમજ ૦૮ બાળકોને CET – કોમન એન્ટ્રસ ટેસ્ટ યોજનામાં ટોપ મેરીટમાં આવવા બદલ પ્રમાણપ ત્રો પણ આ પ્રસંગે એનાયત કરવામાં આવ્યા હતા. એ જ રીતે અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બો-ર્ડના ૧૫ તેજસ્વી બાળકોને પણ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પોતાના ઉદબોધનમાં ધારાસભ્યશ્રી ડો. હર્ષદભાઈ પટેલે વિદ્યારૂપી ધનનું મહત્વ, સમાજમાં શિક્ષકોનો મોભો અને દાયિત્વ, ડો. સર્વપ લ્લી રાધાકૃષ્ણનજીના જીવનના પ્રસંગો સહિતના વિષયોને આવરી લઈને પોતાના આચાર્ય તરીકેના અનુભવોને વાગોળ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દસ્ક્રોઈ તાલુકાની કુજાડ પ્રાથમિક શાળા નં. ૦૨ના એચ. ટાટ મુખ્ય શિક્ષક શ્રી યોગેશકુમાર કાન્તિલાલ પટેલ , ઘાટલોડિયા શાળા નં ૦૩, અમદાવાદના પ્રાથમિક શિક્ષક શ્રી સોનલબેન પ્રફુલ્લભાઈ રાવલ અને કર્મચારી શિક્ષણતીર્થ, ઘાટ-લોડિયાના માધ્યમિક શિક્ષક શ્રી ગીતાબેન વસંતભાઈ સતાસિયાને જિલ્લા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.

# દેવગઢ બારીઆ એસ.આર.હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીનીઓ શિક્ષક બની દિવસની ઉજવણી કરવામા આવી



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીયા, તા.૫ ।

એસ. આર. હાઈસ્કૂલ, દેવગઢ બારીયામાં તા. ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગોમાં શિક્ષક દિવસની ઉજવણી આનંદ અને ઉત્સાહભેર કરવામાં આવી. આ પાવન પર્વની તૈયારી બે દિવસ અગાઉથી શરૂ કરવામાં આવી હતી. શાળાના પ્રિન્સિપાલ શ્રી એમ. આઈ. અરબ સાહેબે ઉજવણીની રૂપરેખા ઘડી અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું. વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના કન્વીનરશ્રી કે. એચ. પરમાર, જી. બી. બારીઆ અને એમ. એમ. પટેલ સાથે તમામ વર્ગશિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ તૈયારીમાં ઉત્સાહપ ૂર્વક ભાગ લીધો. વિષય તથા એકમની તાસ ફાળવણી સાથે પાઠ આયોજન કેવી રીતે કરવું તેની પ્રેરણાત્મક સમજણ આપવામાં આવી. કુલ ૧૭૫ વિદ્યાર્થી ભાઈ બહેનોએ શિક્ષકનો સંપૂર્ણ ગણવેશ ધારણ કરીને સમયસર હાજરી આપી. દિવસભર તેઓએ શિક્ષક તરીકે ભણાવવાનો આનંદ માણ્યો. સાથે જ સુપરવાઈઝર અને સેવક તરીકેની જવાબદારી પણ નિભાવી. દરેક વિભાગમાં શાળાના નિયમિત શિક્ષ-કોએ વિદ્યાર્થી શિક્ષક દ્વારા લેવાતા પાઠ તથા પ્રવૃ ત્તિઓનું નિરીક્ષણ કર્યું. વર્ગખંડોમાં અભ્યાસનું વાતાવરણ સરસ રીતે સર્જાયું. બપોરે વિરામ સમયે આજનાં દિવસે શાળામાં ભાગ લીધેલાં તમામ વિદ્યાર્થી શિક્ષક ભાઈ બહેનોને "દેવગઢ બારીઆ - આહાર" સંસ્થા દ્વારા અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવસના અંતે વિદ્યાર્થીઓના ચહેરા પર કાર્ય સફળતાનો આનંદ સ્પષ્ટ દેખાતો હતો. અંતમાં પ્રિન્સિપાલ સાહેબે તમામ વિદ્યાર્થી અને શિક્ષક ભાઈ બહેનોને સફળ અને ફળદાયી ઉજવણી બદલ તથા અલ્પાહાર આપવામાં બદલ "આહાર સંસ્થા"નો આભાર વ્યક્ત કર્યો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**

આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપ ણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃ ત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યૂઝ બ્રિફ

### શાળાનું ભોજન ખાધા બાદ ૪૦૦ બાળકો બીમાર થયા



। (એજન્સી) જાકર્તા, તા.૫ ।

ઈન્ડોનેશિયાના પશ્ચિમ બેંગ્કુલુ પ્રાંતમાં રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિઆંતોના ફ્લેગશિપ ફૂડ પ્રોગ્રામ હેઠળ પીરસવામાં આવેલા મફત સ્કૂલ ભોજન ખાધા બાદ લગભગ ૪૦૦ બાળકો બીમાર પડ્યા છે. બીમાર બાળકો, જેમની ઉંમર ૪ થી ૧૨ વર્ષની છે, તેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બેંગ્કુલુ પ્રાંતના વાઈસ ગવર્નર મિઆને ઘટનાની પુષ્ટિ કરી અને જણાવ્યું છે કે, તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરવામાં આવી છે. અમે રસોડાની કામગીરી હાલ બંધ કરી દીધી છે. અમે તપાસ કરીશું કે ક્યાં ખામી રહી છે. આ મામલો રાષ્ટ્રીય પોષણ એજન્સી (મ્બ્દ્ર) અને અન્ય સત્તાવાળાઓની જવાબદારી હેઠળ છે. અગાઉ પણ, મધ્ય જાવામાં આવો ફૂડ પોઈઝનિંગનો કેસ સામે આવ્યો હતો જેમાં ૩૬૫ લોકો બીમાર પડ્યા હતા. તે સમયે સ્થાનિક મીડિયા અહેવાલોમાં નબળી સ્વચ્છતાને કારણભૂત ગણાવી હતી. રાષ્ટ્રપતિ પ્રબોવો દ્વારા જાન્યુઆરીમાં શરૂ કરવામાં આવેલો આ કાર્યક્રમ કુપોષણ સામે લડવા અને ગર્ભવતી મહિલાઓ અને બાળકોને મદદ કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયો હતો. આ કાર્યક્રમ હેઠળ ૨૦ કરોડથી વધુ લોકોને ભોજન પૂરું પાડવામાં આવ્યું છે અને વર્ષના અંત સુધીમાં ૮.૩ કરોડ લોકોને આવરી લેવાનું લક્ષ્ય છે,

### સુરતમાં ગણેશ પંડાલમાં તસ્કરોએ કરી લૂંટ

। (માહિતી) સુરત, તા.૫ ।

સુરતમાં તસ્કરો બેફામ બન્યા છે. રાજ્યભરમાં ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ત્યારે ડાયમંડ સીટી સુરત શહેરમાં તસ્કરો તહેવારનો લાભ લઈ તરખાટ મચાવી રહ્યા છે. તસ્કરોએ શહેરમાં અનેક વિસ્તારોમાં ગણેશ પંડાલમાં લૂંટ ચલાવી. મહિધરપુરામાં તસ્કરોએ ૮ પંડાલોમાં કરી ચોરી. ગણેશ પંડાલમાં ફક્ત ચોરીથી ના અટકતા તસ્કરોએ મૂર્તિઓ પણ ખંડિત કરી. ભગવાનની મૂર્તિઓ ખંડિત થતા અને પંડાલોમાં ચોરીની ઘટના બનતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો. ઘટનાની પોલીસને જાણ કરાઈ.

પોલીસે મહિધરપુરામાં તસ્કરોએ ૮ પંડાલોમાં થયેલ ચોરીને લઈને કડક તપાસ હાથ ધરી. ગણેશ પંડાલમાં ચોરી થયાનું સામે આવતા ક્રાઈમ બ્રાન્ચ સહિત સ્થાનિક પોલીસો તત્કાલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે પંડાલ અને આસપાસના ઝઝ્ફ ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. અને ગણતરીના કલાકોમાં પંડાલમાં કરાયેલ ચોરીનો ભેદ ઉકેલાયો. પોલીસે બે ઈસમોની ધરપકડ કરી. પોલીસે ગણેશ પંડાલની ચોરીમાં તત્કાલ એકશનમાં આવતા શંકાસ્પદ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. CCTV ફૂટેજના આધારે ચોરી કરનાર ઈસમોની ઓળખ કરી. દરમિયાન સ્ટેશન વિસ્તારમાંથી આરોપીઓ મળી આવ્યા.

### દિલ્હીમાં હાલ પૂરનું ભારે સંકટ ઊભું થયું

# સ્મશાનથી લઈને સચિવાલય સુધી પાણી-પાણી, રાહત કેમ્પ ડૂબ્યાં

### દિલ્હીમાં સ્વામી નારાયણ મંદિર, ફૂટઓવર બ્રિજ અને સિવિલ લાઇન્સ વિસ્તાર પણ પાણીથી ભરાઈ ગયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દિલ્હીમાં હાલ પૂરનું ભારે સંકટ ઊભું થયું છે. યમુના નદીનું જળસ્તર જોખમના નિશાનથી ઉપર વહી રહ્યું છે અને તેની સીધી અસર જાહેર જીવન પર દેખાઈ રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે, પૂરના પાણી દિલ્હી સચિવાલય સુધી પહોંચી ગયા છે, જ્યારે મયુર વિહાર ફેઝ-૧ માં બનેલા રાહત શિબિરો પણ ડૂબી ગયા છે. સ્વામી નારાયણ મંદિર, ફૂટઓવર બ્રિજ અને સિવિલ લાઇન્સ વિસ્તાર પણ પાણીથી ભરાઈ ગયા છે. અહીંના બંગલા પણ પાણીમાં ગરકાવ જોવા મળી રહ્યા છે. બીજી બાજું, NH-44 પર અલીપુર પાસે ફ્લાયઓવરનો એક ભાગ તૂટી પડ્યો, જેમાં એક વાહન ફસાઈ ગયું અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયો. સચિવાલય, રાહત શિબિરો અને રસ્તાઓમાં પાણી ઘૂસી ગયા હોવાથી, સ્પષ્ટ છે કે દિલ્હી હાલ પૂરના પ્રકોપનો સામનો કરી રહી છે અને લોકો સલામતી તેમજ અવર-જવરનો માટે પણ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. ગીતા કોલોની પરિસરમાં પૂરના પાણી ભરાઈ જવાને કારણે અંતિમ સંસ્કાર બંધ કરી દેવામાં આવ્યા છે. દિલ્હી સચિવાલય પાસે યમુનાનું પાણી પહોંચી ગયું છે. યમુના પૂરના મેદાનને અડીને આવેલા દિલ્હી સચિવાલયના અંડરપાસમાં પાણી ભરાઈ રહ્યું છે, તેને દૂર કરવા માટે સક્શન પાઈપ પણ લગાવવામાં આવી છે, પરંતુ હાલ તે હજુ પણ પાણીથી ભરેલું છે. આ સાથે, યમુના નદીના વધતા જળસ્તરને કારણે, કાશ્મીરી ગેટ વિસ્તારના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ ગયું છે. ડ્રોનથી લેવામાં આવેલી તસવીરો દર્શાવે છે કે યમુનાના પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. કાશ્મીરી ગેટ બસ ટર્મિનલ ડૂબી ગયું છે. મળતી માહિતી મુજબ, બુધવારે વહેલી સવાર સુધી, યમુના નદીના પાણીનું સ્તર ૨૦૭.૪૭ મીટર પર સ્થિર રહ્યું. રાત્રે ૨ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી, પાણીનું સ્તર વધ્યું કે ઘટ્યું નહીં. જોકે, ભયનું નિશાન ૨૦૫.૩૩ મીટર છે, જેની ઉપર નદી હાલમાં વહી રહી છે. રિંગ રોડ સાથે જોડાયેલા યમુના રોડ પર ભારે પાણી ભરાઈ ગયું છે, જે સિવિલ લાઈન તરફ જાય છે. દિલ્હીના ITO ક્રોસિંગ પર સૌથી વધુ મુશ્કેલી જોવા મળી રહી છે. બુધવારે વહીવટીતંત્રે સાવચેતી રૂપે રાજઘાટ તરફ જતો રસ્તો બંધ કરી દીધો હતો. અહીં રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક સંપૂર્ણપણે પ્રભાવિત થયો હતો. રિંગ રોડ પાસે આવેલી સરકારી કચેરીઓની બહાર પાણી ભરાઈ જવાને કારણે અફરા-તફરીનું વાતાવરણ સર્જાયું હતું. ડ્રેનેજના અભાવે ગટરનું પાણી સીધું રસ્તાઓ પર ફેલાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, આવતા-જતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદની અસર દિલ્હીના રસ્તા અને માળખાગત સુવિધાઓ પર જોવા મળી રહી છે. NH-44 પર અલીપુર નજીક બનેલો ફ્લાયઓવર ધરાશાયી થયો. આ અકસ્માતમાં એક થ્રી-વ્હીલર વાહન ફસાઈ ગયું અને તેના ચાલકને ઈજા થઈ. દુર્ઘટના બાદ પણ ત્યાંથી પસાર થતા વાહનોની અવરજવર બંધ થઈ નહીં. સ્થાનિકોનું કહેવું છે કે, ફ્લાયઓવર નીચે માટી સતત ધસી રહી છે અને જો સમયસર ટ્રાફિક બંધ ન કરવામાં આવે તો મોટી દુર્ઘટના થઈ શકે છે.

### રશિયાએ યુક્રેન પર ૫૦૦ ડ્રોન-મિસાઇલ છોડી



। (એજન્સી) કિવ, તા.૫ ।

રશિયા અને યુક્રેન વચ્ચે ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ શરુ થયેલું યુદ્ધ સાડા ત્રણ વર્ષથી ચાલી રહ્યું છે. જે બંધ થવાના કોઈ સંકેત મળી રહ્યા નથી. આ યુદ્ધમાં દરરોજ જાનમાલનું નુકસાન થઈ રહ્યું છે. યુક્રેનમાં અત્યાર સુધીમાં હજારો લોકો માર્યા ગયા છે અને ઘણા શહેરો નાશ પામ્યા છે. આ યુદ્ધમાં ઘણા રશિયન સૈનિકો પણ માર્યા ગયા છે. આટલું બધું નુકસાન થયું હોવા છતાં યુક્રેન પર રશિયાના હુમલા ચાલુ છે. ગઈકાલે રાત્રે રશિયાએ ફરી એકવાર યુક્રેન પર ડ્રોન અને મિસાઈલથી હુમલો કર્યો હતો. રશિયાએ ફરી એકવાર યુક્રેન પર ભયાવહ હુમલો કર્યો હતો. મોડી રાત્રે ૫૨૬ ડ્રોન-મિસાઈલ છોડી હતી. જેમાં ૫૦૨ ડ્રોન અને ૨૪ મિસાઈલ સમાવિષ્ટ છે. યુક્રેનિયન વાયુસેનાએ આ રશિયન હુમલાની માહિતી આપી હતી. આ હુમલામાં મુખ્યત્વે યુક્રેનનો પશ્ચિમ ભાગ નિશાન બનાવવામાં આવ્યો હતો. યુક્રેન વાયુસેનાના જણાવ્યા પ્રમાણે, રશિયા દ્વારા છોડવામાં આવેલા ૬૯ ડ્રોન અને ૩ મિસાઈલે યુક્રેનના ૧૪ જુદા-જુદા સ્થળોને ટાર્ગેટ બનાવ્યા હતા. તેનો કાટમાળ અનેક વિસ્તારોમાં પથરાયો હતો. આ હુમલામાં અનેક લોકો ઘાયલ થયા હતા. જેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ હુમલામાં અનેક ઘર, ઈમારતો, અને જાહેર સંપત્તિને નુકસાન થયું છે. તાજેતરના દિવસોમાં બંને બાજુથી હવાઈ હુમલાઓ તીવ્ર બન્યા છે. રશિયા યુક્રેનની વીજ અને પરિવહન પ્રણાલીઓને નિશાન બનાવી રહ્યું છે. બીજી તરફ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ શક્ય તેટલી વહેલી તકે યુદ્ધનો અંત લાવવા માંગે છે. ઑગસ્ટમાં, ટ્રમ્પે રશિયન અને યુક્રેનિયન પ્રમુખ સાથે બેઠક કરી હતી. ઝેલેન્સકીએ ટ્રમ્પ દ્વારા રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે યુદ્ધવિરામ અને સામ-સામે શાંતિ વાટાઘાટોની ઓફર સ્વીકારી છે, પરંતુ રશિયાએ તેનો વાંધો ઉઠાવ્યો છે.

### ભાજપ-TMCના ધારાસભ્યો બાખડ્યા

# બંગાળ વિધાનસભામાં પ્રવાસીઓ સંબંધિત પ્રસ્તાવ પર હોબાળો

### ધારાસભ્ય શંકર ઘોષની તબિયત લથડી હતી: તેમને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ગુરુવારે હોબાળો થયો હતો. હોબાળો એટલી હદે વધી ગયો હતો કે, શાસક પક્ષ ટીએમસી અને વિપક્ષ ભાજપના ધારાસભ્યો મારામારી પર ઉતરી આવ્યા હતા. જેના લીધે ધારાસભ્ય શંકર ઘોષની તબિયત લથડી હતી. તેમને એમ્બ્યુલન્સમાં હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શંકર ઘોષ બંગાળ ભાજપના ચીફ વ્હિપ છે. બંગાળી પ્રવાસીઓ પર કથિત અત્યાચાર સંબંધિત સરકારના પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન હોબાળો થયો હતો. મુખ્યમંત્રી મમતા બેનર્જી પ્રસ્તાવ રજૂ કરવા ઊભા થયા ત્યારે જ ભાજપના ધારાસભ્યોએ સૂત્રોચ્ચાર શરુ કર્યા હતા. મુખ્યમંત્રીએ બોલવાનું શરુ કરતાંની સાથે જ ભાજપના ધારાસભ્યોએ ૨ સપ્ટેમ્બરે વિપક્ષના નેતા શુભેન્દુ અધિકારીને સસ્પેન્ડ કરવા માટે સૂત્રોચ્ચાર શરુ કરી દીધા હતા. તેના જવાબમાં શાસક પક્ષ તરફથી તીવ્ર પ્રતિક્રિયા આવી અને ગૃહનું વાતાવરણ ગરમાયું હતું. વિધાનસભા અધ્યક્ષ બિમન બેનર્જીએ ભાજપના ચીફ વ્હિપ શંકર ઘોષને આજના સેશન દરમિયાન ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા હતા. પરંતુ ઘોષે ગૃહ છોડવાનો ઈક્રાર કરતાં માર્શલોને બોલાવવામાં આવ્યા અને તેમને બળજબરીપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા. ભાજપના ધારાસભ્ય અગ્નિમિત્રા પોલને પણ સૂત્રોચ્ચાર કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સ્પીકરે મહિલા માર્શલ્સને બોલાવી તેમને ગૃહમાંથી હાંકી કાઢવાનો નિર્દેશ આપ્યો હતો.

### દલિતોના કેસમાં CJIએ ખેંચી લક્ષ્મણ રેખા

# એ હકીકત સાબિત થવી જોઈએ કે આરોપીએ દલિત સમુદાય સામે કોઈ હિંસા કરી નથી

### ફક્ત ત્યારે જ આગોતરા જામીન આપી શકાય છે જ્યારે પ્રથમ દષ્ટિએ સ્પષ્ટપણે સાબિત થાય કે આરોપી સામે કોઈ કેસ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ બીઆર ગવઈની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે તાજેતરમાં ચુકાદો આપ્યો છે કે દલિતો સામેના અત્યાચાર સંબંધિત કેસમાં, એટલે કે SC/ST એક્ટ ૧૯૮૯ હેઠળ નોંધાયેલા કેસોમાં, કોઈપણ આરોપીને ફક્ત ત્યારે જ આગોતરા જામીન આપી શકાય છે જ્યારે પ્રથમ દષ્ટિએ સ્પષ્ટપણે સાબિત થાય કે આરોપી સામે કોઈ કેસ નથી. એટલે કે, પ્રથમ નજરે જ એ હકીકત સાબિત થવી જોઈએ કે આરોપીએ દલિત સમુદાય સામે કોઈ હિંસા કરી નથી. CJI બીઆર ગવઈ, જસ્ટિસ કે વિનોદ ચંદ્રન અને જસ્ટિસ એનવી અંજારિયાની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદો નબળા વર્ગોની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવાના ઉદ્દેશ્યથી લાવવામાં આવ્યો હતો અને તે આરોપીઓને ધરપકડ પૂર્વે જામીન પર પ્રતિબંધ મૂકે છે. આ સાથે, બેન્ચે જાતિ આધારિત અત્યાચારના આરોપોનો સામનો કરી રહેલા આરોપીને આગોતરા જામીન આપવાના બોમ્બે હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો. બેન્ચે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) કાયદાની કલમ ૧૮નો ઉલ્લેખ કરતા કહ્યું કે આ જોગવાઈ સ્પષ્ટપણે ફોજદારી કાર્યવાહી સંહિતા (CRPC) ની કલમ ૪૩૮ (આગોતરા જામીન આપવા અંગે) લાગુ ન કરવા વિશે છે અને આ કલમ હેઠળ દાખલ કરાયેલી અરજીઓને સુનાવણીમાંથી બાકાત રાખવાની જોગવાઈ કરે છે.

### એને છોડી દો, ગેરસમજને લીધે આવું થયું : પીડિતા

# દુષ્કર્મના આરોપમાં ૫૧ દિવસ જેલમાં રહ્યો યુવક

### ફરિયાદ મારા મિત્ર દ્વારા લખવામાં આવી હતી અને મેં તેમાં શું લખ્યું છે તે જાણ્યા વિના તેના પર સહી કરી દીધી હતી

। (એજન્સી) કોલકાતા, તા.૫ ।

કોલકાતાની એક કોર્ટે દુષ્કર્મના આરોપીને નિર્દોષ જાહેર કરીને છોડી દીધો, કારણ કે ફરિયાદી મહિલાએ દાવો કર્યો કે, મેં ગેરસમજને કારણે ફરિયાદ નોંધાવી હતી. ૨૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ નોંધાયેલા કેસમાં આ વ્યક્તિની ધરપકડ કરી લેવામાં આવી હતી. કોર્ટ તરફથી જામીન મળ્યા ત્યાં સુધી તેણે ૫૧ દિવસ જેલમાં વિતાવ્યા હતા. મહિલાએ પોતાની ફરિયાદમાં કહ્યું હતું કે, હું ૨૦૧૭થી આ વ્યક્તિ સાથે સંબંધમાં હતી. તેણે મને લગ્નનું વચન આપીને મારી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. બીજા દિવસે સવારે તેણે મારી સાથે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો અને ભાગી ગયો. FIRના આધાર પર આ વ્યક્તિની ૨૫ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ધરપકડ કરી સેવામાં આવી હતી અને ૧૪ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ કોર્ટે તેને જામીન આપ્યા ત્યાં સુધી તે જેલમાં હતો. સુનાવણી દરમિયાન મહિલાએ કહ્યું કે મેં યુવક સાથે ગેરસમજને કારણે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મારા મિત્ર દ્વારા લખવામાં આવી હતી અને મેં તેમાં શું લખ્યું છે તે જાણ્યા વિના તેના પર સહી કરી દીધી હતી. મહિલાએ ૨૪ નવેમ્બર ૨૦૨૦ના રોજ ફરિયાદ નોંધાવી હતી કે હું ૨૦૧૭થી યુવક સાથે સંબંધમાં હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે, યુવકે લગ્નનું વચન આપીને સોલ્ટ લેકની એક હોટલમાં મારી સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા અને બીજા દિવસે તેણે મારી સાથે લગ્ન કરવાનો ઈનકાર કરીને ફરાર થઈ ગયો હતો. મહિલાની ફરિયાદ પછી પોલીસે ૨૫ નવેમ્બર ૨૦૨૦ના રોજ યુવકની ધરપકડ કરી હતી અને તે ૫૧ દિવસ જેલમાં રહ્યો હતો. ૧૪ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ તેને જામીન મળ્યા હતા.

### ૧૧૦૦ કરોડ રુપિયામાં વેચાયો નેહરુનો ઐતિહાસિક બંગલો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લુટિયંસ દિલ્હીના દિલમાં આવેલા એક ઐતિહાસિક બંગલો, જે ક્યારેક ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુનું સત્તાવાર નિવાસ હતું, લગભગ ૧૧૦૦ કરોડની એક મોટી સંપત્તિ ડિલમાં વેચાયો છે. આ સંપત્તિ ૧૭ યોર્ક રોડ પર આવેલી છે, જેને હવે મોતીલાલ નેહરુ માર્ગના નામથી ઓળખવામાં આવે છે. આ રાજધાનીની સૌથી મહત્ત્વપૂર્ણ સરનામામાંથી એક છે. FPJના રિપોર્ટ અનુસાર, આ ડિલ ૧૪૦૦ કરોડની શરુઆતી માગ કિંમતને ઘટાડીને અંતિમ રુપ આપવામાં આવ્યું છે. આ વિરાસત બંગલાના હાલના માલિક રાજકુમારી કક્કડ અને બીના રાની છે, જે એક રાજસ્થાની શાહી પરિવારના સભ્યો હોવાનું કહેવાય છે. આ સંપત્તિ ૧૪,૯૭૩ વર્ગ મીટર લગભગ ૩.૭ એકરમાં ફેલાયેલી છે અને તેમાં ૨૪,૦૦૦ વર્ગફુટનું બાંધકામ છે. ખરીદદારની ઓળખ ગોપનીય રાખવામાં આવી છે. જો કે FPJના સૂત્રોના હવાલેથી જણાવ્યું છે કે આ એક મુખ્ય ભારતીય ઉદ્યોગપતિ છે, જે પેય પદાર્થ ક્ષેત્ર સાથે જોડાયેલા છે.

### એઆઈ તાલીમ આપી શકે, પણ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષક જ કરી શકેઃ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના ૩૦ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ : પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત

। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત રાજ્યકક્ષાના શિક્ષક પારિતોષિક સમારોહમાં શિક્ષકોને સંબોધન કરતાં વિદ્યાર્થીઓમાં બાળપણથી જ સ્વદેશીના સંસ્કારોનું સિંચન કરીને આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા માટે વિદ્યાર્થીઓના ખરા પથદર્શક બનવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. ત્યારે તેમનામાં આજથી જ સ્વદેશી અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ કેળવાય તે જવાબદારી શિક્ષકોએ નિભાવવાની છે.

આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યના ૩૦ શિક્ષકોનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરાયું હતું અને પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રતીકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીની વાત દોહરાવતાં કહ્યું કે માતા-પિતા પછી શિક્ષકો જ બાળમાનસ પર ઊંડો પ્રભાવ પાડે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે લોહીનો નહીં પણ વાત્સલ્યનો સંબંધ છે. માતા-પિતા પછી શિક્ષક જ બાળમાનસ પર સૌથી વધુ અસર કરે છે. ત્યારે ભાવિ પેઢીનું ઘડતર કરી, વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌ શિક્ષકોને અપીલ કરી હતી.

શ્રી પટેલે કહ્યું કે આપણા જીવનમાં કોઈ પણ કામને નાનું ન સમજીએ, પરંતુ જે કાર્ય કરવાનું સૌભાગ્ય આપણને મળ્યું હોય, એ સારી રીતે નિભાવીએ તે જ સાચું શિક્ષણકાર્ય છે. તેમણે આજીવન શિક્ષક ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતી પ્રસંગે પારિતોષિક મેળવનારા સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી, આજના દિવસે શ્રેષ્ઠ શિક્ષક સન્માન એ 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ' ગણાવી કહ્યું કે કોઈ પણ સમાજનો મજબૂત પાયો શિક્ષણ જ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભાર વિનાના ભણતરને પ્રોત્સાહન આપી, માતા-પિતાના આર્થિક ભારને પણ હળવો કર્યો છે. તેમણે ય્જી્ના સુધાર માટે વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય નાણામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે હજી બે દિવસ પહેલાં જ દેશમાં દ્રીટં યેહ ય્જી્ના સુધારાનું ઐતિહાસિક કદમ ભરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક સુધારામાં પણ તેમણે શિક્ષણ ક્ષેત્રનું ખાસ ધ્યાન રાખ્યું છે. જેનાથી શૈક્ષણિક ચીજવસ્તુઓના ભાવ પણ ઘટશે.

મુખ્યમંત્રીશ્રીએ આચાર્ય ચાણક્યના સૂત્રને યાદ કરી શિક્ષકની મહત્તા વિશે કહ્યું કે ગુરુ ભગવાનનાં પણ દર્શન કરાવી શકે છે. પ્રાચીનકાળથી ભારતમાં જ્ઞાનનાં દર્શન કરાવનાર આ ગુરુઓ જ છે. તેમનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું સમર્પણ જ્ઞાન પરંપરા અને મહાન બનાવે છે. તેમણે સ્વામી વિવેકાનંદને યાદ કરી કહ્યું કે, શિક્ષણ વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે છે. શિક્ષકની સકારાત્મકતા સૌથી મોટી મૂડી છે.

મુખ્યમંત્રીશ્રીએ નવી શિક્ષણનીતિ, દીકરીઓ માટે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની વાત કરી તેનો લાભ લેવા તેમજ વિકસિત ભારત જ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સ્વપ્નમાં સૌને સાથે મળી જોડાઈ જવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરે ભગવાન શ્રી કૃષ્ણ, આચાર્ય ચાણક્ય, વિનોબા ભાવે તથા કાકાસાહેબ કાલેલકરના ઉદાહરણ આપીને જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ગુરુઓનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. વિદ્યાર્થીકેન્દ્રી, સમાજકેન્દ્રી લક્ષ્ય રાખીને અથાક પરિશ્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય ઘડતરનું કાર્ય કરનારા શિક્ષકોને તેમણે બિરદાવ્યા હતા. વધુમાં, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ દ્વારા સમગ્ર રાજ્યની પણ સારી છબિ ઉપસાવવા માટે તેમણે શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે મંત્રીશ્રીએ શિક્ષણજગતના નોબેલ પારિતોષિક સમાન ગ્લોબલ ટીચર પ્રાઈઝ મેળવનારા મહારાષ્ટ્રના પરિતેવાડી ગામના શિક્ષક રણજીતસિંહ દિસાલેનું અનુકરણીય ઉદાહરણ પણ આપ્યું હતું.

શિક્ષણનાં માધ્યમોમાં આવેલાં પરિવર્તન વિશે વાત કરતાં શ્રી ડિંડોરે કહ્યું કે આજે આધુનિક ટેક્નોલોજી અને છૈં કે રોબોટનો ઉપયોગ કરીને શાળામાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષકો જ કરી શકે છે. એ દ્રષ્ટિએ શિક્ષકની ભૂમિકા કાયમી અને જિવંત છે તેમ તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે આજે રાજ્યસ્તરે પારિતોષિક મેળવનારા ૩૦ શિક્ષકો તેમજ પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ જ પ્રકારે, જિલ્લા કક્ષાએ ૯૪ અને તાલુકા કક્ષાએ ૧૫૩ શિક્ષકોને પણ સ્થાનિક સ્તરે સન્માનિત થવા બદલ રાજ્ય સરકાર તરફથી શિક્ષણમંત્રીશ્રીએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે આજે રાજ્યસ્તરે પારિતોષિક મેળવનારા ૩૦ શિક્ષકો તેમજ પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ જ પ્રકારે, જિલ્લા કક્ષાએ ૯૪ અને તાલુકા કક્ષાએ ૧૫૩ શિક્ષકોને પણ સ્થાનિક સ્તરે સન્માનિત થવા બદલ રાજ્ય સરકાર તરફથી શિક્ષણમંત્રીશ્રીએ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ તકે શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ 'અમારા શિક્ષક અમારા માર્ગદર્શક' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ મહાનગરપાલિકાનાં મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ધારાસભ્યશ્રી બાબુભાઈ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ, શ્રી કૌશિક જૈન, શ્રી દિનેશ કુશવાહ, સ્ટે. કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી મુકેશ કુમાર, શિક્ષણ નિયામકશ્રી એમ. આઈ. જોષી સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ-પદાધિકારીઓ તથા બહોળી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા નદીમાં ૪ લાખ ૪૬ હજાર ૪૫૧ ક્યૂસેક પાણી છોડાયું છે, ડેમના ૨૩ દરવાજા અઢી મીટર ખોલી નદીમાં પાણી છોડાયું છે

# નર્મદા ડેમનું વધ્યું જળસ્તર, ૨૩ દરવાજા ખોલી દેવાયા

। (એજન્સી) નર્મદા, તા.૫ ।

સતત ઉપરવાસ વરસાદના કારણે નર્મદા ડેમનું જળસ્તર સતત વધી રહ્યું છે. સારા વરસાદની અસરથી સિઝનમાં પ્રથમ વખત નર્મદા ડેમના ૨૩ દરવાજા ખોલાયા છે. નર્મદા નદીમાં ૪ લાખ ૪૬ હજાર ૪૫૧ ક્યૂસેક પાણી છોડાયું છે. ડેમના ૨૩ દરવાજા અઢી મીટર ખોલી નદીમાં પાણી છોડાયું છે. ઉપરવાસમાંથી ૫ લાખ ૩૦ હજાર ૨૯૧ ક્યૂસેક પાણીની આવક થઈ છે. ભરૂચ, નર્મદા, વડોદરા જિલ્લાના ૨૭ ગામને કરાયા એલર્ટ કરવામાં આવ્યાં છે. નર્મદા ડેમની મહતમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. નર્મદા ડેમનું જળસ્તર હાલમાં ૧૩૫.૯૩ મીટર પહોંચ્યું છે. ડેમમાંથી પાણી છોડાતા ભરૂચમાં નર્મદા નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. દિલ્લી-મુંબઈ એક્સપ્રેસ વે પર બ્રિજ પરથી નદીનો ભયાવહ નજારો જોવા મળી રહ્યો છે. ભરૂચમાં નદી કાંઠા વિસ્તારોમાં એલર્ટ અપાયું છે. વરસાદ વધુ વરસે તો સ્થિતિ ખરાબ થવાની શક્યતા છે. દક્ષિણ ગુજરાતમાં સતત સારા વરસાદના કારણે તાપીના ઉકાઈ ડેમનનું પણ જળસ્તર પણ વધ્યું છે. ઉકાઈ ડેમના ૧૨ દરવાજા ખોલાયા છે. તાપી નદીમાં ૧ લાખ ૬૩ હજાર ૧૪૮ ક્યૂસેક પાણી છોડાઈ રહ્યું છે. ઉકાઈ ડેમની જળ સપાટી ૩૩૭.૯૦ ફૂટ પર પહોંચી છે. જેના કારણે તાપી નદી કાંઠાના ગામોને એલર્ટ કરાયા છે. ઉકાઈ ડેમ ૮૩.૪૧ ટકા ભરાયો છે. મહીસાગરના કડાણા ડેમના ૧૩ દરવાજા ખોલાયા છે. મહીસાગર નદીમાં ૨ લાખ ૨૯ હજાર ૩૧૬ ક્યૂસેક પાણી છોડાયું છે. જેના કારણે મલેકપુરથી ખાનપુર તરફ જતા માર્ગ પર તાંત્રોલી બ્રિજ પરથી પાણી વહી રહ્યું છે. મહીસાગરના કડાણા ડેમના ૧૩ દરવાજા ખોલાતાં નદી કાંઠાના ગામોને એલર્ટ કરી દેવાયા છે. છોટાઉદેપુરના સુખી ડેમમાંથી પાણી છોડાયું છે. સુખી ડેમના છ દરવાજા ખોલી નદીમાં પાણી છોડવામાં આવ્યું છે. ભારજ નદીમાં ૧૨ હજાર ક્યૂસેક પાણી છોડાયું છે. જેના પગલે નદી કાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતમાં અવિરત મૂશળધાર વરસાદના કારણે સુરતમાં કીમ નદી તોફાની બની છે.

અંગત અદાવતમાં હત્યાને અંજામ આપવામાં આવ્યો, સંદીપ રાજપૂતની તેના મિત્ર અવધેશ સહાનીએ કરી હત્યા

# જેલમાંથી છૂટેલા આરોપીએ મિત્રને ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યો

। (એજન્સી) સુરત, તા.૫ ।

પાંડેસરા વિસ્તારમાં બે દિવસ પહેલાં જ જેલમાંથી છૂટેલા એક આરોપીએ અંગત અદાવતમાં એક યુવકની ઘાતકી હત્યા કરી છે. આ ઘટનામાં મૃતક યુવકને ચપ્પુના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ મામલે પાંડેસરા પોલીસે ૭ લોકો સામે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ, મૃતક સંદીપ ઉર્ફે તિસરી રાકેશસિંહ રાજપૂતની હત્યા તેના મિત્ર અવધેશ સહાની દ્વારા કરવામાં આવી હતી, જે બે દિવસ પહેલાં જ જેલમાંથી છૂટ્યો હતો. આ હત્યા પાછળ ગાંજાના ધંધામાં થયેલી અદાવત હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, મૃતકના પરિવારે આ આરોપોને ફગાવી દીધા છે. પરિવારનું કહેવું છે કે, આ હત્યા વતનમાં ગામની જમીનને લઈને ચાલી રહેલા વિવાદને કારણે થઈ છે. તેમણે મૃતક યુવકની હત્યા પાછળ દીપુસિંગનો હાથ હોવાનો પણ આરોપ લગાવ્યો છે. મૃતક સંદીપ મૂળ ઉત્તર પ્રદેશના ફતેપુરનો વતની હતો અને તેના ભાઈઓ સાથે મહારાષ્ટ્રના પુણે ખાતેની જીઈહ્ઞ કંપનીમાં સિક્યુરિટી તરીકે નોકરી કરતો હતો. તે ગત રોજ જ પુણેથી સુરતમાં રહેતા સંબંધીઓને મળવા આવ્યો હતો અને ત્યારબાદ રાત્રે તેના વતન ઉત્તર પ્રદેશ જવા માટે રવાના થવાનો હતો. આ દરમિયાન, જ્યારે સંદીપ પાંડેસરા વડોદ ભોલે ટોકીઝ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે આરોપી અવધેશ સહાની તેના સાગરીતો સાથે ત્યાં ધસી આવ્યો. તેણે સંદીપ પર હુમલો કર્યો અને તેના હાથ તથા પીઠના ભાગે ચપ્પુના અનેક ઘા માર્યા. આ હુમલા બાદ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. હુમલાની જાણ થતા જ પાંડેસરા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ગંભીર રીતે ઈજાગ્રસ્ત સંદીપને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ, તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. આરોપી અવધેશ સામે અગાઉ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને તે જ ગુનામાં તે તાજેતરમાં જ જામીન પર મુક્ત થયો હતો. પોલીસે આ મામલે ૭ લોકો સામે હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

## ધોળા દિવસે જાહેરમાં જુહાપુરામાં રામોલવાળી, પોલીસે ઘટના સ્થળે કરાવ્યું કાયદાનું ભાન

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદના જુહાપુરામાં ગત ૩૧મી ઓગસ્ટ ના જુહાપુરાના સોનલ ચાર રસ્તા પર જાહેરમાં યુવાનો વચ્ચે મારામારીની ઘટનાનો એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં એક યુવક અન્ય યુવકને છરી મારતો હોય અને સામે નો યુવાન પથ્થર મારતો તેવો વિડિઓ વાયરલ થયો હતો. આ મામલે વેજલપુર પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસની ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાતા પોલીસે ૨ આરોપીઓની ધરપકડ કરી છે. વેજલપુર પોલીસ સ્ટેશન ના ચોપડે ફરિયાદ કરનાર અમાન શેખ વાહન લઈને જતો હતો. ત્યારે સામાન્ય બાબતે ઝઘડો થતા જીગ્નેશ ઠાકોર, રાહુલ ખટીક અને ગોપાલ ખટીક સહિતનાં એક શખ્સે જાહેરમાં હુમલો કર્યો હતો. જે મામલે ક્રાઈમ બ્રાંચ અને સ્થાનિક પોલીસે કુલ ત્રણ આરોપીની ધરપકડ કરી છે. ફરિયાદી સિવાય અન્ય બે લોકોને પણ છરી વાગી હતી. જોકે આ કેસમાં ફરિયાદી અમાન શેખ વિરુદ્ધ અગાઉ વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હોવાથી વાડજ પોલીસે તેની ધરપકડ કરી હતી. હાલ તો વેજલપુર પોલીસે આરોપીની ધરપકડ કરી હુમલા પાછળનું ખરું કારણ જાણવા પુછપરછ હાથ ધરી છે. જાહેરમાં આમ કાયદો હાથમાં લીધા બાદ વેજલપુર પોલીસે આ ત્રણેય આરોપીઓ ને કાયદાનું ભાન કરાવવા માટે થી ઘટના સ્થળ પર જય ને કાયદાનું ભાન પણ કરાવ્યું હતું.

## ટીબીએ ગુજરાતમાં ઊથલો માર્યો : આ વર્ષે જ ૮૭ હજાર કેસ

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ભારતને ટ્યુબરક્યુલોસિસ (ટીબી) મુક્ત કરવાના દાવા અને વાસ્તવિક્તા વચ્ચે મોટો તફાવત હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. ગુજરાતની જ વાત કરવામાં આવે તો આ વર્ષે ટીબીના ૮૭૩૯૭ કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, પ્રતિ દિવસે ટીબીના સરેરાશ ૩૫૮ નવા કેસ નોંધાય છે. આ વર્ષે ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે.ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ ૪.૭૬ લાખ સાથે મોખરે, મહારાષ્ટ્ર ૧.૪૩ લાખ સાથે બીજા, બિહાર ૧.૩૮ લાખ સાથે ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં ટીબીના ૧.૩૭ લાખ જ્યારે આ વર્ષે ૯ મહિનામાં ૮૭૩૯૭ કેસ નોંધાયા છે. આમ, બે વર્ષમાં બે લાખથી વધુ લોકો ટીબીની ઝપેટમાં આવેલા છે. ગુજરાતમાં ટીબીના સૌથી વધુ કેસને મામલે અમદાવાદ ૧૨૮૨૭ સાથે મોખરે છે. જેમાં અમદાવાદ ગ્રામ્યમાં ૨૪૬૬ જ્યારે અમદાવાદ શહેરમાં ૧૦૩૬૧ કેસનો સમાવેશ થાય છે.ગુજરાત સરકારે ટીબી નોંધણી અને સફળ સારવાર મામલે નીતિ આયોગ દ્વારા નિર્ધારિત લક્ષ્યના ૯૫% હાંસલ કર્યા છે, જ્યારે સારવાર પૂર્ણ થવાનો દર ૯૧% નોંધાયો છે. ગુજરાતને ૨૦૨૪માં ૧,૪૫,૦૦૦ ટીબી દર્દીઓની ઓળખ અને નોંધણીનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો,

ડાયવર્ઝન જાણીને જ ઘરની બહાર નીકળજો

# ગણેશ વિસર્જન : અમદાવાદના ઘણા રસ્તાઓ રહેશે બંધ

બિહારના મોટા વેપારી અને ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની પટનામાં તેના જ એપાર્ટમેન્ટની સામે હત્યા કરી દેવાઈ

। પટણા, તા.૫ ।

આવતીકાલે ૬ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જન છે. આ દરમ્યાન વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન અંગેનું અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગણેશ વિસર્જન હોઈ અમદાવાદમાં કેટલાક રસ્તા બંધ કરવામાં આવ્યા છે, કેટલાક ડાયવર્ટ કરાયા છે, તો એએમટીએસ બસ માટે રુટ ડાયવર્ટ કરાયા છે, અમદાવાદ શહેરમાં આગામી તારીખ ૬ સપ્ટેમ્બરના રોજ ગણેશ વિસર્જન નિમિત્તે તમામ પ્રકારના વાહનો (શ્રી ગણેશ વિસર્જન પ્રોસેશન સિવાયના) બપોર કલાક ૧૩.૦૦ વાગ્યાથી નીચે મુજબ પ્રતિબંધિત કરેલ માર્ગ/વિસ્તારના રસ્તા પર અવર-જવર કરી શકશે નહીં પરંતુ તેની સામે જણાવેલ વૈકલ્પિક રુટ પરથી અવર-જવર કરી શકાશે. જાહેરનામામાં જણાવ્યું કે, હું જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૦૬/૦૯/૨૦૨૫ના રોજ શ્રી ગણેશ વિસર્જન નિમિત્તે આમ જનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત :**

૧. એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ ઉપર થઈ સરદારબ્રીજ થઈ પાલડી તરફ આવ-જા કરી શકાશે નહીં.

૨. એસ.ટી. (ગીતામંદીર) થી રાયપુર ચાર રસ્તા થઈ સારંગપુર સર્કલથી રેલ્વે સ્ટેશનથી કાલુપુર ઈનગેટ તરફ આવ-જા કરી શકાશે નહી.

૩. કાલુપુર રેલ્વે સ્ટેશનથી સારંગપુર સર્કલ થઈ કાગડાપીઠથી રાયપુર ચાર રસ્તાથી આસ્ટોડીયા દરવાજાથી ખમાસા ચાર રસ્તાથી વિક્ટોરીયા ગાર્ડનથી એલીસબ્રીજ થી ટાઉનહોલ સર્કલ સુધી આવ-જા કરી શકાશે નહી.

૪. કામદાર મેદાન ચાર રસ્તા થી સારંગપુર ઓવરબ્રિજ થઈ સારંગપુર સર્કલ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.

૫. (એ) દિલ્હી દરવાજાથી નમસ્તે સર્કલથી પોલીસ કમિશનરશ્રીની કચેરીથી કેન્દ્રીય વિદ્યાલય કટથી ડાબી બાજુ વળી તાવડીપુરા પોલીસ લાઈનથી દધીચિ બ્રીજ સુધીનો માર્ગ વાહનોની અવર-જવર માટે બંધ રહેશે.

(બી) દિલ્હી દરવાજાથી લીમડા ચોકથી લીથો પ્રેસથી હનુમાનપુરા કટથી દધિચી બીજ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.

૬. રિવરફ્રન્ટનો પશ્ચિમ માર્ગ : વાડજ સ્મશાન ગૃહ કટથી શરૂ થતો પશ્ચિમનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રીવરફ્રન્ટ જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.

૭. રિવરફ્રન્ટનો પુર્વ માર્ગ : પીકનીક હાઉસ રિવરફ્રન્ટથી શરૂ થતો પુર્વનો આંબેડકર બ્રીજ નીચે સુધીનો રીવરફ્રન્ટ જતો-આવતો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.

**વૈકલ્પિક માર્ગની વિગત :**

૧. એસ.ટી. (ગીતામંદીર) થી જમાલપુર બ્રીજ નીચે (ચાર રસ્તા) થી ડાબી બાજુ બહેરામપુરાથી દાણીલીમડા ચાર રસ્તા થઈ જમણીબાજુ વળી આંબેડકર બીજ થઈ અંજલી ચાર રસ્તાથી પાલડી ચાર રસ્તા થઈ આશ્રમ રોડ ઉપર આવ-જા કરી શકાશે.

૨. એસ.ટી.થી ભુલાભાઈ ચાર રસ્તા થી કાંકરીયા ચોકી થઈ અપ્સરા સિનેમા ચાર રસ્તા થઈ ઝઘડિયા ઓવરબ્રીજ થઈ અનુપમ સિનેમા થઈ ગોમતીપુર રેલ્વે કોલોની થઈ કાળીદાસ ચાર રસ્તા થઈ સરસપુર આંબેડકર હોલ થઈ કાલુપુર બ્રીજ થઈ રેલ્વે સ્ટેશન ઈન ગેટ તથા નરોડા તરફ આવ-જા કરી શકાશે.

૩. કાલુપુર રેલ્વે સ્ટેશન થઈ કાલુપુર સર્કલ થઈ કાલુપુર બ્રીજ થઈ આંબેડકર હોલ થઈ માણેકલાલ મિલ થઈ કાળીદાસ ચાર રસ્તા થઈ ગોમતીપુર રેલ્વે કોલોની થઈ અનુપમ સિનેમા થઈ ગાયત્રી ડેરી થઈ ઝઘડિયા ઓવરબ્રીજ થઈ અપ્સરા સિનેમા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી દાણીલીમડા ચાર રસ્તા સીધા આંબેડકર બ્રીજ થઈ અંજલી સર્કલથી પાલડી થઈ આશ્રમ રોડ ઉપર આવ-જા કરી શકાશે.

# GST સ્લેબમાં ઘટાડાના નિર્ણયને રાજકોટના ઉદ્યોગકારોએ આવકાર્યો

નાના અને મધ્યમ ઉદ્યોગો માટે રાહતરૂપ છે, જે ઉત્પાદન ખર્ચ ઘટાડશે અને સ્પર્ધાત્મક બજારમાં તકો વધારશે

। રાજકોટ, તા.૫ ।

ભારત સરકારે તાજેતરમાં જીએસટી (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ)ના સ્લેબમાં ઘટાડો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેનાથી રાજકોટ સહિત સમગ્ર દેશના ઉદ્યોગકારોમાં આનંદની લાગણી છવાઈ છે. આ નિર્ણય ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે રાહતરૂપ સાબિત થયો છે. રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના હોદ્દેદારોએ આ નિર્ણયને ઉષ્માભેર સ્વાગત કરતાં જણાવ્યું કે, સરકારે આ વર્ષે ઉદ્યોગોને બે મોટી ભેટો આપી છે. એક તરફ ટેક્સના ભારમાંથી રાહત મળી છે, તો બીજી તરફ વ્યવસાયના વિકાસ માટે અનુકૂળ માહોલ ઊભો થયો છે. આ નિર્ણય દિવાળીની સીઝન પહેલાં ઉદ્યોગો માટે ખુશીની લહેર લઈને આવ્યો છે.




રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ પાંચણીએ જણાવ્યું કે, જીએસટીના દરોમાં ઘટાડો ઉદ્યોગો માટે મોટી રાહત લઈને આવ્યો છે. અગાઉ ઉદ્યોગો પર ઊંચા ટેક્સનો ભાર હતો, જેના કારણે સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવું મુશ્કેલ બનતું હતું. હવે ટેક્સ ઘટવાથી ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે, જે મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવી ગતિ લાવશે. આ ઘટાડો નાના ઉદ્યોગોને ખાસ કરીને ફાયદો કરશે, જેઓ હવે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન કરી શકશે અને બજારમાં સ્પર્ધાત્મક ભાવે પોતાની હાજરી નોંધાવી શકશે. એસોસિએશનના ડિરેક્ટર સમીર વૈષ્ણવે જણાવ્યું કે, આ નિર્ણય દિવાળી પહેલાં ઉદ્યોગકારો માટે સૌથી મોટી ભેટ છે. નાના ઉદ્યોગોને આનો સૌથી વધુ લાભ થશે, કારણ કે ઓછા ટેક્સના કારણે તેઓ ઉત્પાદન વધારી શકશે અને બજારમાં સ્પર્ધાત્મક ભાવે ઉત્પાદનો ઓફર કરી શકશે. આનાથી ગ્રાહકોને પણ સસ્તી કિંમતે વસ્તુઓ મળશે, જેના પરિણામે ડિમાન્ડ વધશે અને ઉદ્યોગોને વધુ ઓર્ડર્સ પ્રાપ્ત થશે. આ નિર્ણયથી ગ્રાહકો અને ઉદ્યોગો બંને માટે ડબલ ફાયદો થવાની શક્યતા છે. જીએસટી સ્લેબમાં ઘટાડાના અનેક ફાયદા છે. પ્રથમ, ઉદ્યોગોના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે, જેનાથી તેઓ સ્પર્ધાત્મક ભાવે બજારમાં ટકી શકશે. બીજું, ટેક્સની જટિલતાઓ અને ગુંચવણમાંથી રાહત મળશે, જેના કારણે કાગળદોરી સરળ બનશે અને ઉદ્યોગોનો સમય બચશે. ત્રીજું, ગ્રાહકોને સસ્તા ભાવે ઉત્પાદનો અને સેવાઓ મળશે, જેનાથી બજારમાં માંગ વધશે. ચોથું, આ નિર્ણયથી ભારતીય ઉદ્યોગોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા મજબૂત બનશે, જે દેશના આર્થિક વિકાસને વેગ આપશે. આ ફાયદાઓ ઉદ્યોગોને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં મદદરૂપ થશે.

જોકે, દરેક સિક્કાની બે બાજુ હોય છે. જીએસટીના દરોમાં ઘટાડાથી સરકારની આવકમાં ટૂંકા ગાળામાં ઘટાડો થવાની શક્યતા છે, જેની અસર સરકારી યોજનાઓના બજેટ પર પડી શકે છે. મોટા ઉદ્યોગોનું માનવું છે કે, આ ઘટાડો નાના ઉદ્યોગો માટે ફાયદાકારક હશે, પરંતુ જ્યાં સુધી કાચા માલના ભાવ નિયંત્રણમાં નહીં આવે ત્યાં સુધી સંપૂર્ણ લાભ મળવો મુશ્કેલ છે. ટેક્સ નિષ્ણાતોના મતે, જીએસટી સ્લેબમાં ઘટાડો ઉદ્યોગોને તાત્કાલિક રાહત આપશે, પરંતુ લાંબા ગાળે સરકાર માટે આવકના નવા સ્ત્રોત શોધવાનો પડકાર ઊભો થશે. આ પડકારને પહોંચી વળવા સરકારે યોગ્ય આયોજન કરવું પડશે.

## ચોળાફળીની દુકાનના સમોસાની ચટણીમાંથી નીકળી ગરોળી

। (એજન્સી) અમદાવાદ,તા.૫ ।

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં આવેલી રામદેવ ચોળાફળી નામની એક દુકાન ફરી એકવાર વિવાદમાં આવી છે. આ વખતે, દુકાનમાંથી ખરીદવામાં આવેલા સમોસાની ચટણીમાંથી ગરોળી નીકળ્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ ઘટના ૪ સપ્ટેમ્બરના રોજ બની હતી, જ્યારે એક મહિલા વેજલપુરના શ્રેયસ કોમ્પ્લેક્સ સામે, અક્ષર ડેરી નજીક આવેલી આ દુકાનેથી સમોસા લઈ ઘરે ગઈ હતી. જ્યારે તેમણે સમોસા સાથે આપેલી ચટણી ખોલીને જોઈ, ત્યારે તેમાં તેમને એક ગરોળી દેખાઈ. આ જોઈને તે ચોંકી ઉઠ્યા અને તરત જ આ ઘટનાનો વીડિયો બનાવ્યો, જે હવે ઈન્ટરનેટ પર ઝડપથી ફેલાઈ રહ્યો છે. મહિલાએ તાત્કાલિક દુકાનદારને આ બાબતની જાણ કરી હતી, પરંતુ દુકાનદારે આ વાત સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. દુકાનદારના આ વર્તનથી નારાજ થઈને, ભોગ બનનાર મહિલાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના ફૂડ વિભાગમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

## એકતરફી પ્રેમમાં પાગલ સગીરનો સગીરા ઉપર ચાકુ વડે હુમલો

। (એજન્સી) આણંદ, તા.૫ ।

બોરસદ તાલુકાના કણભા ગામે એકતરફી પ્રેમમાં પાગલ સગીરે સગીરાને મંદિરે મળવા બોલાવ્યા બાદ લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સગીરાએ ફગાવી દેતા ઉશ્કેરાયેલા સગીરે ચપ્પાના ઘા ગળા અને ગાલ પર મારી દીધા હતા. જેને પગલે સગીરાને ગંભીર ઈજા પહોંચી હતી. બાદમા સગીરે પણ પોતાના હાથ પર ચપ્પુના ઘા માર્યા હતા. જેના પગલે તેને પણ હોસ્પિટલમાં ખસેડાયો છે. વિરસદ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. બોરસદ તાલુકાના કણભા ગામે ૧૭ વર્ષની એક સગીરાની સાથે અભ્યાસ કરતો અને ગામનો ભાણેજ સગીર તેને મળ્યો હતો. આ સગીરાને પસંદ કરતો હોવાનું જણાવીલગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ સગીરાએ ઈન્કાર કર્યો હતો. ઝેર પી મરી જવા સહિતની ધમકીઓ પણ આપતો હતો. વધુમાં જો તેણી તેની સાથે લગ્ન નહીં કરે તો તેના લગ્ન બીજા સાથે પણ નહીં થવા દે તેમ કહેતો હતો. દરમિયાન, બુધવારે સવારે તેણી મંદિરે દર્શન કરવા માટે ગઈ હતી તે સમયે સગીર તેને મળ્યો હતો. બોલાવ્યા બાદ થોડે દૂર લઈ ગયો અને પુનઃ તેની પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. જે સગીરાએ ફગાવી દીધો હતો. જેને પગલે સગીર ઉશ્કેરાઈ ખિસ્સામાં રાખેલા ચપ્પાનો ઘા તેના ગળામાં મારી દીધો હતો. બીજો ઘા કરતા તેના ગાલમાં ચપ્પુ વાગી ગયું હતું.સગીરા પર હુમલાના બનાવને પગલે ત્યાં હાજર તેની બેન અને ભત્રીજી ત્યાં આવી ગયા હતા અને તેને છોડાવી હતા. જતા-જતાં સગીરે ધમકીઓ પણ આપી હતી. સગીરાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાઈ છે.

